Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય   તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય




વર્ષ : ૪૭ અંક : ૨૩૨ જૂનાગઢ તા.૧૯-૯-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 232, Junagadh : Date : 19 September, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# આજથી નવી સંસદમાં શ્રીગણેશ : જુના સંસદ ભવનને અલવિદા

## જુના સંસદ ભવનમાં વડાપ્રધાન મોદીએ છેલ્લું સંબોધન કર્યુ : ૭૫ વર્ષની સંસદીય કાર્યવાહીનાં મહત્વનાં પ્રસંગો યાદ કર્યા : ૪ હજાર કાયદા પસાર કરાયા હતા



નવી દિલ્હી તા. ૧૯

આજે ગણેશ ચતુર્થીના પાવન અવસરે, તા. ૧૯ સપ્ટેમ્બરને મંગળવારથી નવા સંસદ ભવનમાં કામગીરી શરૂ થશે. તમામ સાંસદો જૂનાબિલ્ડિંગમાંથી નવાબિલ્ડિંગમાં જશે અને આજથી નવી સંસદમાં કાર્યવાહી શરૂ થશે. તમામ સાંસદો જૂનાભવનમાંથી નવી સંસદમાંજશે અને આજથી નવી સંસદમાં કાર્યવાહીશરૂ થશે. આ પહેલાં સવારે ૯.૫૩ કલાકે પીએમ મોદી, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી સહિત સત્તા અને વિપક્ષના તમામ સાંસદો જૂની સંસદમાં પહોંચી ગયાં હતાં અને ગ્રૂપ ફોટોગ્રાફસ લીધા હતા.

નવી સંસદ ભવન તરફ જતા પહેલા જૂની સંસદના સેન્ટ્રલહોલમાં વિદાય કાર્યક્રમનું આયોજન કરવામાંઆવ્યું હતું. જૂની સંસદના સેન્ટ્રલ હોલમાં વડાપ્રધાન મોદીએ સંબોધન કર્યુ હતું. મોદીએ કહ્યું- આજથી નવી સંસદમાં શ્રીગણેશ કરી રહ્યા છીએ.

પીએમ મોદીએ પોતાના ભાષણની શરૂઆત ગણેશ ચતુર્થીની શુભકામનાઓસાથેકરી હતી. તેમણે કહ્યું કે આપણે નવા સંસદભવનમાં નવા ભવિષ્યના શ્રીગણેશ કરવા જઈ રહ્યા છીએ. આજે, વિકસિત ભારતના સંકલ્પને પુનરાવર્તિત કરીને ફરી એકવાર સંકલ્પબદ્ધ થઈનેતેને પૂર્ણ કરવાના ઈરાદાસાથે નવીસંસદ તરફ આગળ વધી રહ્યા છીએ. એક રીતે આ ભવન અને આ સેન્ટ્રલ હોલ પણ આપણી લાગણીઓથી ભરેલો છે.

આઝાદીપહેલા આ વિભાગનો ઉપયોગ એક પ્રકારની લાઈબ્રેરી તરીકે થતો હતો. બાદમાં અહીં બંધારણ સભાની બેઠક શરૂ થઈ. અહીં ચર્ચા બાદ આપણું બંધારણ ઘડવામાં આવ્યું હતું. અહીં જ ૧૯૪૭માં બ્રિટિશ સરકારે સત્તા સોંપી હતી. આ સેન્ટ્રલ હોલ પણ એ પ્રક્રિયાનો સાક્ષી છે. આપણું રાષ્ટ્રગીત અને તિરંગો પણ અહીં અપનાવવામાંઆવ્યો હતો. અહીંથી જ ચાર હજારથી વધુ કાયદા પાસ કરવામાં આવ્યા હતા.

પીએમ મોદીએ કહ્યું કે મેં લાલ કિલ્લા પરથી કહ્યું હતું - આ જ સમય છે, આ યોગ્ય સમય છે. એક પછી એક ઘટનાઓ પર નજર કરીએ તો દરેક ઘટના એ વાતની સાક્ષી છે કે આજે ભારત એક નવી ચેતના સાથે જાગ્યું છે.

ભારત એક નવી ઉર્જાથી ભરેલું છે. આ ચેતના અને ઉર્જા કરોડો લોકોના સપનાઓને સંકલ્પોમાં પરિવર્તિત કરી શકે છે અને તે સંકલ્પોને વાસ્તવિકતામાં ફેરવી શકે છે.

સંસદને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ૧૯૪૭માં અહીં બ્રિટિશ સરકારે સત્તા સોંપી હતી. આ સેન્ટ્રલ હોલ પણ એ પ્રક્રિયાનો સાક્ષી પણ છે. આ જ સંસદમાં મુસ્લિમ બહેનો અને દીકરીઓની ન્યાયની જે રાહ હતી, શાહબાનો કેસને કારણે કંઈક અંશે ગાડી પાટા પરથી ઉતરી ગઈ હતી. આ ગૃહે આપણી તે ભૂલ સુધારી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત કોંગ્રેસનાં વરીષ્ઠ નેતાઓ અધીરરંજન ચૌધરી, મલ્લીકાર્જુન ખડગે, લોકસભાનાં અધ્યક્ષ ઓમ બિરલા, રાજ્યસભાનાં ઉપાધ્યક્ષ જગદીશ ધનખડ વગેરેએ પ્રસંગોચિત સંબોધન કર્યા હતા.

## મહિલા આરક્ષણ બીલ : નવી સંસદ નવી શરૂઆત...

### લોકસભાની ૫૪૩ બેઠકોમાંથી ૧૮૦ બેઠકો મહિલાઓ માટે અનામત થઈ જશે



નવી દિલ્હી તા. ૧૯

નવા સંસદ ભવનમાં કાર્યવાહીની શરૂઆત ઐતિહાસીક મહિલાઆરક્ષણ બીલથી કરવામાં આવશે. આ બીલ પસાર થઈ જશે ત્યારે દેશની તમામ લોકશાહી સંસ્થાઓ સંસદથી લઈ ગ્રામ પંચાયત સુધી મહિલાઓ માટે ૩૩ ટકા અનામત થઈ જશે. હાલમાં પંચાયત સ્તરે તો ૩૩ ટકા અનામત લાગુ છે પરંતુ હવે દેશની તમામ રાજ્યની વિધાનસભાઓ અને લોકસભામાં ૩૩ ટકા મહિલા અનામત લાગુ થઈ જશે.

જો સંસદના વિશેષ સત્રમાં મહિલા અનામતને મંજૂરી આપવામાં આવે તો લોકસભાની ૫૪૫ બેઠકોમાંથી લગભગ ૧૮૦ બેઠકો પર મહિલાઓનું પ્રતિનિધિત્વ થશે, એટલે કે ૩૩ ટકા. આ સંદર્ભમાં, આંધ્ર પ્રદેશમાં લોકસભાની ૨૫માંથી ૮ બેઠકો પર મહિલાઓનો કબજો હશે. આસામમાં ૧૪માંથી ૫ સીટો, બિહારમાં ૪૦માંથી ૧૪ સીટો, છત્તીસગઢમાં ૧૧માંથી ૪ સીટો, ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો છે, ૩૩ ટકાના હિસાબે ૯ બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે, હરિયાણામાં ૧૦માંથી ૪ બેઠકો અને હિમાચલમાં ૪ બેઠકોમાંથી લગભગ ૧ બેઠક મહિલાઓ માટે અનામત રાખવામાં આવશે. જમ્મુમાં લોકસભાની ૫ બેઠકો છે, જેમાંથી ૨ મહિલાઓ માટે અનામત રાખી શકાય છે, ૧૬ બેઠકો સાથે ઝારખંડમાં આ આંકડો ૫ સુધી પહોંચી શકે છે, કર્ણાટકમાં ૨૮ બેઠકોમાંથી ૯ અને કેરળમાં ૨૦માંથી ૭ બેઠકો મહિલાઓ માટે આરક્ષિત થઈ શકે છે. . મધ્યપ્રદેશમાં ૨૯માંથી ૧૦ બેઠકો મહિલાઓ માટે આરક્ષિત થઈ શકે છે, જયારે મહારાષ્ટ્રમાં આ આંકડો ૪૮ બેઠકો સામે ૧૬ સુધી પહોંચી શકે છે, દિલ્હીમાં ૭માંથી ૨ બેઠકો અને ઓડિશામાં ૨૧ બેઠકો પૈકી ૭ બેઠકો, પંજાબમાં લોકસભાની ૧૩માંથી ૪ બેઠકો અનામત રાખવામાં આવી શકે છે, જયારે રાજસ્થાનમાં ૨૫માંથી ૮ બેઠકો મહિલાઓ માટે આરક્ષિત થઈ શકે છે, તમિલનાડુમાં ૩૯ લોકસભા બેઠકો છે, અનામત મુજબ, ૧૩ બેઠકો મહિલાઓ માટે અનામત રાખી શકાય.

અમોને જણાવતા આનંદ થાય છે કે



"મા"- પી એમ જે એ વાય યોજનામાં ૧૫૦૦૦+ દર્દીઓની સફળતાપૂર્વક સારવાર કરેલ છે.

વધુ માહિતી માટે :
95861 44344

WOCKHARDT HOSPITALS | LIFE WINS

## ભારત - કેનેડાનાં સંબંધો વણસ્યા : બંને દેશોએ રાજદૂતોની હકાલપટ્ટી કરી

### કેનેડામાં ખાલીસ્તાની આતંકવાદી હરદીપસિંહ નીજ્જરની હત્યા ભારતીય સરકારી એજન્ટોએ કરી હોવાનાં ટ્રુડોનાં આક્ષેપોને ભારતે ફગાવી દીધા





ઓટાવા તા. ૧૯

જી-૨૦ સમિટમાં કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રૂડો ભારતના અતિથિ બન્યા હતા અને તેમણે મહેમાનગતિ માણી હતી. કેનેડાના વડાપ્રધાન ટ્રૂડોએ ભારતમાં સારી-સારી વાતો કરીને હવે કેનેડા પહોંચીને પોત પ્રકાશ્યું છે. જસ્ટીન ટ્રૂડોએ કેનેડાની સંસદમાં જણાવ્યું કે, શીખ સમુદાયના નેતા હરદીપ સિંહ નિજ્જરની હત્યા ભારતે કરાવી છે. કેનેડાની સરકારે ભારતના ડિપ્લોમેટને કેનેડામાંથી કાઢી મૂક્યા તો ભારતે પણ આ મામલે કડક વલણ અપનાવ્યું છે. ભારતે કહ્યું કે, ખાલિસ્તાની આતંકવાદથી ધ્યાન હટાવવા કેનેડા સરકાર આવું કરે છે. ભારતે પણ કેનેડાના હાઈકમિશનરને દેશમાંથી કાઢી મૂક્યા છે.

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ ભારત સરકાર પર એક શીખ નેતાની હત્યાનો આરોપ લગાવ્યો છે. ટ્રૂડોએ સોમવારે કેનેડાની સંસદમાં જણાવ્યું હતું કે ભારતીય સરકારી એજન્ટોએ જૂન મહિનામાં કેનેડાના બ્રિટિશ કોલંબિયામાં શીખ સમુદાયના નેતા હરદીપ સિંહ નિજ્જરની હત્યા કરી હતી.

ટ્રૂડોએ એમ પણ કહ્યું હતું કે ૯-૧૦ સપ્ટેમ્બરના રોજ ભારતમાં યોજાયેલી જી-૨૦ બેઠક દરમિયાન તેમણે આ મુદ્દો ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે કેનેડા સરકાર દ્વારા મળેલી ગુપ્ત માહિતીના આધારે તેઓ આ પ્રકારના આરોપો લગાવી રહ્યા છે.

તે જ સમયે કેનેડાના વિદેશ પ્રધાન મેલાની જોલીએ માહિતી આપી હતી કે કેનેડાની સરકારે એક ભારતીય રાજદ્વારીને દેશનિકાલ કર્યા છે, જે કેનેડામાં ભારતીય ગુપ્તચર વિભાગના વડા હતા. જો કે જોલીએ આ રાજદ્વારી વિશે કોઈ માહિતી આપી નથી.

ટૂડોએ સાંસદોને કહ્યું કે કેનેડાની ધરતી પર કેનેડિયન નાગરિકની હત્યામાં કોઈપણ વિદેશી સરકારની સંડોવણી આપણા દેશની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન છે. તેમણે કહ્યું કે તેઓ આ હત્યાની તપાસમાં સહયોગ આપવા માટે ભારત સરકાર પર દબાણ લાવશે. વડાપ્રધાન ટ્રૂડોએ કહ્યું કે કેનેડામાં રહેતા ભારતીય મૂળના શીખોની મોટી વસ્તી આ હત્યાથી નારાજ છે. ઘણા શીખો તેમની સુરક્ષા માટે ડરમાં છે. કેનેડામાં ભારતીય મૂળના ૧૪ થી ૧૮ લાખ નાગરિકો છે, જેમાંથી ઘણા શીખ છે. કેનેડાની વિપક્ષી પાર્ટી ન્યૂ ડેમોક્રેટિક પાર્ટીના નેતા જગમીત સિંહ શીખ સમુદાયમાંથી છે.

ભારતે કેનેડા દ્વારા લગાવવામાં આવેલા તમામ આરોપોને ફગાવી દીધા છે. વિદેશ મંત્રાલયે કહ્યું- કેનેડાના તમામ આરોપો વાહિયાત છે. આ પ્રકારના આરોપ કેનેડાના વડાપ્રધાને પીએમ મોદી સમક્ષ પણ જણાવ્યા હતા. આ આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢવામાં આવ્યા હતા. આવા પાયાવિહોણા આરોપો ખાલિસ્તાની આતંકવાદીઓ અને ઉગ્રવાદીઓથી ધ્યાન હટાવવાનો પ્રયાસ છે. તેમને કેનેડામાં આશરો આપવામાં આવ્યો છે અને તે ભારતની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા માટે જોખમી છે.

કેનેડા અને ભારત વચ્ચેના સંબંધો પહેલાંથી જ તંગ છે. કેનેડાના પીએમના આ આરોપથી બંને દેશો વચ્ચેના સંબંધો બગડવાની શક્યતા છે.

આ મહિનાની શરૂઆતમાં કેનેડાએ ભારત સાથેના વેપાર સોદા અંગેની વાતચીત બંધ કરી દીધી હતી. તે જ સમયે, જી-૨૦ દરમિયાન, પીએમ મોદીએ જસ્ટિન ટ્રૂડો સાથે દ્વિપક્ષીય વાતચીત કરવાનો ઈનકાર કર્યો હતો.

## સમાચાર રાઉન્ડ અપ

- ફિનલેન્ડ સતત છઠ્ઠી વખત વિશ્વનો સૌથી ખુશ દેશ જાહેર થયો
- કેન્દ્રીય કેબીનેટે મહિલા અનામત ખરડાને મંજુરી આપી દીધી
- પાક. કબ્જાગ્રસ્ત કાશ્મીરમાં વધુ એક સર્જીકલ સ્ટ્રાઈક કરવા ભારત દ્વારા તૈયારી
- જીએસટી ચોરીનાં મામલે ૧.૨૫ લાખ બોગસ કંપનીઓ વિરૂધ્ધ તપાસનાં આદેશો
- સેક્સ વિના લગ્ન અભિષાપ છે : દિલ્હી હાઈકોર્ટ
- મુસ્લીમ પર્સનલ લો બોર્ડ મુસ્લીમ મહિલાઓને પિતાની મિલકતમાં હિસ્સો અપાવશે
- આદિત્ય એલ-૧એ ૫૦ હજાર કી.મી. દુર પહોંચી કામગીરી શરૂ કરી
- અમેરીકાનું આધુનીક ફાઈટર જેટ એફ-૩૫ ગુમ થયા બાદ કાટમાળ મળ્યો

ફલેટ વેચવાનો છે

2 BHK ડાઈનીંગ, ફલેટ
2BHK ડાઈનીંગ, નોબલ ટાવર નહેરૂપાર્ક,
દલાલભાઈ આવકાર્ય
મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦

તમામ પ્રકારનાં હઠીલા રોગોની
આર્યુવેદીક પદ્ધતિથી
સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો..
સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારેછે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેકગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ



# શનિવારે ૧૨ કલાકનો દિવસ, ૧૨ કલાકની રાત્રી

## રવિવારથી ક્રમશઃ દિવસ ટૂંકો અને રાત્રિ લાંબી થશે : રાજકોટમાં દિવસ ૧૨ કલાક ૦૪ મિનિટનો રહેશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૯

આગામી શનિવાર તા.૨૩મી સપ્ટેમ્બરે દિવસ-રાત સરખાનો લોકો અનુભવ કરવાના છે. તેમાં સૂર્યનો ક્રાંતિવૃત્ત અને આકાશી વિષુવવૃત્ત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ છેદ બિંદુને સંપાત દિવસ કહેવામાં આવે છે. ભારતના લોકોએ માર્ચની ૨૧મીએ દિવસ અને રાત સરખા હોવાનો અનુભવ કર્યો હતો અને તા.૨૧મી જુને લાંબામાં લાંબો દિવસનો અહેસાસ કર્યા પછી શનિવાર તા.૨૩મી સપ્ટેમ્બરે શરદસંપાતના કારણે દિવસ અને રાત સરખા હોવાનો અદ્દભુત અનુભવ માણવા મળશે. ૧૨ કલાકનો દિવસ અને ૧૨ કલાકની રાત્રી શનિવારે જોવા મળશે. આ ખગોળીય ઘટના વસંતસંપાત પછી શરદસંપાત ઘટનાનો લાભ લેવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ લોકોને અપીલ કરી છે. જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે, તા.૨૩મી સપ્ટેમ્બરના દિવસને શરદસંપાત તરીકે ઓળખાય છે. રાજકોટમાં સૂર્યોદય સવારે ૬ કલાકને ૩૬ મિનિટ અને સૂર્યાસ્ત સાંજે ૬ કલાકને ૪૦ એટલે દિવસ ૧૨ કલાકને ૦૪ મિનિટનો રહેશે. અમદાવાદમાં સૂર્યોદય ૬ કલાકને ૨૯ મિનિટ અને સૂર્યાસ્ત ૬ કલાકને ૩૪ મિનિટ એટલે દિવસ ૧૨ કલાકને ૫ મિનિટ, સુરતમાં સૂર્યોદય ૬ કલાકને ૨૯ મિનિટ, થરાદમાં સૂર્યોદય ૬ કલાકને ૩૪ મિનિટ સૂર્યાસ્ત ૬ કલાકને ૩૫ મિનિટ, મુંબઈમાં સૂર્યોદય ૬ કલાક ૨૮ મનિટ ૩૮ સેકન્ડ સૂર્યાસ્ત ૬ કલાકને ૩૪ મિનિટ ૧૩ સેકન્ડ સામાન્ય રીતે ૧૨ કલાકને દિવસ-રાત્રી રહેશે. દિવસ-રાત સરખા હોવામાં સામાન્ય ૩ મિનિટથી ૭ મિનિટનો તફાવત ધ્યાને રાખી અંકગણિત કરવાનું રહેશે. અપર અને સૂક્ષ્મ ગણિત આધારે ગણત્રી કરવામાં આવી છે. વધુમાં પંડયાએ જણાવ્યું કે, પૃથ્વી પોતાની ધરી આસપાસ ૨૩.૫ અંશે નમેલી-ઝુકેલી હોય છે. પૃથ્વીનું માથું દક્ષિણ અને ઉત્તર તરફ નમેલું હોવાના કારણે પૃથ્વીવાસીઓને ગરમી અને ઠંડી વિવિધ આબોહવાનો અનુભવ સૂર્યના કિરણોના કારણે જોવા મળે છે. ૩૬૫ દિવસમાં દિવસ-રાત સરખા બે વખત અને લાંબો દિવસ અને રાત લાંબી બાદ રાત્રી ટૂંકી અને દિવસ ટૂંકાનો અનુભવ ખગોળીય ઘટનાના કારણે જોવા મળે છે જેમાં સંપાતની મહત્વની ભૂમિકા છે. જાથાના જયંત પંડ્યાએ વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું કે, સામાન્ય રીતે સપ્ટેમ્બર માસ સમપ્રકાશીય ઉત્તર ગોળાર્ધમાં રહેતા કોઈપણ માટે પાનખરનો પ્રથમ દિવસ અને દક્ષિણ ગોળાર્ધમાં રહેતા કોઈપણ માટે વસંતનો પ્રથમ દિવસ દર્શાવે છે. વિષુવવૃત્તના દિવસે, પૃથ્વી ઉપર દરેક જગ્યાએ દિવસ અને રાત્રિના લગભગ ૧૨ કલાક હોય છે, કારણ કે રાશિચક્રના નક્ષત્રોમાંથી સૂર્યની વાર્ષિક યાત્રા તેને અવકાશી વિષુવવૃત્ત ઉપર લઈ જાય છે. ઈકિવનોકસ શબ્દ લેટિન શબ્દો **aequus** (**equal**) (સમાન) અને **nox** (રાત) ઉપરથી આવ્યો છે. તમે પૃથ્વી ઉપર જયાં પણ રહો છો, વિષુવવૃત્તિના દિવસે સૂર્ય ક્ષિતિજ ઉપરના બિંદુથી ઉગે છે જે પૂર્વમાં આવેલું છે અને તે બિંદુની નીચે આવશે. જે પશ્ચિમમાં આવેલું છે. વિષુવવૃત્ત એટલા માટે થાય છે કે કારણકે પૃથ્વીની સ્પિનની ધરી - તેની ધ્રુવીય ધરી - સૂર્યની ફરતે તેની ભ્રમણકક્ષાના સમતલમાં ૨૩.૫૦ ના ખૂણા ઉપર નમેલી છે. પૃથ્વીની સ્પિન અક્ષની દિશા અવકાશમાં નિશ્ચિત રહે છે કારણકે તે સૂર્યની આસપાસ પરિભ્રમણ કરે છે, જયારે પૃથ્વીની સૂર્ય તરફની દ્રષ્ટિ રેખા રાશિચક્રના નક્ષત્રોમાંથી પસાર થાય છે. પરિણામે, કેટલીકવાર પૃથ્વીનો ઉત્તર ધ્રુવ સૂર્ય તરફ (જૂનમાં) નમેલું હોય છે, અને કયારેક તે તેનાથી દૂર (ડિસેમ્બરમાં) નમેલું હોય છે. આ પૃથ્વીની ઋતુઓને જન્મ આપે છે. એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે અયનકાળ વચ્ચેના મધ્યવર્તી બિંદુઓ ઉપર, લગભગ ૨૧ માર્ચ અને ૨૩ સપ્ટેમ્બરના રોજ સૂર્ય પૃથ્વીના વિષુવવૃત્ત ઉપર સીધો રહે છે. માર્ચમાં, સૂર્ય વિષુવવૃત્ત ઉપર ઉત્તર તરફ પ્રવાસ કરે છે અને સપ્ટેમ્બરમાં તે દક્ષિણ તરફ પ્રયાણ કરે છે. પૃથ્વી દર ૩૬૫.૨૪૨ દિવસમાં એકવાર સૂર્યની પરિક્રમા કરે છે, અને આ તે સમયગાળો છે જેમાં અયન અને સમપ્રકાશીય ચક્ર અને પરિણામે પૃથ્વીની તમામ ઋતુઓ એક વર્ષથી બીજા વર્ષમાં પુનરાવર્તિત થાય છે. લીપ વર્ષ ન હોય તેવા કોઈપણ વર્ષમાં, સમપ્રકાશીય લગભગ ૫ કલાક અને ૪૮ મિનિટ - એક દિવસના એક કવાર્ટરથી ઓછા સમયમાં - પછીથી એક વર્ષથી બીજા વર્ષ સુધી થાય છે. આ જ કારણ છે કે જો દર ચોથા વર્ષમાં ૨૯ ફેબ્રુઆરીના રોજ વધારાનો દિવસ દાખલ કરવામાં ન આવે તો ઋતુઓમાં ઘણો જ ફેરફાર થઈ શકે છે. જયારે સપ્ટેમ્બર સમપ્રકાશીય દર વર્ષે આવે છે. મહિનાની શરૂઆતમાં ચાર-વર્ષના ચક્રનો ધીમે ધીમે પ્રવાહ દર વર્ષે એક દિવસના એક કવાર્ટર કરતાં ૧૨ મિનિટ ઓછી થવાને કારણે થાય છે. સપ્ટેમ્બર સમપ્રકાશીય સમયે, સૂર્ય લગભગ બરાબર ૧૨ કલાકનું જમણું આરોહણ ધરાવે છે. આનું કારણ એ છે કે જમણા આરોહણના શુન્ય બિંદુને માર્ચ સમપ્રકાશીયની ક્ષણે સૂર્યના કેન્દ્રની સ્થિતિ દ્વારા વ્યાખ્યાતિ કરવામાં આવે છે. સપ્ટેમ્બરમાં, સૂર્ય આકાશમાં આ બિંદુની લગભગ બરાબર વિરૂદ્ધ સ્થિત હોય છે. વ્યવહારમાં સૂર્યનું જમણું ઉર્ધ્વગમના બરાબર ૧૨ કલાક નથી, કારણકે અવકાશમાં પૃથ્વીની સ્પિન અક્ષની દિશા સંપુર્ણપણે સ્થિર નથી. પૃથ્વી ભ્રમણ દર્શક યંત્રની જેમ ફરે છે, જેના કારણે સમપ્રકાશીયનું સ્થાન દર વર્ષે લગભગ ૫૦ આર્કસેકન્ડના દરે આકાશમાં સરકતું રહે છે. અવકાશી સંકલન સામાન્ય રીતે યુગ કાળ J૨૦૦૦.૦ નામની સિસ્ટમમાં લખવામાં આવે છે, જયાં ૧ જાન્યુઆરી, ૨૦૦૦ ના રોજ મધ્યરાત્રિએ પૃથ્વીના પરિભ્રમણ અક્ષની દિશા ઉપર જમણા આરોહણનું શુન્ય બિંદુ આધારિત હોય છે. વિશેષમાં જયંત પંડયા જણાવે છે કે પૃથ્વીની ઝુકેલી ધરીને કારણે પૃથ્વી ઉપર અસામાન્ય આબોહવાના ફેરફારો, દિવસ-રાત, ગરમી-ઠંડી વિગેરે અનુભવ ભૌગોલિક પરિસ્થિતિથી જોવા મળે છે. પૃથ્વીની ધરી સીધી હોત તો દિવસ-રાત બાર-બાર કલાકના અને ઋતુઓનો અનુભવો કરવો મુશ્કેલ-દુષ્કર બની જવાનો હતો. દિવસે સૂર્ય માત્ર પૃથ્વીની ક્ષિતિજે ઘુમતો જોવા મળત પરંતુ તેવું નથી. શનિવારે દિવસ-રાત સરખાની ખગોળીય ઘટના બનવાની છે. અંતમાં સામાન્ય મિનિટના તફાવત વચ્ચે ૧૨-૧૨ કલાકનો દિવસ-રાત સરખાની ખગોળીય ઘટના બનવાની છે તેનો અનુભવ કરવા જાથાની યાદીમાં જણાવાયુંછે.

## સ્વાતંત્ર્ય સંગ્રામની ગણેશ ચેતના ઝીલવામાં સોમનાથ અને રાજકોટ અગ્રેસર હતું : ગણપતિ ઉત્સવ ઉજવણી પર્વે સંભારણા

(મીનાક્ષી ભાસ્કર વૈદ દ્વારા)

પ્રભાસ પાટણ તા.૧૯

નવદસકાના અતિતની વાત કરીએ તો ૧૯૩૦માં રાજકોટના પંચનામ મંદિરના એક રૂમમાં મહારાષ્ટ્ર મંડળે પ્રથમ ગણેશોત્સવનો પ્રારંભ કર્યો હતો. પરંતુ ૧૯૫૫માં અતિવૃષ્ટી થતાં ગણેશોત્સવનો બધોય સામાન પલળી ગયો અને ખુબ જ નુકશાન થયું.

પછી મોટી ટાંકી પાસે મહારાષ્ટ્રીયન ચિત્રે પરીવારની વિશાળ જગ્યામાંના એક રૂમમાં સાર્વજનિક ગણેશોત્સવનું આયોજન થતું અને તે વખતેના રાજકોટ કાપડમીલમાં કામ કરતા મરાઠી મિસ્ત્રી ચૌહાણ દાદા ભગવાન ગણેશની મુર્તીઓ બનાવતા અને ૧૯૮૮માં મોટી ટાંકી પાસે યોગી ટાવકનું નિર્માણ શરૂ થયું જેથી ત્રણ વર્ષ માટે ગાયકવાડી ખાતે મહારાષ્ટ્ર મંડળ ગણેશઉત્સવ ઉજવતું. ૧૯૯૧માં યોગી ટાવરનું બાંધકામ પુરૂ થયું પછી ત્યાં જ ઉજવાતો અને ત્રિકોણબાગ પાસે બધાય ગણપતિ વિસર્જન માટે ભેગા થતા અને રામનાથ ઘાટ ખાતે તે સમયમાં ગણપતિ વિસર્જન કરાતું. પછીના સમયમાં ગણપતિનું કદ વધ્યું અને રામનાથ ઘાટ ખાતે પાણી ઊંડુ ન હોવાથી કયારેક ખોખડદડી નદીમાં પણ ગણપતિ વિસર્જન કરાતું. રાજકોટ ગણેશોત્સવ ઉજવવા ૧૯૩૦માં મહારાષ્ટ્ર મંડળના પરશુરામ ગોપારાવ મથુરકરે અને ઘનશ્યામ નારાણદાસ પંડિત સહિતે મહારાષ્ટ્ર મંડળની સ્થાપના કરેલ. તે સમયમાં રાજકોટના પોલીસ હેડ કવાર્ટરમાં ગણેશ સ્થાપના કરાતી અને તે સમયના પોલીસ કમિશ્નરો ગણેશ ઉત્સવનો મંગળ પ્રારંભ કરાવતા. સોમનાથખ પ્રાચીન અહલ્યાબાઈ મંદિર સોમનાથના તત્કાલીન પુજારી ટમુભાઈ અને મનુભાઈ મહારાષ્ટ્રીય હતા જેઓ આજથી નવ દસકા પહેલાં તેમને ઘેરે ગણપતિ સ્થાપના કરતા અને સ્નેહીદજનો દર્શન કરવા જતા તો નૂતન સોમનાથ મંદિર નિર્માણ થયા પછી તેના પ્રથમ પુજાર વાસુદેવ મોઢે અને મધુ મોઢે મહારાષ્ટ્રીય તથા ઈન્જીનીયર રાવ સાહેબ પણ પોતાનો ઘેરે ગણેશ સ્થાપના કરતા તે સ્નેહીજનો દર્શને જતા. વેરાવળમાં રમેશ ચોપડકરે સાર્વજનિક ગણેશ ઉત્સવનો પ્રારંભ કર્યો અને ૧૯૮૮ સુધી અનેકવિધ કાર્યક્રમો પુજન સાથે સંચાલન કર્યું.

## ખંભાળિયા બન્યું ગણપતિમય : અનેક વિસ્તારોમાં દુંદાળા દેવને સ્થાપિત કરાયા



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૯

વિઘ્નહર્તા દેવ ગણપતિના મહાપર્વ એવા ગણેશોત્સવની ખંભાળિયામાં ભક્તિભાવ પૂર્વક ઉજવણી માટેની તૈયારીઓને આખરી ઓપ અપાઈ ગયો છે. શહેર તથા આસપાસના વિસ્તારોમાં વિઘ્નહર્તા દેવને સ્થાપિત કરી, પૂજન અર્ચન માટેના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.

ખંભાળિયા શહેરના નવાપરા, રામનાથ સોસાયટી, જુની મહાજન વાડી, સહિતના સ્થળોએ ગણપતિ સ્થાપન સહિતના ધર્મમય કાર્યક્રમ યોજવામાં આવ્યા છે. છેલ્લા બાર વર્ષથી અહીંના પોસ વિસ્તાર નવાપરા ખાતે નવાપુરા યુવક મંડળ દ્વારા ગણેશ ઉત્સવ પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી આવે છે.

આ વખતે પણ શેરી નંબર ૬ પાસે આવેલા રામદેવપીરના મંદિર નજીક મંગળવાર તારીખ ૧૯ થી શુક્રવાર તારીખ ૨૯ સુધી ૧૧ દિવસના ગણપતિ સ્થાપનના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. જેમાં દરરોજ વિવિધ પ્રકારના દર્શન તેમજ પૂજન અર્ચન વચ્ચે રવિવાર તા. ૨૪ ના રોજ વિશિષ્ટ પ્રકારની રંગોળી અને આ જ સ્થળે રાત્રે ૧૦ વાગ્યે ગાયત્રી ગરબા મંડળના ઉપક્રમે શ્રીનાથજીની ઝાંખી સહિતના વિવિધ કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

અહીંના રામનાથ વિસ્તારમાં ગરબી ચોક પાસે રામનાથ સોસાયટી મિત્ર મંડળના ઉપક્રમે "રામનાથ કા રાજા" ગણપતિની મંગળવારે સ્થાપના કરવામાં આવશે. જેમાં બુધવારે દીપમાળા તથા ફ્રુટનો અન્નકૂટ, શુક્રવારે શ્રીનાથજીની ઝાંખી તથા શનિવાર તારીખ ૨૩મી ના રોજ શોભાયાત્રા સાથે ધામધૂમપૂર્વક ગણપતિ વિસર્જનના કાર્યક્રમોનું આયોજન થયું છે.

આ ઉપરાંત ગાડીત પાળા યુવક મંડળ દ્વારા અહીંની જૂની મહાજન વાડી ખાતે ત્રણ દિવસના ગણપતિ સ્થાપનમાં આરતી, પૂજન અર્ચન તથા અન્નકૂટના દર્શન યોજવામાં આવ્યા છે. અત્રે દતાણીનગર વિસ્તારમાં સિદ્ધિવિનાયક ગ્રુપ દ્વારા તારીખ ૧૯થી ૨૩ સુધી ગણપતિ સ્થાપનનું સુંદર આયોજન થયું છે.

આ સાથે શહેર સાથે તાલુકાના જુદાજુદા વિસ્તારોમાં ગણપતિ મહોત્સવ યોજવામાં આવશે. આટલું જ નહીં, અનેક ભક્તો પોતાના ઘરે ત્રણ દિવસ, પાંચ દિવસ કે સાત દિવસના ગણપતિ લાવી અને પુણ્યનું ભાથું બાંધશે.

## ભાણવડ પંથકની સગીરાને અડપલા કરતા શખ્સને પાંચ વર્ષની સખત કેદ : ખંભાળિયાની સ્પે. પોક્સો કોર્ટનો ચુકાદો

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૯

ભાણવડ પંથકમાં રહેતા એક પરિવારની ૧૭ વર્ષની સગીર પુત્રીને તેની સાથે ઓળખાણ ધરાવતા વિનોદ દયાળજી કવા સાથે ફોનમાં વાત કરતા ઓળખાણ થઈ હતી. ગત તારીખ ૧૮ જુલાઈ ૨૦૨૦ ના રોજ આ સગીરા ખેતી કામ કરતી હોય, તે દરમિયાન કામ સબબનું બહાનું કરી અને ગયેલી સગીરા ઘરે પરત ના ફરતા આ સગીરાની શોધખોળ દરમિયાન સગીરાના પરિવારજનોને તેના ઘરે રાખવામાં આવેલો એક મોબાઈલ ફોન મળી આવ્યો હતો. આ ફોનનું સીમકાર્ડ ગીતાબેન કવાના નામનું હતું. જે મોબાઈલ ફોન વિનોદ દયાળજી કવાનો હોય, તેના ઉપર ફોન તથા તપાસ કરતા આ આરોપી તેના ઘરે પણ મળી આવ્યો ન હતો. આમ, આ પ્રકરણમાં આરોપી વિનોદ કવા ૧૭ વર્ષીય સગીરાનું અપહરણ કરીને લઈ ગયો હોવાનું ખુલવા પામ્યું હતું. જે અંગે નોંધાયેલી પોલીસ ફરિયાદ બાદ ભાણવડ પોલીસે અપહરણ તથા પોક્સો એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, તપાસ આદરી અને આરોપીની ધરપકડ કરી લીધી હતી.

આ સમગ્ર કેસ ખંભાળિયાની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલી જતા અહીંના સરકારી વકીલ એલ.આર. ચાવડા દ્વારા જુદા જુદા ૨૧ સાહેદોની તપાસ, ભોગબનનાર તથા ફરિયાદીની જુબાની, એફએસએલનો અહેવાલ વિગેરેને ધ્યાનમાં લઈ અને સગીરા સાથે કરવામાં આવેલા અડપલાની કલમ ૩૫૪ (એ) (૧,૨), પોકસો એક્ટ વિગેરેની કલમમાં આરોપી પાંચ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૦,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

ભોગ બનનારની ઉંમર બનાવ સમયે સગીર વયની હોય, તેણીના સામાજિક, આર્થિક તથા માનસિક પુનર્વસન માટે ભોગ બનનારને વીટનેસ કમ્પન્સેશન સ્કીમ હેઠળ રૂપિયા એક લાખનું વળતર ચૂકવવા માટે પણ અદાલતે હુકમ કર્યો છે.

## ઊના પોલીસે રિક્ષાના ચોર ખાનામાંથી વિદેશી દારૂની ૫૭ બોટલ સાથે દીવના રીક્ષાચાલકને ઝડપ્યો

(નવીન જોષી દ્વારા)

ઉના તા.૧૯

ઊના ના પોલીસ ઈન્સ્પેકટર એન.કે. ગૌસ્વામી ને બાતમી મળતાં સર્વેલન્સ ના પી.એસ.આઈ. સી.બી. જાડેજા. એ.એસ.આઈ.ડી.કે. પરમાર, પ્રદીપસિંહ હરિસિંહ રાયજાદા, અભેસિંગ ભગવાન ભાઈ ચોહાણ અને સ્ટાફે નાકા બંધી કરી નાલિયા માંડવી ચેક પોસ્ટ પાસે વાહન ચેકીંગ કરતા ઘોઘલા તરફ થી આવતી પેસેન્જર રિક્ષા નંબર **GJ-03-AW-5424**ને રોકવી ચાલક કામરૂ રિયાઝ કાસમ ભાઈ રે. દીવ વાળની પૂછપરછ કરતા રિક્ષા મા તપાસ કરતા રિક્ષા માં ચોરખાનું બનાવી તેમાં છુપાવેલ પર પ્રાંત ની ઈંગ્લીશ દારૂ ની બોટલ નગ ૫૭ નીકળી હતી જેની કિંમત રૂા. ૨૬૪૦૦ તેમજ રિક્ષા કિં.રૂા. ૫૦૦૦૦ અને એક મોબાઈલ ફોન કિ.રૂા.૧૦૦૦૦ મળી કુલ રૂપિયા ૮૬૪૦૦ના મુદામાલ સાથે ઝડપી ઊના પોલીસસ્ટેશને લાવી ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી.



## ગીર ગઢડાના નાના સમઢિયાળા ગામે જુગાર રમતા ચાર જુગારીઓને ઊના પોલીસે ઝડપી લીધા

(નવીન જોષી દ્વારા)

ઉના તા.૧૯

ઊના ના પોલીસ ઈન્સ્પેકટર એન.કે. ગૌસ્વામી ને બાતમી મળી હતી કે ગીર ગઢડા તાલુકાના નાના સમઢિયાળા ગામે જુગાર રમાતો હોય સર્વેલન્સ ટીમ ના પી. એસ. આઈ.સી.બી. જાડેજા, પ્રદીપ સિંહ હરિસિંહ રાયજાદા હેડ કોન્સ્ટેબલ એમ. જે. વાળા અને પોલીસ સ્ટાફે નાના સમઢિયાળા ગામે પહોંચી રેડ કરતા જાહેર મા રૂપિયા ની હાર જીત નો જુગાર રમતા માલા ઘેલા પરમાર, ભીખુ રાણા ખસિયા, વિક્રમ હનું પરમાર, ભીખા બાપુભાઈ ખસિયા રે. તમામ નાના સમઢિયાળા ને રોકડા રૂપિયા ૨૭૫૦૦ સાથે પકડી ઊના પોલીસ સ્ટેશને લાવી ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી.

## ખંભાળિયા નગરપાલિકાના નવનિયુક્ત પ્રમુખને શુભેચ્છાઓ પાઠવતા રઘુવંશી આગેવાનો



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૯

ખંભાળિયા નગરપાલિકાના તાજેતરમાં બિનહરીફ રીતે વરાયેલા નવનિયુક્ત યુવા પ્રમુખ રચનાબેન મોટાણીને ખંભાળિયા શહેર સાથે સમગ્ર રઘુવંશી સમાજ દ્વારા આવકાર આપવામાં આવ્યો છે. આ મહત્વની જવાબદારી મળવા બદલ અહીંના પીઢ પત્રકાર રમણીકભાઈ રાડિયા, રાજકોટના જાણીતા ગાયનેક તબીબ ડો. નીતિનભાઈ લાલ તથા રીનાબેન લાલ (મનન હોસ્પિટલ વારા) સહિતના આગેવાનો, કાર્યકરોએ તેમને આવકારી અને શુભાશિષ પાઠવ્યા હતા.

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ધીમી ધારે સવા ઈંચ સુધીનો વરસાદ વરસ્યો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૯

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગઈકાલે સોમવારથી શરૂ થયેલી મેઘ સવારી આજે સવારે દસ વાગ્યા સુધીના ૨૪ કલાક દરમ્યાન ધીમીધારે સવા ઈંચ સુધી વરસાદ વરસાવી દીધો છે. ખંભાળિયા તાલુકામાં ગઈકાલે સવારે ૧૦ વાગ્યાથી આજે સવારે ૧૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કુલ ૩૪ મીલીમીટર પાણી પડી ગયું હતું. આ સાથે ખંભાળિયા તાલુકામાં મોસમનો કુલ વરસાદ ૫૮ ઈંચ ૧૪૪૨ મીલીમીટર થવા પામ્યો છે. આ ઉપરાંત દ્વારકા તાલુકામાં ગઈકાલે દિવસ દરમ્યાન ૨૦ મીલીમીટર પાણી પડી ગયું હતું.

જોકે આજે સવારથી નોંધપાત્ર વરસાદ વરસ્યો નથી. દ્વારકાનો કુલ વરસાદ ૩૦ ઈંચ (૭૫૩ મીલીમીટર) થયો છે. જ્યારે કલ્યાણપુર તાલુકામાં પણ ૨૦ મીલીમીટર સાથે કુલ ૬૮૬ મીલીમીટર અને ભાણવડ તાલુકામાં પણ ૨૨ મીલીમીટર સાથે ૫૪૩ મીલીમીટર વરસાદ થયો છે. આજે સવારથી વાદળોની જમાવટ વચ્ચે હળવા છાંટા વરસ્યા હતા. પરંતુ નોંધપાત્ર વરસાદ વરસ્યો નથી. ધીમીધારે વરસેલા આ વરસાદને ખેતરોમાં મોલ માટે અમૃત સમાન ગણવામાં આવી રહ્યો છે. સાથે સાથે નાના-મોટા જળ સ્ત્રોતોમાં પાણીની ધીમી આવક પણ શરૂ થઈ ગઈ છે.

## ઊના પંથકમાં દોઢ ઈંચ વરસાદ

(નવીન જોષી દ્વારા)

ઊના તા.૧૯

ઊના શહેર અને તાલુકામાં છેલ્લા ૪૫ દિવસથી વરસાદે વિરામ લીધા બાદ વહેલી સવારથી આકાશમાં વાદળો છવાયા હતા અને સાત વાગ્યાથી શહેરમાં ધીમીધારે અને ઝાપટા સ્વરૂપે વરસાદ વરસી જતા સાંજે છ વાગ્યા સુધીમાં ૩૬ મીમી એટલે દોઢ ઈંચ વરસાદ વરસી ગયો હતો. આમ મૌસમનો કુલ ૩૮.૦૫ ઈંચ એટલે કે ૯૭૫ મીમી વરસાદ સાથે ગીર ગઢડા તાલુકાના ધોકડવા ગામે બે ઈંચ, સનખડા, ગાંગડા, ખત્રીવાડા, ઉટવાળા, પસવાળા, સામતેર, કાણક, બરડા, કેસરિયા, દેલવાડામાં ૧થી દોઢ ઈંચ વરસાદ વરસી ગયો છે. આ વરસાદ વરસતા ચોમાસુ પાક જેવા કે મગફળી, કપાસ, મગ, અડદ અને બાગાયતી પાકોને ફાયદો થશે.

## ખંભાળિયાના સ્ત્રી અત્યાચાર કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૯

ખંભાળિયા તાલુકામાં રહેતા એક મહિલા દ્વારા તેણીના પતિ તથા પરિવારજનો સામે તેણીને શારીરિક તથા માનસિક દુઃખ ત્રાસ આપી અને મારકૂટ કરવા ઉપરાંત પત્નીની હયાતીમાં બીજા લગ્ન કરી લીધા હોવા અંગેની ધોરણસર ફરિયાદ અહીંના મહિલા પોલીસમાં નોંધાવવામાં આવી હતી. જે સંદર્ભે પોલીસે સ્ત્રી અત્યાચારની કલમ તથા ૫૦૬ (૨), ૧૧૪ વિગેરે મુજબ ગુનો નોંધ્યો હતો.

આ અંગેનો કેસ અહીંની ચીફ જયુડી. મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં ચાલી જતા આ પ્રકરણમાં ફરિયાદી મહિલા તથા લગત સાક્ષીઓ તેઓની ફરિયાદ અન્વયેનો કેસ પુરવાર કરી શક્યા ન હતા. જે સંદર્ભે આરોપી તરીકે તરફે રોકાયેલા વિદ્વાન વકીલ જગદીશભાઈ સાગઠીયા તથા ભવ્ય આર. કોટેચા દ્વારા કરવામાં આવેલી વિવિધ દલીલો તેમજ ઝીણવટભરી તપાસ વિગેરેને ધ્યાને લઈ અને નામદાર અદાલતે આરોપીઓને નિર્દોષ ઠેરવી, છોડી મૂકવા માટેનો હુકમ કર્યો છે.

## આવતીકાલે ઋષિપાંચમ, વ્રત રહેવાથી જીવનના બધા જ અશુભ દોષો નાશ પામે છે

ભાદરવા સુદ પાંચમને બુધવારે તા.૨૦-૯-૨૩ ના દિવસે ઋષિ પંચમી છે ઋષિ પંચમીને મોટી પાંચમ પણ કહેવામાંઆવેછે રિવાજ પ્રમાણે ખાસ કરીને આપણા સૌરાષ્ટ્ર ગુજરાતમાં જે લોકો આખા વર્ષ દરમિયાન દિવંગત થઈ ગયા હોય તેઓની પાછળ તેમના ઘરે જઈ અશ્વાતો તેમના સગાના ઘરે જય અને આ ઋષિ પાંચમીના દિવસે વ્રત રહેવામા આવે છે અને આ વ્રતનું પુણ્ય તે દિવંગત આત્માને અર્પણ કરે છે. આ દિવસે શ્રધ્ધાળુઓ આખો દિવસ વ્રત રાખી અને સામો તથા ફળ ખાઈ પોતાની શકિત અનુસાર દાન-ધર્મ કરી પૂણ્યનું ભાથુ બાંધશે. ઋષિ પંચમી નુ વ્રત રહેવાથી જીવનના બધા જ અશુભ દોષો નાશ પામે છે. ઋષિ પાંચમ ના દિવસે સવારે નિત્ય-કર્મ કરી સૌ પ્રથમ ગણપતિજીનું પૂજન કરવું. ત્યારબાદ એક સફેદ વસ્ત્ર બાજોઠ અશ્વાપાટલા પર પાથરી તેના પર ચોખાની ઢગલી કરવી તેમાં કળશ, શ્રીફળ મૂકી અને સોપારીમાં સપ્તઋષીના નામ બોલી તેનું આહવાન કરવું અને સોપારીમાં સપ્તષીનું પૂજન કરવું, સોપારીમાં વસ્ત્ર જનોઈ, કંકુ, ચોખા, ફલ, અબીલ ગુલાલ પધરાવી નૈવેધ આતરી કરવી ત્યાર બાદ ઋષી પાંચમ ની કથા વાંચવી આ દિવસે બ્રાહ્મણોને ભોજન કરાવી દાન-દક્ષિણા આપવી શુભ છે. આમ, સાત ઋષિ ના નામ લઈ આ વ્રત રહેવું ૧. વશિષ્ઠ, ૨. કશ્યપ, ૩. અત્રી, ૪.જમદગ્નિ, ૫. ગૌતમ, ૬. વિશ્વામિત્ર, ૭. ભારદ્વાજ આ રીતે વ્રત કરવાથી જીવનના બધા જ દોષો નાશ પામે છે

**- શાસ્ત્રી રાજદીપ જોશી**
**(વેદાંત રત્ન)**

# આઈ.ટી.આઈ., ડિપ્લોમા કે ટેકનીકલ સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગાર ઈચ્છુકો માટે કેશોદ ખાતે ભરતીમેળો યોજાશે

**બોમ્બે ઓર્થો ઈન્ડ્સ્ટ્રીઝ રાજકોટ તથા મુંદ્રા સોલાર ટેકનોલોજી (અદાણી સોલાર) એચ.આર. ટેલેન્ટ સોલ્યુશન પ્રા.લી.ના કરાર ઉપર મુંદ્રા ખાતે ખાલી પડેલ વિવિધ જગ્યાઓ માટે ૧૮ થી ૪૫ ઉંમરના અરજી કરી શકશે**

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ જિલ્લાનાં ઉત્સાહી અને ઉર્જાવાન રોજગાર ઈચ્છુકોને રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ય થાય તેવા હેતુસર ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ બોમ્બે ઓર્થો ઈન્ડ્સ્ટ્રીઝ રાજકોટ તથા મુંદ્રા સોલાર ટેકનોલોજી (અદાણી સોલાર) એચ.આર. ટેલેન્ટ સોલ્યુશન પ્રા.લી. ના કરાર પર મુંદ્રા ખાતે ખાલી પડેલ વિવિધ જગ્યાઓ માટે ૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાને અનુરૂપ આઈ.ટી.આઈ./ ડિપ્લોમા કે ટેકનીકલ સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગાર ઈચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી ભરતીમેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી જૂનાગઢ તથા આઈ.ટી.આઈ. કેશોદના સંયુકત ઉપક્રમે આઈ.ટી.આઈ. કેમ્પસ, કેશોદ ખાતે તા.૨૧/૯/૨૦૨૩ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે કરવામાં આવેલ છે.

પ્રસ્તુત ભરતીમેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતીમેળા સ્થળ પર ઉપસ્થિત થવાનું રહેશે. અનુબંધમ પોર્ટલ પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. અનુબંધમ પોર્ટલ ઉપર જોબસીકર માટેની રજીસ્ટ્રેશન લીંક https://anubandham.gujarat.gov.in/account/signup ઉપરથી નોંધણી કરવાની રહેશે. નોંધણી થયા બાદ પોર્ટલ પર લોગ ઈન કરીને પોર્ટલ ઉપર જોબફેર મેનુમાં કલીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકાશે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમ્યાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢના ટેલીફોન નંબર ૦૨૮૫ ૨૬૨૦૧૩૯ મારફત સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

# કેશોદ નગરપાલિકામાં ભાજપના પ્રમુખ ઉપપ્રમુખની સર્વાનુમતે વરણી

(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૧૯



કેશોદ નગરપાલિકાનાં પ્રમુખ લાભુબેન નિરંજનભાઈ પીપલીયા અને ઉપપ્રમુખ ગૌરાંગભાઈ વ્યાસની અઢી વર્ષની મુદત પૂરી થતાં કેશોદ નગરપાલિકા સભાખંડમાં નાયબ કલેકટર કિશનગરચરની અધ્યક્ષતા હેઠળ ખાસ સાધારણ સભા મળી હતી જેમાં વહીવટી તંત્રનાં ચીફ ઓફિસર મુકેશભાઈ વાઘેલા,નાયબ મામલતદાર રોહિતભાઈ ડાભી, ઓફિસ સુપ્રિટેન્ડેન્ટ પી એચ વિઠ્ઠલાણી જોડાયા હતાં. જેમાં સતાધારી પક્ષ ભાજપનાં ચુંટાયેલા ૩૦ સભ્યોમાંથી ૨૯ સભ્યો અને કોંગ્રેસ પક્ષના ૭ સભ્યોમાંથી પાંચ સભ્યો હાજર રહ્યા હતાં. ભારતીય જનતા પાર્ટી દ્વારા કેશોદ નગરપાલિકાનાં પ્રમુખ તરીકે મેહુલભાઈ ગોંડલીયા અને ઉપપ્રમુખ તરીકે જીવીબેન ભોપાળા કારોબારી સમિતિનાં ચેરમેન તરીકે અજયભાઈ ઉમેદભાઈ કોટકનાં નામનું મેન્ડેડ આપતાં સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. કેશોદ નગરપાલિકામાં પચ્ચીસમાં પ્રમુખ તરીકે મેહુલભાઈ ગોંડલીયાનું નામ જાહેર થતાં જ જયશ્રી રામનાં નારા ગુંજવા લાગ્યા હતા. કેશોદ નગરપાલિકામાં પ્રથમ અઢી વર્ષ માટે પણ વોર્ડ નંબર એક નાં પ્રમુખ અને વોર્ડ નંબર આઠનાં ઉપપ્રમુખ તરીકે સતા સંભાળી હતી ત્યારે ફરીથી એજ વોર્ડ એજ વિસ્તારને ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રતિનિધિત્વ આપ્યું છે. કેશોદ પોલીસ સ્ટેશનનાં પોલીસ સબ ઈન્સપેકટર ડી. એચ. વાળા સહિત પોલીસ સ્ટાફ દ્વારા બંદોબસ્ત જાળવ્યો હતો. કેશોદ નગરપાલિકાનાં પ્રમુખ મેહુલભાઈ નાનજીભાઈ ગોંડલીયાએ જાહેર જીવનની કારકિર્દી વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ તરીકે જવાબદારી સંભાળી સમગ્ર સૌરાષ્ટ્રમાં સૌથી લાંબી શોભાયાત્રા રામનવમી નિમિત્તે સફળતાપૂર્વક કાઢવામાં આવતાં કદાવર નેતા તરીકે ઉભરી આવ્યા હતાં અને પ્રથમ વખત નગરપાલિકાનાં સભ્ય તરીકે ચુંટાઈ આવ્યા બાદ પ્રમુખપદ મેળવ્યું છે. કેશોદ નગરપાલિકાનાં નવનિયુકત પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયાની વરણી કરવામાં આવતાં શહેરનાં મુખ્ય માર્ગો પર વિશાળ જનમેદની વચ્ચે સરઘસ કાઢવામાં આવ્યું હતું.

# માણાવદરમાં આજથી શ્રીમદ સત્સંગી જીવન કથા પારાયણનો આરંભ

(ગીરીશ પટેલ દ્વારા)

માણાવદર તા.૧૯

માણાવદર એ સ્વામિનાયણ સંપ્રદાયના તીર્થોમાં એક પવિત્ર તીર્થ ક્ષેત્ર ગણાય છે. એવા માણાવદરમાં ૭૫માં પ્રાગટય અમૃત મહોત્સવ અંતર્ગત શ્રીમદ સત્સંગી જીવન કતાનું આયોજન ભાદરવા સુદી-૩ને તા.૧૮થી કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં ભાવિ આચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી તથા ધર્મકુળ પધારી આશીર્વચન આપશે.આ કથા મહોત્સવમાં ૧૯મીએ ઘનશ્યામ મહોત્સવ, ૨૦મીએ ગાદી પટ્ટાભિષેક, ૨૧મીએ ધાર્મિક રાસોત્સવમાં ભકિતગીતો, તથા ૨૨મીના રોજ શુક્રવારે પ્રભુનું અંતર્ધાનથઈ જવાની લીલા વગેરે કાર્યક્રમોના પણ આયોજનો થયા છે.વ્યાસપીઠ ઉપર સ્વામી નિષ્કામ સ્વરૂપદાસ (વડતાલ) ભકિતધારાના રસો વહેવડાવશે, સોરઠીયા પ્રજાપતી સમાજ કુંભારવાડી ખાતે યોજાનાર કથા તથા મહોત્સવોનું આયોજન શ્રી ધર્મકુળ આશ્રીત સત્સંગ અને લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ દ્વારા કરવામાં આવ્યું છે. મહોત્સવમાં શ્રોતાઓ માટે ફીલ્ટર પાણીની સેવા નીલકંઠ આરઓ પ્લાન્ટ માણાવદરના હરિભકત રોશન હિરાણી તથા રાજુભાઈ ઝાટકીયા દ્વારા અપાશે.

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૭૩માં જન્મદિવસ નિમિત્તે**

# ગીર-સોમનાથમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તથા ભારત વિકાસ પરિષદના સહયોગ દ્વારા યોજાઈ યોગ શિબિર

(પ્રતિનિધિ દ્વારા)

ગીર-સોમનાથ તા.૧૯




ગુજરાતના જન-જન સુધી યોગપહોંચાડવા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વમાં વિશેષ આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે આંતરરાષ્ટ્રીય યોગ દિવસના પ્રણેતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૭૩માં જન્મદિવસ નિમિત્તે સમગ્ર રાજયમાં દ્વિ દિવસીય યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. જેના ભાગરૂપે ગીર-સોમનાથમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તથા ભારત વિકાસ પરિષદના સહયોગ દ્વારા બીજા દિવસે પણ વિશાળ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વેરાવળ પાટણ સંયુકત નગરપાલિકા નિર્મિત, ભારત વિકાસ પરિષદ સંચાલિત સ્વ. દયાશંકર ઓઝા કોમ્યુનિટી હોલ, વેરાવળ ખાતે યોજાયેલ શિબિરમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે કે, રાજયના ૭૩ સ્થાનો ઉપર ૭૩,૦૦૦ યોગ સાધકો દ્વારા ૭,૩૦,૦૦૦ સુર્ય નમસ્કારની વડાપ્રધાનને યોગમય ભેટ આપવામાં આવી હતી.

# કોડીનાર સોમનાથ એકેડેમીના વિદ્યાર્થીઓએ જૂડોમાં ૧૬ ગોલ્ડ મેડલ, ૪ સિલ્વર અને ૫ બ્રોન્ઝ મેડલ જીત્યા

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧૯

ગીર-સોમનાથ જીલ્લાની દક્ષીણામુર્તી સ્કુલ, કોડીનાર ખાતે શાળા કક્ષા રમતસોવ અંતર્ગત ગીર-સોમનાથ જીલ્લા કક્ષાની ભાઈઓ/બહેનોની જુડો રમતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગીર સોમનાથ જિલ્લાની અલગ-અલગ સ્કુલના ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં સોમનાથ એકેડેમી સ્કુલ, કોડીનારના ટોટલ ૨૫ જેટલા જુડો ખેલાડીઓએ યુ-૧૪, યુ-૧૭ અને યુ-૧૯માં અલગ અલગ વજન ગ્રુપમાં ભાગ લઈ કુલ ૧૬ ગોલ્ડ મેડલ અને ૪ સિલ્વર અને ૫ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે. આ સ્પર્ધામાં વિજેતા થયેલાં ખેલાડીઓ હવે આગળ રાજ્ય કક્ષાએ રમવા જશે. વિજેતા ખેલાડીઓને ગીર-સોમનાથ જિલ્લા રમત વિકાસ અધિકારી કાનજીભાઈ ભાલીયા, સોમનાથ એકેડેમી સંસ્થાના પ્રમુખ કરશનભાઈ સોલંકી તથા જુડો રમતનાં કોચ અક્ષયભાઈ તથા ટ્રેનર ધરાબેન એ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.



**જુની પેન્શન યોજનાને લઈ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનું સરકાર સામે ફરી રણશીંગું**

# સોમનાથ ખાતે શિક્ષકોની જંગી સભા યોજાયા બાદ ચોથી ‘‘ભારત યાત્રા’’નો પ્રારંભ થયો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૯



સોમનાથ મહાદેવના સાનિધ્યમાંથી ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના નેજા હેઠળ જુની પેન્શન સ્કીમનો દેશભરના શિક્ષકોને લાભ આપવાની માંગ સાથે "ભારત યાત્રા" નો પ્રારંભ થયો છે. આ યાત્રામાં ગુજરાત સંઘના હોદેદારો ઉપરાંત સૌરાષ્ટ્રના જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં શિક્ષકો જોડાઈને પેન્શનની માંગને બુલંદ કરી હતી. સોમનાથ સાનિધ્યે પાર્ટી પ્લોટમાં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનું સંમેલન મળ્યુ હતુ. જેમાં સંઘના હોદેદારોએ પેન્શનનો લાભ આપવાની માંગ સાથે રાષ્ટ્રીય કક્ષાએથી દેશના ચાર સ્થળો પંજાબ, ગોવાહટી, કર્ણાટક અને ગુજરાતના સોમનાથથી "ભારત યાત્રા" કાઢવાનું આયોજન કર્યુ હતુ. જે મુજબ ગત દિવસોમાં ઉપરોકત ત્રણ સ્થળોએથી યાત્રાનો પ્રારંભ થઈ ચુક્યો છે અને આજે સોમનાથ મહાદેવના આશીર્વાદ સાથે ચોથી યાત્રાનો પ્રારંભ થશે.આ યાત્રા દેશભરના સરકારી કર્મચારીઓની માંગ મુજબ જૂની પેન્શન યોજનાનો લાભ મળે તે માટે સરકારને જગાડવાનો છે. આપણે સંગઠીત હશું તો જ માંગણી પુરી થશે અન્યથા લાભ મળશે નહીં. જેથી આ યાત્રા અને સરકાર સામેની લડાઈમાં વધુમાં વધુ શિક્ષકો સાથે રહીને જોડાઈ તેવી અપીલ કરી હતી. આ યાત્રાના પ્રારંભ સાથે સંમેલનની તમામ તૈયારીઓ ગીર સોમનાથ પ્રાથમિક શિક્ષક સંઘના અનિલભાઈ પંપાણીયા, બિપીન સોલંકી, કિરીટ ઝાલા, દિલીપ સોલંકીની ટીમે જહેમત ઉઠાવી હતી. આ તકે રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવેલ કે, આજની ચોથી ભારત યાત્રા અખિલ ભારત પ્રાથમિક શિક્ષક સંઘના નેજા હેઠળ કાઢવામાં આવી રહી છે. આજથી શરૂ થયેલ આ યાત્રા ગુજરાતના ૧૮ જિલ્લાઓમાં ફર્યા બાદ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને હરીયાણા થઈ તા.૫ ઓકટો.ના રોજ દિલ્હી પહોંચશે. જ્યાં સભા યોજી સરકાર સમક્ષ સંઘની જૂની પેન્શન યોજનાનો લાભ શિક્ષકોને અપાવવાની માંગણીનો અવાજ બુલંદ કરાશે. આ યાત્રામાં બે મુખ્ય કાર રહેશે અને જે તે જિલ્લામાં યાત્રા પહોચશે ત્યાંના સ્થાનીક સંઘના સભ્યો બાઈક-કાર સાથે જોડાશે. અગાઉ સરકારે જુની પેન્શન યોજનાને લઈ મૌખિક ખાત્રી આપેલ જેને એક વર્ષ વિતી ગયો હોવા છતાં આજદીન સુધી પરિપત્ર બહાર પાડયો ન હોય જેને લઈ શિક્ષકોમાં ઘેરી નારાજગી પ્રવર્તી છે.

# આયુષ્યમાન ભવઃ અભિયાન અંતર્ગત જૂનાગઢના સફાઈ કામદારો માટે મેડિકલ કેમ્પ યોજાયા

**PHC અને CHC ખાતે સફાઈ કામદારોનું મેડિકલ ચેકઅપ કરી આરોગ્ય લક્ષી માર્ગદર્શન અપાયું**





જૂનાગઢ, તા.૧૯

લોકોની આરોગ્ય સુખાકારી માટે સરકાર દ્વારા આયુષ્યમાન ભવઃ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન તા.૧૭ થી ૨ ઓક્ટોબર સુધી આયુષ્યમાન આપકે દ્વાર આયુષ્યમાન આરોગ્ય મેળા અને આયુષ્યમાન સભાના કાર્યક્રમમાં થકી લોકોને આરોગ્યની સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. ત્યારે તા.૧૭ સપ્ટેમ્બરને રવિવારના રોજ સફાઈ કામદારો માટે આરોગ્યલક્ષી મેડિકલ કેમ્પનું આયોજન જૂનાગઢ જિલ્લાના પીએચસી અને સીએચસી સેન્ટરો ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં પીએચસી અને સીએચસીના ડોક્ટરો અને સ્ટાફ દ્વારા સફાઈ કામદારોનું મેડિકલ ચેકઅપ કરી આરોગ્ય લક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીનાં ૭૩માં જન્મદિને કોડીનાર ભાજપ દ્વારા અનેક વિધ સદકાર્યો દ્વારા જન્મદિવસની ઉજવણી કરાઈ

(અલ્તાફ મુગલ દ્વારા)

કોડીનાર તા.૧૯



ભારતીય જનતા પાર્ટી કોડીનાર તાલુકા દ્વારા ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૩ માં જન્મદિવસ ની ઉજવણીના ભાગરૂપે તાલુકા ભાજપ પ્રમુખ ભગુભાઈ પરમાર ના અધ્યક્ષ સ્થાને શહેરની પ્રખ્યાત શ્રી આર.એન.વાળા હોસ્પિટલ ખાતે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ના તજજ્ઞ ડોક્ટરોની મદદથી મેગા ચક્ષુ રોગ નિદાન કેમ્પનું આયોજન કરાયું હતું આ મેગા કેમ્પમાં તાલુકા ભરના ૯૦ જેટલા આંખની ગંભીર બીમારી ધરાવતા દર્દીઓની તપાસ અને સારવાર નિશુલ્ક કરવામાં આવી હતી.આ કાર્યક્રમની સાથો સાથ કોડીનારના ધારાસભ્ય ડો.પ્રદ્યુમનભાઈ વાજા એ હાજર તાલુકા ભરના ભાજપ અગ્રણીઓને તેમજ કાર્યકરો મળી અંદાજે ૪૦ લોકો ને અંગદાનનો સંકલ્પ કરાવી અને અનોખી રીતે વડાપ્રધાનશ્રી ને જન્મદિવસની ભેટ અપાય હતી.

આ કાર્યક્રમ માં ધારાસભ્ય ડો. પ્રદ્યુમનભાઈ વાજા,તાલુકા ભાજપ પ્રમુખ ભગુભાઈ પરમાર, માર્કેટિંગ યાર્ડ પ્રમુખ સુભાષભાઈ ડોડીયા, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શિવાભાઈ સોલંકી,ખરીદ વેચાણ સંઘ ના પ્રમુખ દિલીપભાઈ મોરી સહિત ના રાજકીય અગ્રણીઓ હાજર રહ્યા હતા તેમજ અંગદાન નો સંકલ્પ કર્યો હતો. આ સમગ્ર કાર્ય ને સફળ બનાવવા આર.એન.વાળા હોસ્પિટલના પ્રમુખ હરિભાઈ વાળા મેનેજર પ્રતાપભાઈ વાળા તેમજ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# ઈન્ટરનેશનલ કોસ્ટલ કલીન અપ ડે-૨૦૨૩ અન્વયે દરીયા કાંઠા વિસ્તારમાં સફાઈ અભિયાન હાથ ધરતી દેવભૂમિ દ્વારકા પોલીસ

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૯



રાજકોટ વિભાગના પોલીસ મહાનિરીક્ષક અશોક કુમાર યાદવ તથા પોલીસ અધિક્ષક નિતેષ પાંડેય દ્વારા ‘‘ઈન્ટરનેશનલ કોસ્ટલ કલીન અપ ડે-૨૦૨૩’’ ની ઉજવણીના ભાગરૂપે દરીયાકાંઠા વિસ્તારમાં સાફ સફાઈ અભિયાનમાં જોડાવા અંગે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસને જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપેલ હતુ. એસ.ઓ.જી. તથા સ્થાનીક પોલીસ સ્ટેશનની ટીમો બનાવી, સાગર રક્ષક દળના જવાનો, સ્થાનીક પર્યાવરણ પ્રેમી આગેવાનો, યુવાનો તથા વિદ્યાર્થીઓને સાથે રાખી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ દરીયાકાંઠા વિસ્તારમાં દરીયાઈ જીવસૃષ્ટીને નુકસાન કરતા પ્લાસ્ટીકનો કચરો તથા અન્ય પ્રદુષીત કચરાઓનો યોગ્ય નિકાલ કરવામાં આવેલ હતો અને ભવિષ્યમાં આવા પ્રદુષીત કચરાથી અમુલ્ય દરીયાઈ જીવસૃષ્ટીને થનારા નુકસાન બાબતે યુવાઓને સમજ કરી અને જાગૃતતા અંગેનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. પર્યાવરણ પ્રેમીઓ સાથે દરીયાઈ જીવસૃષ્ટીને થતા નુકશાન બાબતે મહત્વની ચર્ચા વિચારણા કરવામાં આવેલ અને આગામી સમય વધુમાં વધુ લોકો આ અભિયાનમાં જોડાય અને પર્યાવરણના રક્ષણ પ્રત્યે લોકોમાં જાગૃતતા આવે તે માટે દેવભૂમિ દ્વારકા પોલીસ તરફથી પ્રયાસ હાથ ધરવામાં આવેલ હતો.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# એ દિવસ હવે દુર નથી કે વિશ્વનાં માર્ગદર્શક હિંદુ જ હશે

આજે ભલે દ્રમુકના ઉદયનિધિ સ્ટાલિન જેવાં કટ્ટર તત્ત્વો હિંદુત્વ વિરુદ્ધ નફરતનું ઝેર ઓકી રહ્યા હોય, પરંતુ આજે જો વિશ્વ પરિદૃશ્ય પર નજર નાખીએ તો એ સ્વીકાર કરવામાં સંકોચ નહીં રહે કે આ હિંદુઓના વૈશ્વિક અભ્યુદય, સ્વીકૃતિ અને વિસ્તારનો સમય છે. એવી ઘટનાઓ ઘટી રહી છે, જેની હિંદુ સમાજ પણ કલ્પના નહોતો કરતો. સિંગાપોરમાં હિંદુ થરમન ષણમુગરત્નમનો રાષ્ટ્રપતિ ચૂટણીમાં વિજય આ કડીની હજુ અંતિમ ઘટના નથી. ભવિષ્યમાં એવી કેટલીય ઘટનાઓ બનશે. અમેરિકામાં રિપબ્લિકન પાર્ટી દ્વારા રાષ્ટ્રપતિ પદ માટે ઉમેદવારીની દાવેદારી કરતા વિવેક રામાસ્વામી પણ હિંદુ છે. તેમણે જાહેરમાં એમ કહેતાં સંકોચ ન રાખ્યો કે તેમને હિંદુ હોવા પર ગર્વ છે. આ સમયે લગભગ ૧૦ દેશોમાં સત્તાના શીર્ષ પર ભારતીય મૂળના નેતા બેઠા છે. જેમાં પાંચ ખુદને હિંદુ કહે છે. આ બધા હિંદુ ધર્મને શાસન અને રાજનીતિથી લઈને વ્યક્તિગત-સાર્વજનિક વ્યવહારનો માપદંડ ગણાવવામાં સંકોચ નથી રાખતા. બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનકનું હિંદુ હોવાનું વક્તવ્ય હાલમાં ચર્ચાનો વિષય બન્યું. કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં આયોજિત રામકથામાં ઋષિ સુનકે કહ્યું કે હું અહીં એક વડાપ્રધાન રૂપે નહીં, પરંતુ હિંદુ રૂપે હાજર થયો છું.

કોઈ પશ્ચિમી દેશના વડાપ્રધાને જાહેર સભામાં ખુદને હિંદુ ગણાવવામાં ખચકાટ ન રાખ્યો. તેમણે કહ્યું, 'હું એ જ પ્રકારે શાસન કરવા માંગું છું જેવું અમારા ધાર્મિક ગ્રંથોમાં લખાયેલું છે. શ્રીરામથી તેમને સાહસપૂર્વક કઠિન પડકારોનો સામનો કરવા, સ્થિર રહેવા, વિનમ્રતાપૂર્વક શાસન કરવાની પ્રેરણા મળે છે.' વાસ્તવમાં તેઓ વિશ્વભરમાં હિંદુઓની અંદર સુદૃઢ થઈ રહેલા સામુહિક વિચાર અને વ્યવહારને જ અભિવ્યક્ત કરી રહ્યા હતા. ઋષિ સુનક જ્યારે ૨૦૨૦માં નાણા મંત્રી બન્યા હતા તો તેમણે ગીતા પર હાથ મૂકીને સોગંદ લીધા હતા. તેમની જેમ અમેરિકામાં વિવેક રામાસ્વામીએ કહ્યું, 'હું હિંદુ ધર્મને માનું છું. એમને પરિવાર તરફથી વારસામાં મળ્યો છે. હિંદુ હોવાના નાતે હું અન્ય નેતાઓના મુકાબલે બીજાની ધાર્મિક સ્વતંત્રતાના અધિકારોની બહેતર રીતે રક્ષા કરી શકું છું. મારો ઉદ્દેશ્ય અમેરિકી સમાજમાં પરિવાર, આસ્થા અને દેશભક્તિનાં મૂલ્યોને સાચવવાનાં છે. અમેરિકી સમાજ આ મૂલ્યો ગુમાવતો જાય છે.' જરા વિચારો, અમેરિકાના રાષ્ટ્રપતિ પદના ઉમેદવારની દોડમાં સામેલ વ્યક્તિ અને બ્રિટનના વડાપ્રધાન કહી રહ્યા છે કે તેઓ પોતાના દેશની સમસ્યાઓનું સમાધાન હિંદુ ધર્મમાં જુએ છે. આ અસાધારણ ઘટનાઓ છે. નિઃસંદેહ તેનાથી હિંદુત્વ વિરોધીઓના પેટમાં તેલ રેડાતું હશે. એવું નથી કે ભારતની જેમ ખુદને લિબરલ-સેક્યુલર કહેનારાઓની જમાત બ્રિટન, અમેરિકા કે સિંગાપોરમાં નથી. હવે જ્યારે પશ્ચિમી શિક્ષણ પ્રણાલીમાં શિક્ષિત નેતા ખુદને હિંદુ કહીને એમ જણાવી રહ્યા છે કે અમારા ધર્મગ્રંથ, ઋષિ-મુનિ અને ભગવાન માનવ કલ્યાણ માટે કામ કરવાની તાકાત આપે છે તો માનવું જોઈએ કે દુનિયા બદલાઈ રહી છે.

બ્રિટનની સાથે અમેરિકા અને સિંગાપોરની ઘટનાઓ દર્શાવી રહી છે કે હિંદુઓ અને હિંદુત્વને લઈને વિશ્વ બદલાઈ રહ્યું છે. હિંદુઓની સ્વીકૃતિ વધી રહી છે. આ બદલાવને સમજવાની જરૂર છે. વસ્તુતઃ વિદેશમાં હિંદુઓએ ખાનગી વ્યવસાય અને કરિયર સુધી સીમિત ન રહીને ત્યાંના સાર્વજનિક જીવનમાં પણ ભૂમિકા નિભાવી છે. થોડા સમયથી પશ્ચિમી દેશોમાં હિંદુઓ વિરુદ્ધ ઘૃણાનું અભિયાન અને હિંસાના સમાચારોએ બધાને વિચલિત કર્યા હતા, પરંતુ બ્રિટન, અમેરિકા અને અન્ય દેશોમાં હિંદુઓએ સ્થિતિને સાહસપૂર્વક સંભાળી. આજે અમેરિકામાં હિંદુ દિવસ ઉજવવામાં આવે છે. આ વર્ષે અમેરકી સંસદમાં બે હિંદુ સંમેલન થઈ ચૂક્યાં છે. તેમાં ડેમોક્રેટિક અને રિપબ્લિકન બંને પાર્ટીઓના સાંસદો અને નેતાઓએ ભાગ લીધો. અમેરિકાના જ્યોર્જિયા પ્રાંતની એસેમ્બ્લીએ હિંદુઓના પક્ષમાં પ્રસ્તાવ પસાર કર્યો, જેમાં જણાવ્યું કે હિંદુત્વની વિચારધારા કેટલી વ્યાપક અને સર્વસમાવેશી છે.

હિંદુત્વના પ્રચાર-પ્રસાર માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ઉપરાંત ઇસ્કોન અને ગાયત્રી પરિવાર જેવી કેટલીય ધાર્મિક સંસ્થાઓ, સાધુ-સંતોના આશ્રમ દેશ-વિદેશમાં સક્રિયતાથી કામ કરી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આખી દુનિયામાં ભારતવંશીઓ વચ્ચે ભારતીય સભ્યતા-સંસ્કૃતિનું બહુ પ્રભાવી રીતે ગુણગાન કરતા રહે છે. પરિણામે આજે ધર્મ-સંસ્કૃતિ-સભ્યતાને લઈને ખચકાતા કેટલાય હિંદુઓનો આત્મવિશ્વાસ વધી રહ્યો છે.

દેવી-દેવતાની મૂર્તિઓ, હવન-પૂજન વગેરેને લઈને હિંદુ ધર્મ વિશે વિરોધીઓ દ્વારા પેદા કરાઈ રહેલ ભ્રમ તથા હિંદુ ધર્મને કટ્ટર અને અંધવિશ્વાસુ સાબિત કરનારાઓને રામાસ્વામી અને સુનક જેવા નેતાઓ ધ્વસ્ત કરી રહ્યા છે. વિદેશમાં એ વિચાર લોકો વચ્ચે જઈ રહ્યો છે કે હિંદુ ધર્મ તમામ પંથોને સમાહિત કરીને બધાને સન્માન આપનારું જીવન દર્શન છે. એવું જીવન દર્શન અપનાવવાથી જ સાચી સમાનતા, સહકાર, પરસ્પર પૂરકતા પર આધારિત વિશ્વ વ્યવસ્થા સ્થાપી શકાશે. આજે કેટલાય દેશોમાં હિંદુઓ મોટી સંખ્યામાં છે, જે રાજનીતિ અને પ્રશાસનથી માંડીને શિક્ષણ અને વિજ્ઞાનના શીર્ષ પર છે. તેમનો આત્મવિશ્વાસ ખરા અર્થમાં પ્રગટ થઈને આગળ વધતો રહ્યો તો એક દિવસે વિશ્વના માર્ગદર્શક હિંદુ જ હશે. એ સંપૂર્ણ વિશ્વના હિતમાં પણ હશે. તેમાં દરેક ભારતીય હિંદુ-શીખ-બૌદ્ધ-જૈનનું દાયિત્વ છે કે નાના-મોટા અસંતોષ, વ્યક્તિગત મતભેદ વગેરેને બાજુ પર મૂકીને એવી ભૂમિકા નિભાવે, જેનાથી બદલાવની ગતિ બાધિત ન થાય.

# ગણેશ ચતુર્થી



માનવજીવનમાં કેટલાંક મંગલ પ્રસંગ આવે ્કેટલાં શુભ કાર્યો થાય દરેક શુભ મંગળ પ્રસંગે વિશ્વના કોઈપણ ખૂણે વસતો ભારતીય પ્રસંગના પ્રારંભમાં હૃદયથી ભકિતભાવ પૂર્વક સંભારતો હોય એવા એકમાત્ર સર્વમંગલ કરનાર દેવ એ ગણેશજી ગણપતિ મંગલ દેવતા છે. ભગવાન શિવ અને પાર્વતીના પુત્ર છે, એકવાર શિવજી કૈલાસ પર્વતની ગુફાઓમાં તપ કરવા ચાલ્યા ગયા ત્યાર પછી એક સવારે સ્નાન કરવા જતાં પહેલા પાર્વતીજીએ પોતાના શરીર ઉપર લગાડેલ લેપમાંથી એક બાળકનું સર્જન કર્યુ અનેતેનુંનામ પાડયું વિનાયક, મહાદેવી તેને પોતાના ભવનની રક્ષાનું કામ સોંપી સ્નાન કરવા ગયા અને કોઈને પણ અંદર ન આવવા દેવાની વિનાયકને આજ્ઞા આપી. એવામાં શિવજી પધાર્યા પિતા-પુત્ર એકબીજાથી અજાણ તેથી વિનાયકે માતાની આજ્ઞા પ્રમાણે મહાદેવને અંદર જવાની મનાઈ ફરમાવી છેવટે ક્રોધિત શિવે ત્રિશૂળથી વિનાયકનું મસ્તક છેદી નાખ્યું મહાદેવી પુત્રની અવદશા જોઈ વ્યાકુળ થઈ ગયા તેથી શિવજીને પણ પોતાની ભૂલ સમજાઈ ગઈ અને તેમણે અન્ય નવજાત પ્રાણીનું મસ્તક લાવવાની શિવગણને આજ્ઞા આપી અંતે એક હાથીના બચ્ચાનું મસ્તક મળ્યું અને તે વિનાયકના ધડ ઉપર મૂકી શિવજીએ તેના નિષ્પ્રાણ દેહને સજીવન કર્યો ત્યારથી વિનાયક બન્યા 'ગજાનન' શિવજીએ પુત્ર ગજાનને આશીર્વાદ આપ્યા કે દરેક શુભ કાર્યના પ્રારંભમાં ગજાનનને સૌ પ્રથમ પુજવામાં આવશે. વળી પુત્રને તેમણે પોતાના ગણનો અધિપતિ પણ બનાવ્યો તેથી ગજાનન બન્યા ગણપતિ, વિઘ્નહર્તા ગણપતિની સ્તુતિ કરવાથી તમામ વિઘ્નોનો નાશ થાય છે અને શુભકાર્ય સફળતાથી પાર પડે જ છે. ગણપતિને બે પત્ની છે સિદ્ધિ અને બુદ્ધિ તથા બે પુત્ર લાભ અને શુભ સિદ્ધિના પુત્રનું નામ શુભ તથા બુદ્ધિના પુત્રનુંનામ લાભ વેપારી વર્ગ ભગવાન ગણેશ અને લક્ષ્મીજીનાં પૂજન વખતે પોતાના ચોપડા ઉપર શુભ-લાભ એવા નામ લખી પૂજા કરે છે. ગણેશ પરમ માતૃભકત હતા. માતા-પિતા જ તેમને મન પરમતીર્થ હતા. ભાઈ કાર્તિકેય અને ગણપતિના વિવાહનો વિચાર આવતા શિવપાર્વતીએ શરત મૂકી કે જે પૃથ્વીની પ્રદક્ષિણા કરીને પહેલાં આવે તેના વિવાહ પહેલા કરાવી શું. ગણપતિનું વાહન તો ઉદર કયારે પ્રદક્ષિણા કરીને આવે તેમણે બુદ્ધિ ચાતુર્ય વાપરી માતા-પિતાની પ્રદક્ષિણા કરી લીધી. માતા-પિતા પ્રસન્ન થયા અનેગણેશના વિવાહ થયા. આમ 'જે માતા-પિતાની પ્રદક્ષિણા કરે તેને પૃથ્વીની પ્રદક્ષિણાનું ફળ પ્રાપ્ત થાય એમ કહીને ગણેશે માતા-પિતાનો આદર કરવો એવો સિદ્ધાંત સ્થાપ્યો. આજના આધુનિક યુગમાં યુવકો પુત્ર-પુત્રવધૂઓ આ વાત સમજતા થાય તો વૃદ્ધાશ્રમો બંધ થઈ જાય. ગણેશજીનો એક દાંત તૂટેલો હોવાથી તેમને એકદંત પણ કહેવામાં આવે છે. મહાભારત રૂપી મહાકાવ્ય લખવા પોતાનો એક દાંત ઉખેડી નાંખીને તેની કલમ બનાવી એવી એક કથા છે તો દ્રવિડ માન્યતા પ્રમાણે ગણેશે સૌપ્રથમ પોતાના એક દાંતનો હળ તરીકે ઉપયોગ કર્યો ને એકદંત કહેવાયા એવી પણ કથા છેલ પરંતુ સૌથી પ્રચલિત કથા ગણેશ અને પરશુરામના યુદ્ધની છે. બંને વચ્ચેના યુદ્ધ દરમ્યાન પરશુરામની ફરસી વાગવાથી ગણેશનો એક દાંત તૂટી ગયો ને તેઓ એકદંત કહેવાયા. એકદંત ઉપરાંત હાથીનું મસ્તક હોવાથી ગણેશ ગજાનન તરીકે પેટ લાંબુ હોવાથી લંબોદર, લાંબા કાન હોવાથી ગજકર્ણલ, લાલરંગના હોવાથી કપિલ, બેડોળ શરીર હોવાથી વિકટ કપાળે ચંદ્ર ધારણ કરતા હોવાથી ભાલચંદ્ર અને સર્વવિઘ્નોના નાશ કરનાર હોવાથી વિઘ્નહર્તા પણ કહેવાય છેઈ મોટું મસ્તક હૃષ્ટપુષ્ટ શરીર ધરાવતા ગણેશનું વાહન એક નાનકડો ઉંદર ગજમુખાસુરનામે હાથી જેવા મુખવાળો વિકરાળ રાક્ષસે શિવ પાસેથી અમરત્વનું વરદાન મેળવ્યું હતું તે બધાંને ખૂબ રંજાડતો તેથી શિવજીએ તે રાક્ષસને હણવાનું કામ ગણેશને સોંપ્યુંબંને વચ્ચે ઘોર યુદ્ધ થયું બંને હાથી સ્વરૂપ છતાં એક દેવતા અને બીજો દાનવ ગજમુખાસુર એક તો અમર અને વળી તેઅનેક રૂપ પણ ધારણ કરી શકતો ગણેશજી સામે યુદ્ધમાં તેવારંવાર રૂપ બદલીને આવે એમાં એકવાર તેણે ઉંદરનું રૂપ ધારણ કર્યું તો વિચક્ષણબુદ્ધિ ગણેશ તરતજ તેના ઉપર સવાર થઈ બેઠા અને તેને પોતાનું વાહન બનાવી લીધો ગજમુખાસુરનું ગર્વમર્દન થયું અને તે ભગવાનનું વાહન બની ધન્ય થઈ ગયો ત્યારથી પ્રભુનું વાહન ઉંદર નાનકડો ચંચળ ઉંદર એ આપણી ઈન્દ્રિયો છે.

ભાદરવા સુદ ચોથના દિવસે પાર્વતી ગણેશનું પાર્થિવ પણે મૂર્તિપૂજા પૂજન કરતા ત્યારથી ચોથનો ગણેશ ચતુર્થીનો મહિમા ચાલ્યો આવે છે. ભારતમાં સૌથી વધુ મહારાષ્ટ્રમાં મહાનગરી મુંબઈમાં ગણેશચોથ ખૂબ ધામધૂમથી ઉજવાય છે. મહારાષ્ટ્રના ઘરેઘરમાં ગણપતિ સ્થપાય છે, અનુષ્ઠાન થાય છે, ગણપતિને દસ દિવસ સુધી મોદકનો ભોગ ધરવામાં આવે છે, દસ દિવસ જુદા જુદા કાર્યક્રમો યોજાય છે, મહોત્સવ સર્જાય છે, આટલી ધામધૂમ પછી ભાદરવાસુદ ચૌદસના દિવસે સમુદ્ર કે નદીના જળમાં ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરાય છે. વિસર્જન વખતે પણ ઉત્સવ જેવો માહોલ સર્જાય છે, લોકો ગણેશમૂર્તિને વાજતે ગાજતે વિસર્જિત કરવા લઈ જાય છે. વિસર્જન વખતે ભકતો બોલે છે 'ગણપતિ બાપા મોરિયા પુર્યાચ વર્ષી લવકર યા' એટલે આવતા વર્ષે ફરી પાછા જલ્દીથી આવજો, ભાદરવા સુદ ચોથે ગણેશજી ઘરમાં પધારે એ સાથે ઘરના વિઘ્નો દુર થાય ઘરમાં રિદ્ધિ સિદ્ધિ આવે હંમેશા ઘરમાં લાભ અને શુભ દિવસો રહે ગણેશ જેવા ગુણોનું સિંચન થાય એવો પણ આશય છે. મહારાષ્ટ્રમાં સિદ્ધ વિનાયકનું મંદિર દેશ વિદેશમાં સુપ્રસિદ્ધ છે, મુંબઈના 'લાલ બાગના રાજા' તરીકે ગણપતિ ભકતજનોનેઘેલું લગાડે છે. હવે તો ગણેશોત્સવ સમગ્ર ભારતમાં ધામધૂમથી ઉજવાય છે. ભાદરવાસુદ ચોથ આવે ત્યારે ગણેશની ભવ્યાતિભવ્ય મૂર્તિઓ કંડારાઈ જાય છે અને ઘરે ઘરમાં ગણપતિ પધારે છે. સોસાયટી ખાતે ગણેશ સ્થાપના થાય છે અને મહારાષ્ટ્ર જેવો જ મહોત્સવ ઉજવાય છે. ખરેખર ગણેશ ચતુર્થીનો દિવસ ગુણોને વિસ્તારવાનો દિવસ છે. વિઘ્નહર્તા ગણપતિબાપાના ચરણોમાં વંદનઈ ગણપતિબાપાનાં આશીર્વાદ સમગ્ર વિશ્વને સદાય મળતા રહે તેવી પ્રાર્થના.

# એયુ સ્મોલ ફાઈનાન્સ બેંકે 'ભારત'માં વૃદ્ધિને વેગ આપવા માટે 'સ્વદેશ બેંકિંગ' રજૂ કર્યું

મુંબઈ, તા.૧૯

ભારતની અગ્રણી સ્મોલ ફાઈનાન્સ બેંક એયુ સ્મોલ ફાઈનાન્સ બેંકગ્રામીણ ભારતમાં બેંકિંગમાં પરિવર્તન લાવવા માટે એક અગ્રણી પહેલ ''સ્વદેશ બેંકિંગ'' રજૂ કરવામાં ગર્વ અનુભવે છે. સ્વદેશ બેંકિંગ વર્ટિકલને નાણાંકીય સમાવેશ, ગ્રામીણ તથા અર્ધ-શહેરી બજારોની ઊંડી સમજણ તથા ઈન્ડિયાના ભારતમાં ખેડૂતો, સ્વ-રોજગાર મેળવતા લોકો તથા સૂક્ષ્મ એકમોને ૩૬૦ ડિગ્રી કોમ્પ્રિહેન્સિવ સોલ્યુશન્સ પૂરા પાડવાના એયુસ્મોલ ફાઈનાન્સ બેંક (એયુ એસએફબી) વારસાનો લાભ લેવા માટે વ્યૂહાત્મક રીતે ડિઝાઈન કરવામાં આવ્યુંછે.

નાણાંકીય અને ડિજિટલ સમાવેશને પ્રોત્સાહિત કરવાની અતૂટ પ્રતિબદ્ધતા સાથે, એયુ એસએફબી વંચિત સમુદાયોનું સશક્તિકરણ કરવા અને ગ્રામીણ તથા વંચિત વિસ્તારોમાં આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત છે. આમ 'સ્વદેશ બેંકિંગ'ની રજૂઆત સાથે, એયુ એસએફબી તેની ગ્રામીણ શાખાઓ, બેંકિંગ આઉટલેટ્સ, બેંકિંગ કોરસ્પોન્ડન્ટ્સ, ફાઈનાન્શિયલ એન્ડ ડિજિટલ ઈક્લુઝનયુનિટ તેમજ નાના અને સીમાંત ખેડૂત (એસએમએફ) ધિરાણ એકમોને એક છત્ર હેઠળ લેવાશે તથા બેંકના ગ્રાહકોના લાભ માટે લીડરશીપને સુવ્યવસ્થિત કરશે.

સ્વદેશ બેંકિંગ વધુ સારૂ ફોકસ લાવશે તથા ગ્રામીણ સમુદાયો અને વ્યવસાયોની વિશિષ્ટ જરૂરિયાતો અને પડકારોને પહોંચી વળવા કસ્ટમાઈઝ્ડ બેંકિંગ પ્રોડક્ટ્સ, સર્વિસીઝ અને કામગીરી તરફ દોરી જશે.

# ચોટીલાના કાળાસર ગામ મુકામે ઠાકરધણીની ધ્વજા રોહણની અનોખી પ્રક્રિયા આજે પણ યથાવત



(પ્રતિનિધિ દ્વારા)

ચોટીલા, તા.૧૯

ચોટીલાની આસપાસનો વિસ્તાર પાંચાળ તરીકે ઓળખાય છે. પાંચાળની ભૂમિ સંતો-મહંતો, દેવી-દેવતાઓ અને દાતારોની ભૂમિ તરીકે પ્રસિદ્ધ છે. ચોટીલાથી ૫-૬ કિલોમીટર દૂર કાળાસર ગામ આવેલ છે, જ્યાં ઠાકર ધણીની જગ્યા આવેલ છે. દર વર્ષે અહી ભાદરવા સુદ બીજના દિવસે ધ્વજારોહણ કરવામાં આવે છે. વર્ષોથી સ્વ.ઘુસાબાપા બેચરબાપા કુકડિયા (લાખચોકિયા)ના પરિવારના સભ્યો દ્વારા મંદિર ઉપર ધ્વજા ચડાવાય છે. પરંતુ કેમ એકજ પરિવાર દ્વારા ? તો વાત જાણે એમ છે કે ગુરૂસ્થાન મોટા પાળીયાદ ઠાકરધણી કાળાસર જગ્યામાં મહાયગ્ન થયો ત્યારે સ્વ.ઘુસાબાપા બેચરબાપા કુકડિયા જેમણે પોતાની એક ગામની સમસ્ત જમીન દાનમાં આપી દીધેલ તેમની આ દાતારીને બિરદાવા કાળાસર જગ્યા તરફતિ દરવર્ષે ઘુસાબાપાના પરિવારના સભ્યોને ભાદરવા સુદબીજના દિવસે અહિ ધ્વજારોહણ કરવા માટે આમંત્રણ આપવામાં આવે છે અને સન્માનીત કરવામાં આવે છે. આવી તો કેટલીયા ગાથાઓ પાંચાળની ધરામાં ધાર્બાયને પડેલી છે જે આપના કાન સુધી હજે સુધી નથી પહોંચી હતી.

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા.૧૯-૯-૨૦૨૩ થી ૨૪-૯-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન હિમ્મત અને સ્વાસ્થય ટકાવી રાખવા હિતાવહ. દ્રઢતા અને મક્કમતા કેળવવા માનસિકસ્વાસ્થય જાળવી શક્શો તો પરિસ્થિતની સાનુકૂળતા રહેશે. નાણાંકીય મૂંઝવણ રહ્યા કરે. એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ રહે. ધંધા-વ્યવસાયમાં મિશ્ર સંજોગો રહે. નોકરીયાતને અટકેલા લાભો મળે અને ઉન્નતિનો માર્ગ સરળ બને. મળેલી તકને ઝડપી લેવી. કૌટુંબિક પ્રશ્નોને કારણે મનમાં અશાંતિ રહે. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સમય દરમિયાન માનસિક ઉત્પાત કે અજંપો વર્તાય. આત્મવિશ્વાસ અડગ રાખવું. તમારા વિચારો અને સિધ્ધાંતોને વળગી ન રહેવું. આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય. અગત્યની કામગીરી કે ઉપરી દ્વારા યશ ન મળતા ઉદ્વેગ રહે. જીવનસાથી સાથે કુનેહપૂર્વક અને સહનશીલતાસભર વર્તન કરવું. સંતાનો સાથે સારૂં રહે. આરોગ્ય જાળવવું હિતાવહ.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન તમારી સમસ્યાનો ઉકેલ મળતા રાહતનો અનુભવ થાય. નાણાંકીય સ્થિતિ મુશ્કેલીભરી રહે. એક બાજુ ખર્ચ વધે જ્યારે બીજી બાજુ આવક યથાવત રહે જેથી નાણાંભીડનો સામનો કરવો પડે. નોકરી ક્ષેત્રે પણ દેખીતા લાભ મેળવી શક્શો નહીં. વિરોધીઓના કારણે વિઘ્નો આવે. વેપાર-ધંધા ક્ષેત્રે પણ સંઘર્ષમય સ્થિતિ રહે. દામ્પત્ય જીવનમાં સાનુકૂળતા અને લાગણીસભર વાતાવરણ રહે. આરોગ્ય એકંદરે સારું રહે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન અકારણ ચિંતાને કારણે અકળામણ અને અશાંતિ વધે. મનને શાંત રાખવું હિતાવહ. વાણી સંયમ જાળવવું. નાણાંકીય જવાબદારી વધે, આવક કરતા જાવક વધે. આ સમય દરમિયાન નાણાંનુ રોકાણકરવું નહિં કે મોટા સાહસમાં ન પડવું હિતાવહ. નોકરીયાત માટે આ સમય સારો છે. પ્રગત્તિ અને ઉન્નતિની તક મળે. વડીલોકે સ્નેહિજનોની તબિયત અંગે ચિંતા રહે. જીવનસાથીનો સહકાર મળે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન અંગત મુશ્કેલીઓને કારણે વ્યથા અનુભવાય. બેચેની રહે, મનને પ્રવૃત્તિમાં રાખવું જેથી રાહત અનુભવાય. નાણાંકીય પરિસ્થિતિ મધ્યમ રહે. ખર્ચ અને ચૂકવણીના કારણે આવક વપરાઈ જાય. નોકરીયાત વર્ગ માટે આ સમય પ્રતિકૂળતાસભર છે. વિરોધીઓથી સાવધ રહેવું અને ઉતાવળીયા નિર્ણયો ન લેવા. ઉપરી અધિકારીથી ચકમક ઝરે. મિલ્કત અંગેના પ્રશ્નો યથાવત રહે. ગૃહજીવનમાં મતભેદ હોય તો તે દૂર થાય. આરોગ્ય એકંદરે સારું રહે.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન તમે સર્જનાત્મક કાર્યો કરી શકશો. સફળતા મળે. મનમાં આનંદ-ઉત્સાહનું વાતાવરણ રહે. નાણાંકીય રીતે મૂંઝવણ અનુભવાય છતાં કોઈ કાર્ય અટકે નહીં. ધંધા-વ્યવસાય ક્ષેત્રે ધીમીગતિએ પ્રગતિ થાય. વિરોધીઓના હાથ વડે નોકરીયાત વર્ગ માટે આ સમય સફળતા-યશ-માન અપાવનાર રહે. ગૃહસ્થીજીવનમાં સંવાદીતતા ભર્યું વાતાવરણ રહે. સંતાનો પ્રત્યે વધુ ધ્યાન આપવું જરૂરી બને. આરોગ્ય સારું રહે.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન ટેન્શન અને તાણમાંથી મૂક્તિ મળે. નવિન તકો આવે તેને વધાવી લેજો. યશ-માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આર્થિક પરિસ્થિતિ થોડી ગુંચવાય. ફરજ અને ખર્ચાઓ વધે છતાં તમારા કાર્યો અટકે નહીં. નોકરી-ધંધા ક્ષેત્રે આ સમય સાનુકૂળતાસભર છે. નોકરીયાત વર્ગને મુશ્કેલી હોય તો તેને તેમાંથી માર્ગ મળે. ધંધા-વ્યવસાયવાળાના ભાગીદારીના પ્રશ્નો હલ થાય, હિતશત્રુઓથી સાવધ રહેવું. ધીરજ અને સંયમ રાખવું. સ્વજનો સાથે મતભેદ રહે. કુનેહપૂર્વકનું વર્તન રાખવું અને આરોગ્ય જાળવવું હિતાવહ.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન તમે માનાસિક રીતે સ્વસ્થ રહો. આત્મવિશ્વાસમાં વધારો થાય. વ્યવસાયમાં નવી તકો મળે જેનું ભવિષ્ય માટે આયોજન થાય. નોકરીયાત માટે સારું રહે. અંગત પ્રશ્નો ઉકેલાય. બઢતી મળે, ભાગીદારીથી ચેતતા રહેવું. હિતશત્રુઓના કારણે વિઘ્નો આવે. કૌટુંબિક રીતે જોતા ભાઈ-ભાંડુ સાથે વિવાદ સર્જાય. બાળકોથી સુખ મળે. જીવનસાથીનો સહકાર સંપાદન કરી શકાય.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન ખોટી ચિંતાઓ વધે. અવિશ્વાસ, શંકા, ભયથી દૂર રહેવું નહિંતો ગૃહસ્થીજીવનમાં અસંતોષ રહે. નાણાંકીય તકલીફ દૂર થાય. અન્યોની મદદ દ્વારા ધંધાકીય કાર્યો પાર પડે. ખર્ચ વધે, નોકરીયાત વર્ગ માટે સાનુકૂળતાસભર સમય. ઉપરી અધિકારીઓનો વિશ્વાસ સંપાદન કરી શકશો. કોર્ટ-કચેરીને લગતા પ્રશ્નો ઉકેલાય. વડીલો અને ભાઈ-ભાડુંઓની મદદ મળે. જીવનસાથી સાથે સમજદારીભર્યું વર્તન રાખવું નહિં તો અશાંતિ સર્જાય. તબિયત એકંદરે સારી રહે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન લાંબા સમયથી ચાલી આવતી અશાંતિ દૂર થાય. સાનુકૂળતા સભર સમય. વધારાની આવક ઊભી થાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે શુભ સમય, નોકરીયાત વર્ગના બઢતી-બદલીના પ્રશ્નોનો હલ થાય. મહત્વની કામગીરી અંગે યશ મળે. કૌટુંબિક પ્રશ્નો હલ થાય. જીવનામાં શાંતિ અનો આનાંદનું વાતાવરણ રહે. તબિયત સારી રહે.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ પ્રગતિકારક રહે. માનાસિક સ્વાસ્થય જાળવી શકાય. વિપરીત સંજોગોમાંથી માર્ગ મળે. ધંધાકીય ક્ષેત્રે સ્થિતિ યથાવત રહે. આવક વધે નહિં પરંતુ ખર્ચમાં થોડો વધારો થતા નાણાંકીય મૂંઝવણ રહે. વિરોધીઓથી ચેતતા રહેવું. નોકરીયાત માટે સારો સમય છે છતાં પણ સમાધાનકારી વલણ અપનાવવું હિતાવહ. દામ્પત્યજીવનામાં સર્જાયેલા મતભેદો દૂર થાય. સહકાર ભર્યું વાતાવરણ રહે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન નિરાશાના વાદળો દૂર થતા જણાય. બોધરેશન હળવું થાય અનો મનમાં રાહત અનુભવાય. ધંધાકીય ક્ષેત્રે જરૂરી આવક મળી રહે પરંતુ પુરૂષાર્થ કરવું પડે. મહત્વના નિર્ણયો લઈ શકાય. નોકરીયાત વર્ગ માટે મિશ્ર સમય. વાણી સંયમ જાળવવો હિતાવહ. ગૃહસ્થી જીવનમાં મતભેદ રહે.

# ઓપન સ્કૂલમાં ધો.૯થી ૧૨ના વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશનની કામગીરી શરૂ

## વિદ્યાર્થીઓ નજીકની સરકારી-ગ્રાન્ટેડ સ્કૂલમાં જશે તો રજિસ્ટ્રેશન માટે મદદ કરાશે

અમદાવાદ, તા.૧૯

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ (GSOS)ને ફરીથી સક્રિય કર્યા બાદ હવે ધો.૯થી ૧૨ના વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશનની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ માટે વિદ્યાર્થીએ નજીકની સરકારી કે ગ્રાન્ટેડ સ્કૂલનો સંપર્ક કરવાનો રહેશે અને તેના આચાર્ય દ્વારા બ્લોક રિસોર્સ સેન્ટરથી તેમનું રજિસ્ટ્રેશન કરાવવામાં આવશે. GSOSના અમલીકરણ માટે શિક્ષણ બોર્ડ દ્વારા રાજયના તમામ જિલ્લાઓમાં નોડલ અધિકારીની નિમણૂક પણ કરી દેવામાં આવી છે. વિવિધ કારણોસર શાળા છોડી જતા બાળકોને ઉંમર, સમય કે સ્થળના બંધન સિવાય અધૂરૂ શિક્ષણ પૂરૂં કરવા માટે ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ તક પૂરી પાડે છે. ગુજરાતના તમામ જિલ્લાઓમાં GSOSના અમલીકરણ માટે જિલ્લા દીઠ એક નોડલ અધિકારી અને તાલુકા દિઠ ઓછામાં ઓછું એક સ્ટડી સેન્ટર નિયત કરવામાં આવ્યું છે. શાળામાં નિયમિત વિદ્યાર્થી તરીકે દાખલ થવા ઈચ્છતા ન હોય તેવા વિદ્યાર્થીઓને બોર્ડની સૂચના અનુસાર GSOSમાં રજિસ્ટ્રેશન ચાલુ કરવામાં આવ્યું છે.ચાલુ શૈક્ષણિક વર્ષથી વિદ્યાર્થીઓ માધ્યમિક વિભાગમાં ધો.૯ અને ૧૦ તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના સમાન્ય પ્રવાહમાં ધો.૧૧ અને ૧૨ માટે નિયમિત વિદ્યાર્થી તરીકે હાલ નોંધાયેલા ન હોય અને અભ્યાસ કરવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓ GSOSમાં રજિસ્ટ્રેશન કરાવી શકશે. જેના માટે ધો.૯ માટે પહેલી જૂનના રોજ ૧૩ વર્ષ પૂર્ણ થયેલા હોવા જોઈએ. ધો.૧૦ માટે પહેલી જૂનના રોજ ૧૪ વર્ષ પૂર્ણ થયેલા હોવા જોઈએ. ધો.૧૧ માટે ધો.૧૦ પાસ કરેલું હોવું જોઈએ અને ધો.૧૨ માટે ધો.૧૦ પાસ કર્યા બાદ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા સુધી બે વર્ષ જેટલો સમયગાળો થતો હોય તેઓ રજિસ્ટ્રેશન કરાવી શકે છે. GSOSમાં રજિસ્ટ્રેશન માટે કોઈપણ પ્રકારની ફી લેવામાં આવશે નહીં અને અભ્યાસ માટે તમામ સેવા નિઃશુલ્ક રહેશે. ધો.૯થી ૧૨માં નોંધણી કરાવવા માટે વિદ્યાર્થીએ પોતાના રહેઠાણની નજીક આવેલી કોઈપણ સરકારી કે ગ્રાન્ટેડ સ્કૂલનો સંપર્ક કરવાનો રહેશે.આવા વિદ્યાર્થીને નજીકના બ્લોક રિસોર્સ સેન્ટરથી રજિસ્ટ્રેશન કરાવવાની જવાબદારી જે તે શાળાના આચાર્યની રહેશે. ઉપરાંત વિદ્યાર્થીઓને GSOSનો લાભ મળે તે માટે શાળાના શિક્ષકો અને મુખ્ય શિક્ષકોએ પ્રયાસ કરવાના રહેશે. બ્લોક રિસોર્સ સેન્ટર દ્વારા આવા વિદ્યાર્થીઓની નોંધણી, રજિસ્ટ્રેશન માટેની પાત્રતાને ધ્યાને રાખી ચાઈલ્ડ ટ્રેકિંગ નંબરનો ઉપયોગ કરી પોર્ટલ ઉપર એન્ટ્રી કરવાની રહેશે.

# નિયમોનું પાલન ના કરતી ગુજરાતની ત્રણ સહકારી બેન્કોને RBIએ ફટકાર્યો લાખોનો દંડ

## થોડા દિવસો પહેલા જ RBIએ સાયબર સુરક્ષાના નિયમોની અવગણના કરતી અન્ય બેન્ક ઉપર પણ દંડ લગાવ્યો હતો

નવી દિલ્હી, તા.૧૯

ભારતીય રિઝર્વ બેન્કે ચાર બેન્કો ઉપર ભારે દંડ ફટકાર્યો છે કારણ કે આ બેંકોએ નિયમોનું પાલન કર્યું નહોતું. આરબીઆઈએ પોતાના આદેશમાં કહ્યું હતું કે તપાસ દરમ્યાન જાણવા મળ્યું હતું કે આ બેન્કોએ માર્ગદર્શિકાનું પાલન કર્યું નથી જેના કારણે તેમના ઉપર ભારે દંડ લગાવવામાં આવી રહ્યો છે.આરબીઆઈએ જે ચાર બેન્કોને દંડ ફટકાર્યો છે એ તમામ સહકારી બેન્કો છે તેમાંથી ત્રણ બેન્કો ગુજરાતની છે. આરબીઆઈના જણાવ્યા અનુસાર, જે બેન્કો ઉપર દંડ લગાવવામાં આવ્યો છે તેમાં બારામતી કો-ઓપરેટિવ બેન્ક, બેચરાજી નાગરિક કો-ઓપરેટિવ બેન્ક, વાઘોડિયા અર્બન કો-ઓપરેટિવ બેન્ક અને વિરમગામ મર્કેન્ટાઈલ કો-ઓપરેટિવ બેન્કનો સમાવેશ થાય છે. આરબીઆઈએ કહ્યું હતું કે બારામતી કો-ઓપરેટિવ બેન્ક ઉપર ૨ લાખ રૂપિયા અને બેચરાજી નાગરિક સહકારી બેન્ક ઉપર ૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ ઉપરાંત વાઘોડિયા અર્બન કો-ઓપરેટિવ બેન્કને ૫ લાખ રૂપિયા અને વિરમગામ મર્કેન્ટાઈલ કો-ઓપરેટિવ બેન્કને ૫ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. રિઝર્વ બેન્ક ઓફ્ ઈન્ડિયાએ આ તમામ બેન્કો પર અલગ-અલગ કારણોસર દંડ લગાવ્યો છે અને તમામ બેન્કોને નિયમોનું પાલન કરવાનો નિર્દેશ આપ્યો છે. જો તેઓ નિયમોનું પાલન નહી કરે તો દંડ અને નિયંત્રણો લાદવામાં આવી શકે છે. નોંધનીય છે કે થોડા દિવસો પહેલા જ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ સાઈબર સુરક્ષાના નિયમોની અવગણના કરતી અન્ય બેન્ક ઉપર દંડ લગાવ્યો હતો. એપી મહેશ કો-ઓપરેટિવ બેન્કને ૬૫ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. હેકર્સે આ બેન્કોની સિક્યોરિટી તોડી ૧૨.૪૮ કરોડ રૂપિયા ઉપાડી લીધા હતા. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના નિયમો અનુસાર જે બેન્કો ઉપર દંડ લાદવામાં આવે છે. તેની ચૂકવણી બેન્કોએ જ કરવાની રહેશે. તેમાં ખાતુ ખોલાવનારા લોકોએ આ રકમ ચૂકવવાની નથી. આ બદલ ગ્રાહકોએ કોઈ પણ પ્રકારનો ચાર્જ ચૂકવવાનો નથી. આ દંડ બેન્ક દ્વારા જ ભરવાનો રહેશે.

# રોકાણકારો માટે સપ્ટેમ્બરમાં શેર બજાર રોકેટ ગતિએ ઉછળ્યું : ઓલટાઇમ હાઇ

મુંબઈ, તા.૧૯

આ મહિનાની ૧૫ સપ્ટેમ્બર સુધી ૧૧ દિવસથી શેરબજારમાં કારોબાર થઈ રહ્યો છે. આમાં સેન્સેક્સ સતત ૧૧ દિવસ સુધી ઉછળ્યો છે. તો બીજી તરફ, નિફ્ટીમાં માત્ર એક દિવસ માટે થોડો ઘટાડો થયો હતો. શેરબજારમાં અદ્‌ભૂત ઉછાળાને કારણે રોકાણકારોની તિજોરી ભરાઈ ગઈ છે. આ મહિને તેની કમાણી ૩૩ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. તમને જણાવી દઈએ કે ૧ સપ્ટેમ્બરે જ્યારે શેર બજાર ખૂલ્યું ત્યારે બીએસઈ ઉપર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ ૩,૦૯,૫૯,૧૩૮.૭૦ લાખ કરોડ રૂપિયા હતું. તો બીજી તરફ, ૧ સપ્ટેમ્બરથી ૧૫ સપ્ટેમ્બર વચ્ચેના ૧૧ ટ્રેડિંગ દિવસોમાં તે વધીને ૩,૨૩,૨૦,૩૭૭.૬૯ લાખ કરોડ રૂપિયા થઈ ગયું. આ રીતે રોકાણકારોએ ૧૨.૫૭ લાખ કરોડ રૂપિયાની કમાણી કરી છે. કારોબારી સપ્તાહના અંતિમ દિવસે બજારમાં તેજી જોવા મળી હતી. સેન્સેક્સ અને નિફ્ટી રેકોર્ડ હાઈ ઉપર બંધ થયા છે. મિડકેપ, સ્મોલકેપ ઈન્ડેક્સ વધીને બંધ થયા છે.ઓટો, આઈટી, ફાર્મા, બેંકિંગ શેરોમાં ખરીદારી જોવા મળી હતી જ્યારે પીએસઈ, રિયલ્ટી, એફએમસીજી શેરોમાં દબાણ જોવા મળ્યું હતું. બજાજ ઓટો, ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ, એમએન્ડએમ, હીરો મોટોકોર્પ અને એચસીએલ ટેક્નોલોજીસ નિફ્ટીમાં ટોપ ગેનર હતા. ભારતીય શેરબજાર રેકોર્ડ ઊંચાઈ ઉપર બંધ થયું છે. બેંકિંગ, ઓટો અને આઈટી શેરોમાં જોરદાર ખરીદીને કારણે બજાર મજબૂત ઉછાળા સાથે બંધ થયું હતું. બેંકિંગ, આઈટી, ઓટો, ફાર્મા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને હેલ્થકેર શેરોમાં જબરદસ્ત વૃદ્ધિ જોવા મળી છે. મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોમાં ઉછાળાને કારણે ઈન્ડેક્સમાં વધારો જોવા મળ્યો હતો.

# રાજ્યના ખેડૂતોના દાવાની રૂ.૩૦૦ કરોડ વીમાની રકમ હજુ પણ ચૂકવવાની બાકી

## અબજો રૂપિયાનું પ્રીમિયમ ખેડૂતો પાસેથી ઉઘરાવી નામ પૂરતી પણ સહાય ન અપાઈ : મોઢવાડિયા

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત વિધાનસભામાં તાજેતરમાં પ્રશ્નોતરી કાળ દરમ્યાન ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાના પ્રશ્નના સંદર્ભમાં કૃષિમંત્રી દ્વારા આપવામાં આવેલ જવાબમાં ખુલાસો થયો છે કે બંધ થઈ ગયેલ છે કે પ્રધાનમંત્રી પાક વીમ યોજના હેઠળ વીમા કંપનીઓને ગુજરાતના ૧,૯૬,૭૭૭ ખેડૂતોના દાવાની ૨૯૭.૪૩ કરોડ જેટલી રકમ ચુકાવવાની બાકી છે, તેમ છતાં આ દાવાની રકમ ખેડૂતોને મળે તે માટે રાજ્યની ભાજપ સરકાર દ્વારા કોઈ નક્કર પ્રયત્નો કરવામાં આવી રહ્યા નથી. આ અંગે ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ માહિતી આપતા જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીની કેન્દ્ર અને રાજ્યની સરકારે પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીએ શરૂ કરેલ પાક વીમા યોજના બંધ કરીને પ્રધાનમંત્રી પાકવીમા યોજનાની ૨૦૧૫માં ઢંઢેરો પીટીને શરૂઆત કરી હતી. આ યોજના ખેડૂતો માટે નહીં, પણ વીમા કંપનીઓના લાભાર્થ બનાવવામાં આવી હતી. એટલે આ યોજના ચાર-પાંચ વર્ષ સુધી ચાલવા દઈને ઓચિંતી બંધ કરી દેવામાં આવી. જેના કારણે ગુજરાતમાં છેલ્લા બે વર્ષથી ખેડૂતો માટે કોઈ પાક વીમા યોજના હાયાત નથી, એટલુ જ નહીં પાંચ વર્ષ સુધી વીમા કંપનીઓ ખેડૂતો પાસેથી અબજો રૂપિયાના પ્રિમિયમ ઉઘરાવી લીધા હતા. જેની સામે ખેડૂતોને માત્ર નામ પુરતી સહાય આપવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૬-૧૭માં ખેડૂતો પાસેથી પ્રિમિયમ ઉઘરાવામાં આવ્યા પરંતુ તેની સામે નુકશાનીનું પર્યાપ્ત વળતર ખેડૂતોને આપવામાં આવ્યા નથી. વર્ષ ૨૦૧૭-૧૮ માં ૩૧૨૫ ખેડૂતોની ૯૧ લાખ ૪૭ હજાર રૂપિયાની દાવાની રકમ આજ દિવસ સુધી ચુકવવામાં આવી નથી. વર્ષ ૨૦૧૮-૧૯ માં ૩૪૯ ખેડૂતોની ૧૮ લાખ ૩૮ હજાર રૂપિયાના દાવાઓની રકમ પણ ચૂકવાઈ નથી. જયારે વર્ષ ૨૦૧૯-૨૦ માં ૧,૯૩,૩૦૭ ખેડૂતોના ૨૯૪ કરોડ ૩૨ લાખ રૂપિયા જેટલો દાવાઓની રકમ આજ દિવસ સુધી ચુકવવામાં આવી નથી. આ વીમા કંપનીઓએ ખેડૂતો પાસેથી પ્રિમિયમ ઉઘરાવ્યા છે, તેમ છતાં તેમના પાક નિષ્ફળ જતા વીમાના દાવાઓની રકમ આજ દિવસ સુધી ચુકવવામાં આવતી નથી. ખેડૂતો દ્વારા આ મુદ્દે વારંવાર રજૂઆત કરવામાં આવી છે, તેમ છતાં કંપનીઓ કોઈ રકમ ચૂકવી રહી નથી. મોઢવાડિયાએ વધુમાં ઉમેર્યુ હતું કે વર્ષ ૨૦૨૦-૨૧ થી અત્યારે ત્રીજુ વર્ષ ચાલે છે જેમાં ગુજરાતના એકપણ ખેડૂતનો પાક વીમો લેવામાં જ આવ્યો નથી. એટલે પાક વીમો સદંતર બંધ કરી દેવાતા ગુજરાતના ખેડૂતોને મોટો માર પડ્યો છે. ચાલુ વર્ષે છેલ્લા બે મહિના જેટલા સમયથી વરસાદ ન થતા રાજ્યમાં અનેક ખેડુતોનો પાક નિષ્ફળ ગયો છે. તેમ છતાં ગુજરાતના ખેડુતોને કોઈપણ પ્રકારની સહાય કે રાહત આપવામાં આવી નથી. સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી મુખ્યમંત્રી કિસાન સહાય યોજના હેઠળ પણ કોઈ સહાય આપવામાં આવી નથી. ખેડૂતોના હકના નાણાં ચુકવવામાં આનાકાની કરી રહેલ કંપનીઓ સામે કાયદેસરના પગલા અને પ્રીમિયમ ભરનારા ખેડૂતોની રકમ અપાવે અથવા સરકાર ચૂકવે તેમજ ચાલુ વર્ષે વરસાદ ખેંચાતા પાક નિષ્ફળ જવાના કેસમાં સરકાર ખેડૂતોને કિસાન સહાય યોજના હેઠળ સહાય ચુકવે તેમ વધુમાં તેમણે જણાવ્યું હતું.

# NCPમાં ગૃહયુદ્ધ : શરદ પવારે કહ્યું, પાર્ટીમાં કોઈ વિભાજન નથી, ચૂંટણી પંચનો દલીલ સ્વીકારવા ઈન્કાર

મુંબઈ, તા.૧૯

એનસીપીના શરદ પવારની આગેવાની હેઠળના જૂથને મોટા આંચકામાં સ્ભારતના ચૂંટણી પંચે તાજેતરમાં એનસીપીમાં કોઈ વિભાજનની તેવી તેમની દલીલને સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. ચૂંટણી પંચે જણાવ્યું કે, એનસીપી બે જૂથો વચ્ચે વહેંચાયેલું છે એકનું નેતૃત્વ શરદ પવાર કરે છે અને બીજાનું નેતૃત્વ નાયબ મુખ્યમંત્રી અજિત પવાર કરે છે. ચૂંટણી પંચે ૬ ઓકટોબરે સુનાવણી દરમ્યાન બંને પક્ષોને પોતપોતાના જવાબો રજૂ કરવા જણાવ્યું હતું. પછી તે નિર્ણય લેશે કે વાસ્તવિક એનસીપી કોની છે અને પક્ષનું પ્રતીક કોને ફાળવવાનું છે. દરમ્યાન એનસીપીના રાજ્ય પ્રમુખ જયંત પાટીલે જણાવ્યું હતું કે, તેમને આશા ન હતી કે એનસીપી પાર્ટીમાં કોઈ વિભાજનના તેમના દાવા ઉપર અલગ નિર્ણય લેવાશે. પાટિલે કહ્યું કે, 'અમે ચૂંટણી પંચને જાણ કરી હતી કે એનસીપીમાં કોઈ વિભાજન નથી. પરંતુ અમારો પક્ષ સાંભળ્યા વિના પંચે એનસીપીમાં ભાગલાનો નિર્ણય લીધો અને સ્વીકારી લીધો. અમે પંચના મનસ્વી નિર્ણય ઉપર કાનૂની અભિપ્રાય માંગી રહ્યા છીએ. તે દર્શાવે છે કે, ચૂંટણી પંચનું વર્તન કાયદા અનુસાર નથી. તે ખૂબ જ આશ્ચર્યજનક છે.' અજિત પવારે તેના ઉપર બોલવાનો ઈન્કાર કરતા કહ્યું, 'બંને પક્ષોને સાંભળ્યા પછી ચૂંટણી પંચને નિર્ણય લેવા દો.' તેમણે કહ્યું કે, તે વાસ્તવિકતા અને દસ્તાવેજોના આધારે નિર્ણય લેશે. અજિત પવારના નજીકના એક સૂત્રએ જણાવ્યું હતું કે, શરદ પવારે ક્યારેય પાર્ટીના રાષ્ટ્રીય અને રાજય એકમોની ચૂંટણીને થોડા સમય માટે બોલાવી નથી. 'હકીકતમાં શરદ પવાર જૂથ દ્વારા પાર્ટીના બંધારણનું ઘણું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. અમે આ તમામ હકીકતો ચૂંટણી પંચ સમક્ષ રજૂ કરીશું. અમે જાણીએ છીએ કે પાર્ટી કેવી રીતે ચલાવવામાં આવી હતી. અમે નજીકથી જોઈ રહ્યા છીએ અને તેથી અમને વિશ્વાસ છે કે, પાર્ટીનું નામ અને નિશાન મળશે. સૂત્રએ કહ્યું કે, તેઓ તેમની લડાઈ ચાલુ રાખશે. તેમણે કહ્યું કે, તેઓએ જોયું છે કે, કેવી રીતે કેન્દ્રીય એજન્સીઓ અને ચૂંટણી પંચ જેવી સ્વતંત્ર સંસ્થાઓ આંશિક રીતે કામ કરે છે તેથી તેઓ દરેક પ્રકારની પરિસ્થિતિ માટે તૈયાર છે.

# રાજ્યની ૩૧૭ કોલેજો તથા ૫૬૦૦ જેટલી શાળાઓમાં કાયમી ગ્રંથપાલ જ નથી!


ગાંધીનગર,તા.૧૯

રાજ્યમાં છેલ્લાં ૩૦-૩૦ વર્ષથી ગ્રંથપાલની કાયમી ભરતી થઈ નથી. જેના માટે અનેક વખત માંગણી કરવામાં આવી છે. અરજીઓ કરવામાં આવી છે. પરંતુ સરકાર તેના પ્રત્યે ગંભીર ન હોય તેવું લાગે છે. છેલ્લાં ૩૦ વર્ષથી શાળાઓમાં તો ૨૫ વર્ષથી કોલેજોમાં ગ્રંથપાલની કાયમી ભરતી કરાઈ નથી. જેમાં અનુદાનિત અને સરકારી ૩૧૭ કોલેજ અને ૫૬૦૦ શાળામાં કાયમી ગ્રંથપાલ જ નથી.આ અંગે છેલ્લાં ૧૩ વર્ષમાં ગ્રંથપાલ કર્મચારી મંડળે ૯૪ આવેદનપત્ર આપ્યા છે. પરંતુ હજુ સુધી કાયમી ગ્રંથપાલની નિમણૂંક કરાઈ નથી. પરંતુ સરકારના આંખ આડા કાન છે. ગ્રંથપાલ કર્મચારી મંડની માંગણીઓ મુજબ ૩૦ વર્ષથી રાજ્યમાં ગ્રંથપાલની ભરતી જ થઈ નથી જે ભરતીઓ કરવામાં આવે. જેમાં અનુદાનિત અને સરકારી ૩૧૭ કોલેજો અને ૫૬૦૦ શાળાઓમાં કાયમી ગ્રંથપાલ જ નથી. આ અંગે છેલ્લા ૧૩ વર્ષમાં ગ્રંથપાલ કર્મચારી મંડળે ૯૪ આવેદનપત્ર આપ્યા છે. આવેદનપત્ર દ્વારા ૧૩ વર્ષમાં મુખ્યમંત્રી, શિક્ષણ મંત્રી, શિક્ષણ સચિવ, શિક્ષણ કમિશનરને રજૂઆતો કરાઈ છે પરંતુ આ અંગે કામગીરી ચાલુ હોવાની માત્ર વાતો જ સાંભળવા મળે છે.

# ICRIERનો અભ્યાસ દર્શાવે છે કે ખાદ્ય ફુગાવાને નિયંત્રિત કરવા માટે સરકારના પગલાં નિષ્ફળ ગયા છે અને ખેડૂતોને રૂા. ૪૦,૦૦૦ કરોડથી વધુનું નુકસાન થયું છે

નવી દિલ્હી, તા.૧૯

દેશના ઉત્પાદન થતાં ઘઉં અને બિન-બાસમતી સફેદ ચોખાની નિકાસ ઉપર પ્રતિબંધ મૂકીને ખાદ્ય ફુગાવાને અંકુશમાં લેવાના ભારતના પ્રયાસો તેની સ્થાનિક કિંમતોને નીચી રાખવામાં નિષ્ફળ ગયા છે, પરંતુ તેના લીધે ખેડૂતોને રૂા.૪૦,૦૦૦ કરોડથી વધુનું નુકસાન થયું છે. ભારતના વેપારી ભાગીદારોમાં પણ ગભરાટ સર્જાયો છે. ઈન્ડિયન કાઉન્સિલ ફોર રિસર્ચ ઓન ઈન્ટરનેશનલ ઈકોનોમિક રિલેશન્સ (ICRIER)ના તમામ સંશોધકો - અશોક ગુલાટી, રયા દાસ, સંચિત ગુપ્તા અને મનીષકુમાર પ્રસાદ દ્વારા લખાયેલ અને પ્રકાશિત થયેલા એક પેપરમાં ખાદ્ય ફુગાવા માટે અનેક વૈકલ્પિક ઉકેલો પણ સૂચવવામાં આવ્યા છે. તાજેતરમાં જાહેર કરાયેલા સરકારી ડેટા અનુસાર, ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) દ્વારા માપવામાં આવતા ખાદ્યપદાર્થોની કિંમતો ભારત માટે મહત્ત્વનો મુદ્દો છે, જે ઓગસ્ટ ૨૦૨૩માં ૯.૨ ટકા ઉપર આવી ગયો છે. અનાજમાં ફુગાવો ૧૧.૮ ટકા રહ્યો છે. ICRIER પેપરમાં નોંધવામાં આવ્યું છે કે સરકારે ફુગાવાને કાબૂમાં રાખવા માટે અત્યાર સુધીમાં ઘણા પગલાં લીધાં છે, જેમાં મે ૨૦૨૨માં ઘઉંની નિકાસ ઉપર પ્રતિબંધ લાદવામાં આવ્યો, સપ્ટેમ્બર ૨૦૨૨માં તૂટેલા ચોખાની નિકાસ ઉપર પ્રતિબંધ, ઘઉંના વેપારીઓ ઉપર સ્ટોક કરવાની મર્યાદાનો અમલ અને સરકારે જુલાઈ ૨૦૨૩માં નોન-બાસમતી સફેદ ચોખા ઉપર નિકાસ પ્રતિબંધ, બાફેલા ચોખા ઉપર ૨૦ ટકા નિકાસ જકાત અને ઓગસ્ટ ૨૦૨૩માં ડુંગળી ઉપર ૪૦ ટકા નિકાસ જકાત લાદવામાં આવી હતી. આ પગલાં કડક હતા અને યોગ્ય વ્યૂહરચના સાથે ન હતા. પેપરમાં નોંધ્યું છે કે ઘઉંના છૂટક ભાવમાં ફુગાવો જુલાઈ ૨૦૨૩માં ૧૧.૯૪ ટકાથી ઘટીને ઓગસ્ટમાં ૯.૩૩ ટકા થયો હતો. જો કે, સરકાર દ્વારા ૨૬.૧ મિલિયન મેટ્રિક ટન (એમએમટી)ની પ્રાપ્તિ - વર્તમાન રવિ માર્કેટિંગ સિઝનમાં ૩૪ MMTના લક્ષ્યાંકથી “ઓછી” છે અને તે આગામી મહિનાઓમાં ઘઉંના પુરવઠા અંગે ચિંતા પેદા કરે છે. આનાથી છેલ્લા બે વર્ષમાં એક સમસ્યા વધી છે જ્યાં ગરમીના તરંગોને કારણે વાસ્તવિક ઉત્પાદનના વેપાર અંદાજો અને સરકારના સત્તાવાર અંદાજો વચ્ચે સ્પષ્ટ વિસંગતતા જોવા મળી છે. પ્રાપ્તિના નીચા આંકડાથી ગભરાઈને ભારત સરકારે મે ૨૦૨૨માં ઘઉંની નિકાસ ઉપર અચાનક પ્રતિબંધ મૂક્યો હતો. ઘઉંની નિકાસ ઉપરના આ અચાનક પ્રતિબંધને લીધે ઘઉંના ફુગાવાને નીચે લાવવાને બદલે, બજારમાં વધુ અનિશ્ચિતતા તરફ દોરી ગયો, અને ઘઉંનો ફુગાવો ઓગસ્ટ ૨૦૨૨માં વધીને ૧૫.૭ ટકા થયો, જ્યારે GOIએ ઘઉંના લોટ (આટા) ઉત્પાદનોની નિકાસ ઉપર પણ પ્રતિબંધ મૂક્યો હતો. પેપરમાં એવું કહેવામાં આવ્યું હતું કે નિકાસ પ્રતિબંધ ઘઉંના ફુગાવાને નિયંત્રિત કરવાના તેમના અંતિમ ધ્યેયમાં નિષ્ફળ ગયો હતો, જે લણણીની સીઝન પહેલા ફેબ્રુઆરી ૨૦૨૩ સુધીમાં ૨૫.૪ ટકા સુધી પહોંચી ગયો હતો. આ પેપર મુજબ, કુલ ૩.૪ MMT ઘઉં લઘુત્તમ ટેકાના ભાવ (MSP) કરતા ઓછા ભાવે વેચાયા હતા જેમાં ભારતીય ખાદ્ય નિગમ (FCI)એ ખેડૂતો પાસેથી ઘઉં ખરીદવા પડે છે. વધુમાં, સરકારે જૂન ૨૦૨૩માં ૧૫ વર્ષમાં પ્રથમ વખત, ઘઉંના ભાવ ફુગાવાને નિયંત્રિત કરવા માટે ઘઉંના સંગ્રહની મર્યાદા લાદી હતી. લેખકોએ સ્વીકાર્યું છે કે આ કડક પગલાં ઘઉંના ભાવ ફુગાવા ઉપર અંકુશ લાવવામાં સફળ થયા હતા પરંતુ આ પગલાંની ભારતના ખેડૂતો ઉપર ખરાબ અસર પડી હતી. આવા નીતિવિષયક પગલાં અપનાવવાથી ભારતની ખાદ્ય કિંમત નીતિમાં શહેરી ગ્રાહકોની તરફેણમાં પૂર્વગ્રહ સૂચવે છે. લેખકોએ દલીલ કરી હતી કે નિકાસ પ્રતિબંધનું સંયોજન અને સરકાર ખેડૂતોને આપેલી એમએસપી કરતાં ઓછી કિંમતે ખુલ્લા બજારમાં ઘઉંનું વેચાણ કરે છે તે સરકાર દ્વારા જ ભારતમાં “ડમ્પિંગ” સમાન છે. આવા બજારના હસ્તક્ષેપ વિના, ખેડૂતો સંભવિતપણે તેમના ઘઉંના વેચાણમાંથી પ્રતિ ક્વિન્ટલ વધારાના રૂા.૫૪૮ કમાઈ શક્યા હોત. ઓપન માર્કેટ સેલ સ્કીમના ઘટેલા ભાવો પર ઘઉંના



વેચાણને કારણે ખેડૂતોને થયેલા સામૂહિક નુકસાનનો અંદાજ રૂા.૪૫,૨૮૩ કરોડ (ફેબ્રુઆરી ૨૦૨૩થી) આશ્ચર્યજનક છે. લેખકોએ જણાવ્યું હતું કે સપ્ટેમ્બર ૨૦૨૨ અને જુલાઈ ૨૦૨૩માં સરકારના ચોખાના નિકાસ ઉપર પ્રતિબંધથી ભારતના વેપાર ભાગીદારોને નુકસાન થયું હતું, જેમાંથી ઘણા તેમની ખાદ્ય સુરક્ષા માટે ભારતીય ચોખા ઉપર ભારે નિર્ભર હતા. શરૂઆતમાં ચોખા ઉપર નિકાસ જકાત લાદવાને બદલે, અને પછી ધીમે ધીમે તેમાં વધારો કરવાને બદલે, સરકારે અચાનક નોન-બાસમતી ચોખાની નિકાસ ઉપર પ્રતિબંધ મૂક્યો, અને ઘણા આફ્રિકન આયાત કરનારા દેશોમાં ગભરાટ પેદા થયો હતો. આ પગલા વૈશ્વિક ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે G20 દરખાસ્તોની ભાવના સાથે સુસંગત નથી, કારણ કે તે આફ્રિકન દેશોને સૌથી વધુ અસર કરે છે, જે ભારતમાંથી બિન-બાસમતી નિકાસમાં નોંધપાત્ર (૫૩.૮૯ ટકા) હિસ્સો ધરાવે છે. નિકાસ પર પ્રતિબંધ હોવા છતાં, ચોખા માટેનો છૂટક ફુગાવાનો દર ઓગસ્ટ ૨૦૨૩માં ગ્રાહક ભાવ સૂચકાંક ૧૨.૫૪ ટકા રહ્યો હતો, જે ફુગાવાને કાબૂમાં રાખવા માટે પસંદ કરાયેલ પ્રતિબંધિત નીતિઓની મર્યાદિત અસરકારકતા દર્શાવે છે. લેખકોએ દલીલ કરી હતી કે ખાદ્ય ફુગાવો ઘટાડવા માટે સરકારે તેની વેપાર નીતિને કાળજીપૂર્વક માપાંકિત કરવી જોઈએ. કિંમતોને નીચે લાવવા અને બજારમાં અછતના ગભરાટને નિયંત્રિત કરવા માટે, ઘઉંની આયાત ડ્યુટી વર્તમાન ૪૦ ટકાથી ૫ ટકા ઘટાડવી જોઈએ અને સરકાર ૫-૬ MMT ઘઉંની આયાત કરી શકે છે. ખેડૂતોને ઓછામાં ઓછા તે ન્યૂનતમ ભાવ મળે તેની ખાતરી કરવા માટે આયાત કિંમત આદર્શ રીતે MSP કરતાં ઓછી હોવી જોઈએ નહીં. સરકારે લણણીની મોસમ દરમિયાન ટામેટાં, ડુંગળી અને બટાકા જેવા અસ્થિર શાકભાજી માટે બફર સ્ટોક રાખવો જોઈએ, જે ખેડૂતોને તેમના ઉત્પાદનના સ્થિર ભાવ મેળવવામાં મદદ કરશે. સરકારે ખુલ્લા બજારમાં MSP કરતા ઓછા ભાવે ઉત્પાદન વેચવાનું ટાળવું જોઈએ, કારણ કે આનાથી ખેડૂતો અને વેપારીઓને સ્ટોરેજમાં રોકાણ કરવા માટે નિરાશ થઈ શકે છે. આ સરળ બનાવવા માટે, કોલ્ડ સ્ટોરેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું વિસ્તરણ મહત્વનું છે. તેઓએ ઘણા મધ્યમ અને લાંબા ગાળાના સૂચનો પણ સૂચવ્યા છે, જેમ કે ખેડૂત ઉત્પાદક સંસ્થાઓને સુવિધા આપવી, સંશોધન અને વિકાસમાં રોકાણ કરવું અને સિંચાઈ દ્વારા આવરી લેવામાં આવેલ વિસ્તારમાં વધારો કરવો જોઈએ.

# લોઢવા ગામે વાછડા દાદાનો હોમ હવન તથા સમસ્ત ગામ પ્રસાદનો કાર્યક્રમ ઉજવાયો

## ૩૦ મણ લોટની પુરી, ૩૦૦૦ લીટર દુધનો દુધપાક તથા ૧૦ ગુણી બટકાની સુકી ભાજી બનાવવામાં આવી



(ભોળા જાદવ દ્વારા)

લોઢવા તા. ૧૯

લોઢગા ગામમાં આજથી ૧૬ વર્ષ પહેલા ઝેરી સાપ તથા હડકાયા કુતરાની મોટી રંજાડ હતી તેથી ગામલોકોએ વાછડા દાદાના ભુવા પાસે આ અંગે પુછાવતા ભુવાઆતાએ કહેલ કે ભાદરવા મહિનાના કોઈપણ એક સોમવારના રોજ ગામના ઝાપામાં હવન કરો અને દરેક દેવી દેવતાના નિવેદ સમગ્ર ગામ સાથે મળીને કરો તેમ જણાવતા ત્યારથી લોઢવા ગામમાં સમસ્ત ગ્રામજનો દ્વારા ભાદરવા મહિનાનો સોમવાર પાળીને તે દિવસે સમસ્ત ગ્રામજનો કોઈપણ નાત, જાતના ભેદભાવ વગર પ્રસાદ લે છે. આ દિવસે તમામ દુધ ઉત્પાદકો દુધ વેચવાના બદલે આ કાર્યમાં વિનામૂલ્યે દુધ આપે છે તેમજ નિવેદ માટે ઘી, ચોખા, ઘઉં પણ આપે છે. આ કાર્યમાં ૩૦ મણ ઘઉંના લોની પુરી, ૩૦૦૦ લીટર દુધનો દુધપાક તથા ૩૦ મણ બટાકાની સુકીભાજી ગામ લોકો જાતે મહેનત કરી બનાવીને સમુહ પ્રસાદમાં પીરસે છે. ગામના ઝાપે ગામના તમામ બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોકતવિધી પ્રમાણે હોમ હવન કરે છે અને ગામમાં આવેલ તમામ દેવી દેવતાના મંદિરે નિવેદ ધરવામાં આવે છે. આ કાર્ય ચાલુ કરેલ ત્યારથી ગામમાં ઝેરી સાપ તથા હડકાયા કુતરાનું કરડવાનું નહિવત થઈ જતા ગ્રામજનો આ કાર્યમાં પુર્ણ શ્રધ્ધા ધરાવે છે.

# કલા પ્રેરણા સંસ્થા જૂનાગઢ દ્વારા ચિત્ર પ્રદર્શન હરીફાઈ યોજાઈ





જૂનાગઢ, તા.૧૯

કલા પ્રેરણા જૂનાગઢ સંસ્થા દ્વારા તાજેતરમાં ચિત્ર પ્રદર્શન અને એક હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં જૂનાગઢના નવોદિત કલાકારોએ અને સ્કૂલના બાળકોએ ભાગ લીધો હતો જેમાં લગભગ ૭૦ જેટલા હરીફોએ પોતાની કૃતિ રજૂ કરી હતી. રેડક્રોસ આઝાદ ચોક ખાતે આ પ્રદર્શન જૂનાગઢ મહાનગરપાલિકાના મેયર ગીતાબેન પરમાર ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. ત્રણ દિવસ ચાલનારા આ પ્રદર્શનમાં રજનીકાંત અગ્રાવત, ધર્મેશ પરમાર, જયેન્દ્ર પરમાર દ્વારા ડેમો સ્ટેશન પણ કરવામાં આવ્યું હતું. કલા સંસ્થા જૂનાગઢમાં બે મહિના પહેલા કાર્યરત થઈ છે અને જૂનાગઢના નવોદિત કલાકારને કલાનું જ્ઞાન મળે અને સારો સ્ટેજ મળે અને ખૂબ આગળ વધે તેવા હેતુથી આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે. આ પ્રદર્શનને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ રજનીકાંત અગ્રાવત, મિહિરભાઈ, અજયભાઈ રાવલ, ગૌરાંગ દવે, રિયા મકવાણા, ધર્મેશ પરમાર, તેમજ કમિટીના તમામ કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

આ પ્રદર્શન ત્રણ કેટેગરીમાં કરવામાં આવ્યું હતું અને ત્રણેય વિભાગમાં હરીફોને રોકડ પુરસ્કાર તેમજ આર્ટ મટીરીયલની ગિફ્ટ આપવામાં આવી હતી તેમજ બેસ્ટ પેન્ટિંગનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. ત્રણ દિવસ ચાલનારા આ પ્રદર્શનમાં જૂનાગઢના હજારો લોકોએ નિહાળીને ખૂબ આનંદ વ્યક્ત કર્યો હતો.

# રાષ્ટ્ર સંત નમ્રમુનિ મહારાજ સાહેબએ પર્યુષણના ૭માં દિવસે પાવન ધામમાં ક્ષમાપના વિશે આપ્યું મનનીય વ્યાખ્યાન

જૂનાગઢ, તા.૧૯

ભવનાથ ખાતે આવેલ પારસધામમાં રાષ્ટ્રસંત નમ્રમુનિ મહારાજ સાહેબના સાનિધ્યમાં પર્યુષણ પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. દરમ્યાન ગુરૂદેવે જણાવ્યું હતું કે તમારા મગજ ને ડમ્પીંગ સ્ટેશન બનાવો નહિ. કચરો મન માં ભરી રાખો નહિ .હાથ માથી છૂટી જાય તો તે બાહ્ય દાન છે પણ હર્દય માથી છૂટી જાય તે ક્ષમાંદાન છે . ભૂત કાળ ને ભૂલ કાળ બનાવી માફ કરો કે માફી માગો.ક્ષમાપાના કરી જે ક્ષમાં આપી શકે તે જ અરિહંત , સિધ્ધ કે આચાર્ય બની શકે. મગજના બે દરવાજા રાખો એક એન્ટ્રીનો ને બીજો એક્સીટ નો.ગુરૂદેવે સુંદર સૂત્ર આપ્યું " ઈસ કાન સે, ઉસ કાન તક,ઔર ચેહેરે પે મુસ્કાન "" આજે ગુરૂદેવના પ્રવચનમાં સુંદર નાટ્ય પ્રસ્તુતિ કરાયેલ. માં-બાપની બાળકને સમય ન આપવાની ઘટનાથી બાળક મોબાઈલનો વ્યાસની બની જાય છે અને મોટી ઉંમરે ગુનાખોરીમાં વળી જાય અને કોર્ટ તેને ફાંસીની સજા ફરમાવે ત્યારે તેને પૂછવામાં આવે છે કે તમારી અંતિમ ઈચ્છા શું છે? ત્યારે તે જણાવે છે કે મારી માને મળવું છે અને જ્યારે તેની માને લાવવામાં આવે છે ત્યારે તે આરોપી માંનું નામ કરડી નાખી કહે છે કે તે જો મને નાનેથી રોક્યો હોત તો આ પરિસ્થિતિ ન આવત. આ રીતે બાળકોમાં મોબાઈલના દુષણોની આ સુંદર નાટ્ય કૃતિ હતી. આ સંવાદો સાંભળી ઓડીયન્સમાં સન્નાટો છવાઈ ગયો. બધાજ આત્મ મંથન કરવા માંડેલ. ફક્ત એક દિવસમાં આ નાટક કૃતિ તૈયાર કરનાર બધાજ કલાકારોને ગુરૂદેવે ખુબજ આશીર્વાદ આપેલ. વ્યાખ્યાન દરમ્યાન વરસાદી માહોલ રહ્યો. જીવદયાના ગુરૂદેવના પ્રકલ્પમાં આજે ૧૪ અબોલ જીવ માટેની એમ્બ્યુલન્સનું દાન આવી ગયું . દેશ વિદેશના ભાવિકોને ગુરૂદેવે આપેલ જીવદયાનો સંદેશ હર્દયમાં ઉતરી ગયેલ અને અબોલ જીવ માટેની ૧૪ એમ્બ્યુલન્સ માટે દાતાઓએ તૈયારી બતાવેલ.

ગુરૂદેવના વ્યાખ્યાનમાં ધર્મના પાયાના જીવદયા ઉપર જણાવી અર્હમ સેવા યુવા ગ્રુપ દ્વારા જે મૂંગા પશુ પક્ષીની સારવાર કરાઈ છે તેની વિડિયો ક્લિપ બતાવેલ. અઠાઈથી ૪૮ ઉપવાસના ગુરૂદેવે જ્યારે પછખાન અપાવ્યા ત્યારે બધાને જાણ થઈ કે ગુરૂદેવની નીશ્રા માં કલ્પનાતીત તપસ્યા થઈ છે. મહાસતીજિની પણ ઘણીજ કઠિન તપસ્યા થઈ છે. ગુરૂદેવના ક્ષમાપના વિશેના પ્રવચનોની સુંદર બુક " સ્પીડ બ્રેકર"નું લોકાર્પણ થયેલ. હૃદય હચમચી જાય તેવા ગુરૂદેવના ક્ષમાપના અંગેના વ્યાખ્યાનમાંથી લીધેલ પંક્તિઓ છે. અતિ નયનરમ્ય પ્રિન્ટિંગ અને ફોટોગ્રાફી સાથેનું પુસ્તકનું વાંચન કદાચ જીવનનું" ટરનીગ પોઈન્ટ બની જસે. તેમાં નેગેટિવિટી દૂર કરી પોઝિટિવિટી લાવવાનો અકસીર ઈલાજ તે પુસ્તકમાં છે. આંખથી વાંચવાને બદલે હર્દયથી વંચાય તેવું ગુરૂદેવના શ્રીમુખે બોલાયેલ શબ્દોનું આ સંકલન છે.

# વેરાવળમાં ગુરૂ ગ્રંથ સાહિબના પ્રકાશ ઉત્સવની થયેલ ઉજવણી





(મીનાક્ષી ભાસ્કર વૈદ્યદ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧૯

વેરાવળમાં સ્થિત સચખંડ ગુરૂ દરબારમાં સમગ્ર વર્ષ દરમ્યાન શીખ સમુદાયના ૧૧ ગુરૂ દેવનાં તમામ ગુરૂપ્રભ ધામધૂમથી ઉજવાય છે પરંતુ આ વર્ષે ભારતના સુપ્રીમ કોર્ટ દ્વારા જીવિત ગુરૂનો દરજ્જો પ્રાપ્ત એવા ગુરૂ ગ્રંથ સાહિબનાં પ્રકાશ ઉત્સવનાં આયોજનમાં વેરાવળ તેમજ પ્રભાસ પાટણમાં આવેલા તમામ ૭ ગુરૂ દરબારનાં ૭ ગુરૂ ગ્રંથ સાહિબ તેમજ ૬૦ જેટલા સેંચી સાહિબની ભવ્ય સવારી સાથે શોભાયાત્રા તેમજ ડીજેનાં તાલ સાથે નગરકીર્તન વેરાવળનાં ગુરૂનાનક ચોક ખાતેથી નીકળી, શ્રીપાલ ચોક, હવેલી ચોક, બિહારીનગર, કરમચંદબાપા ચોક થઈને લિલાશાહ બાગ ખાતે પૂર્ણાહુતિ પહોંચી હતી. જ્યાં સૌપ્રથમ આરતી સ્પર્ધા, જૂનાગઢની મંડળી દ્વારા સત્સંગ તેમજ સમૂહ લંગરપ્રસાદ જેવા ધાર્મિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન ગુરૂનાનક કીર્તન મંડળી દ્વારા કરવામાં આવ્યું હતું. ગુરૂ ગ્રંથ સાહિબની ભવ્ય શોભાયાત્રા રાજમાર્ગ ઉપર નીકળી ત્યારે જુદા જુદા સમુદાય દ્વારા સ્વાગત અભિવાદન કરાયું હતું. શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો આસ્થાભેર જોડાયા હતા.

# સરદાર પટેલ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાની વિદ્યાર્થીની કરાટેમાં જીલ્લા કક્ષાએ પ્રથમ



જૂનાગઢ તા.૧૯

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા આયોજીત જીલ્લાકક્ષાની કરાટે સ્પર્ધામાં ડો.સુભાષ કોલેજમાં યોજવામાં આવી હતી. જેમાં અન્ડર ૧૭થી ૪૫ કિ. વર્ગમાં સરદાર પટેલ માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાની ધો.૯ ની વિદ્યાર્થીની વેકરીયા દર્શી ચંદ્રેશભાઈએ પ્રથમ સ્થાન મેળવી શાળા પરિવારનું ગૌરવ વધારેલ છે. હવે તેઓ રાજયકક્ષાએ રમવા માટે જશે. આ સિધ્ધી મેળવવા બદલ સંસ્થાના ચેરમેન અને મેનેજીંગ ટ્રસ્ટી જે.કે. ઠેસીયા, જો.મેનેજીંગ ટ્રસ્ટી મૃણાલિનીબેન ગોધાણી, સમગ્ર ટ્રસ્ટી ગણ તથા સ્ટાફે વિદ્યાર્થીની તથા તેના પરિવારને શુભેચ્છા પાઠવી હતી.

લોક કલ્યાણ સમિતિ મેંદરડાના માર્ગદર્શન હેઠળ

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે દશ લોકોએ મરણોત્તર દેહદાનનો સંકલ્પ કર્યો

જૂનાગઢ તા. ૧૯

આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો ગત તા.૧૭ સપ્ટેમ્બરના રોજ જન્મદિવસ હતો. જેની ઉજવણી દેશભરમાં તેમના ચાહકો દ્વારા કરવામાં આવી હતી. જે અનુસંધાને લોકકલ્યાણ સમિતિ મેંદરડાના પ્રમુખ ડો.બાલુભાઈ કોરાટ દ્વારા વડાપ્રધાનના જન્મદિવસની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને શુભેચ્છા પાઠવવા સાથે દશ લોકોએ પોતાનું મરણોત્તર દેહદાન આપવાનું જાહેર કર્યુ હતું.

આ પ્રસંગે પોતાનું મરણોત્તર દેહદાન આપવાનું જાહેર કરનાર લોકોમાં મેંદરડાના વિજયભાઈ જાદવભાઈ પાનસુરીયા, રાહુલ મધુભાઈ કોરાટ, વાલભાઈ જીવાભાઈ સરવૈયા, ગીરીશ શામજીભાઈ પરમાર, મનસુખભાઈ પ્રેમજીભાઈ ભાખર, શારદાબેન મનસુખભાઈ ભાખર તથા બાબુભાઈ જીવાભાઈ ભુતીયા, તેમજ ઝીંઝુડાના મિલનભાઈ હંસરાજ સાવલીયા, ગોમતીબેન હંસરાજ સાવલીયા તથા અંબાળાના રવજીભાઈ રૂડાભાઈ મકવાણાનો સમાવેશ થાય છે.

# એસજીએફઆઈ એથ્લેટીકસ દોડ સ્પર્ધામાં તપોવન સ્કુલ દ્વિતીય



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૧૯

તાજેતરમાં રાજકોટ ખાતે યોજાયેલ એસજીએફઆઈ એથ્લેટીકસ જીલ્લા કક્ષાએ દોડ સ્પર્ધામાં તપોવન સ્કુલના વિદ્યાર્થી ધો.૧૦માં અભ્યાસ કરતા પાંભર તેજ એ દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. આ તકે તપોવન સ્કુલે તેને અભિનંદન પાઠવેલ હતા.

# લોઢવા ગામના આહિર અગ્રણી ભગવાનભાઈ વાઘનું દુઃખદ અવસાન



(ભોળા જાદવ દ્વારા)

જૂનાગઢ તા. ૧૯

લોઢવા ગામના આહિર સમાજના પીઢ અગ્રણી તથા વેરાવળ તાલુકા પંચાયતના પુર્વ સદસ્ય ભગવાનભાઈ મેણસીભાઈ વાઘ (ઉ.વ.૯૨)નું તા.૧૭-૯-૨૩ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. તેઓ અનેક સામાજીક તથા ધાર્મિક સંસ્થાઓમાં જોડાયેલા હતા તથા લોઢવા ગામના એક મોટા ખેડુત પણ હતા. કાયમી નિખાલસ ભાવે ગામમાં ધ્યાન આપતા હતા. આમ લોકોમાં ચાહના ધરાવતા હતા. સ્વ.ભગવાનભાઈ તો જાદવભાઈ, દાનાભાઈ, હીરાભાઈ તથા જેસાભાઈના પિતા થતા હતા તેમજ ગોવિંદભાઈ તથા સ્વ.મેરૂભાઈ, સ્વ.ગીગાભાઈ, ડાયાભાઈ તથા નથુભાઈ વાઘના કાકા થતા હતા. સદ્‌ગતનું બેસણું તા.૨૧-૯-૨૩ ને ગુરૂવારના રોજ વેરાવળ-કોડીનાર રોડ ઉપર આવેલ તેમના નિવાસસ્થાને રાખેલ છે.

# • સૌથી પહેલાં ગણેશ પૂજા આવશ્યક •



ભારતીય ભદ્ર સમાજને ધર્મને માર્ગે પ્રવૃત્ત અને સચેત રાખવા નાના - મોટા પર્વો, તહેવારો, ઉત્સવો, સત્સંગ સભાઓ, જયંતીઓની ગોઠવણ ઋતુ, મહિમા, લીલાઓ અનુસાર અને વૈદિક સંસ્કૃતિની પરંપરાગત રીતે ચાલી આવતી હોય છે. એ નિમિત્તે માનવજાતમાં પરસ્પર સહકાર, સદભાવ અને લાગણીઓની આપ - લે જેવા આદર્શગુણો સુદ્રઢ બને છે. આ સપ્તાહની જ વાત કરીએ તો કમ સે કમ નાના - મોટા ૨૩ જેટલા પર્વ, વ્રત, ઉત્સવો છે. જે જે તે સંપ્રદાયના ભાવિક ભક્તો પોતાની ભાવના, શ્રદ્ધા, અને પ્રેમ સાથે અનુકૂળ મુજબ ઉજવશે. આપણી ભારતીય સંસ્કૃતિના ઘણા બધા ધાર્મિક ઉત્સવો પૈકી ગણેશ ચતુર્થીનો ઉત્સવ આવે છે ત્યારે શ્રદ્ધાળુ ભક્તો અતિ ઉત્સાહ સાથે ગણપતિજી મહારાજને શેરી ગલ્લી -ઘરો -મંદિરો -શાળાઓ કે કોલેજોમાં ધામધૂમથી પધરાવી દાદાને અનેક પ્રકારના પૂજા -પાઠ -અર્ચના -આરતી -ધૂન -થાળ -અન્નકૂટ વગેરે સાધનો કરીને ભક્તિ દ્વારા પ્રસન્ન કરીને દાદાની અનુકંપા મેળવે છે. અને પોતાના જીવનને ધન્ય માને છે.

શ્રી વિઘ્નવિનાયક દેવ તો સર્વપૂજનીય અને સર્વમાન્ય દેવ છે. જે માનવ હિન્દુ સંસ્કૃતિના કોઈ દેવી-દેવતાઓને કદાચ ના માનતો હોય એવું બની શકે પરંતુ વિઘ્નહર્તાને તો માને જ તેમાં કોઈ શંકાને સ્થાન નથી. એવા સૌના લાડીલા અને પ્રિયદેવ એટલે ગણપતિજી ભગવાન. ગણેશ ઉત્સવ વિઘ્નહર્તા, સુખકર્તા એવા ગણેશ તત્વના મૂર્તિમય સ્વરૂપના પૂજન, અર્ચન દ્વારા તેઓની બહુમૂલ્યકૃપા પામવાનું પર્વ છે. તેની સાથે અનેક પૌરાણિક કથાઓ, લોકકથાઓ સંકળાયેલી છે. તેમાં એક 'ચૌર ગણપતિ સાધના રહસ્યમ્' છે. નિગ્રહાચાર્યશ્રી ભગવતાનંદ ગુરુના મતે ગણપતિજીના અનેક સ્વરૂપોનું શાસ્ત્રોમાં વર્ણન છે. ઈર્ષાળુ, ચિતવૃતિવાળા, તાંત્રિક, દેવતા કે એવી શક્તિઓ દ્વારા સાધકોના પુણ્ય અને તપોબળનું હરણ કરવા અથવા તેનાથી રક્ષણ મેળવવાની વિધિ 'ચૌર ગણપતિ સાધના' અંતર્ગત આવે છે એટલે કે સમસ્ત કાર્યોના પ્રારંભમાં વિઘ્નો દૂર કરવાના હેતુથી ભગવાન ગણપતિનું પૂજન અવશ્ય કરવું જોઈએ. એવું શિવપુરાણની વિશ્વેશ્વર સહિતા અધ્યાય ૧૮ માં વર્ણન કરવામાં આવ્યું છે.

નારાયણપૂજા, શિવપૂજા, વિષ્ણુપૂજા અથવા શક્તિપૂજા વગેરે તમામ જપ, પૂજાઓ ગણપતિપૂજન વગર કરવામાં આવે તો પૂજાનું જે તેજ છે તેનું ગણપતિજી સ્વયં હરણ કરે છે એટલે કે કોઈ પણ પૂજા પહેલા ગણપતિપૂજન કર્યા પછી જ જે તે ઈષ્ટદેવનું પૂજન કરવામાં આવે તો તેનું ફળ ચોક્કસ પ્રાપ્ત થાય છે. એટલે જ ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન સંત એવા સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીએ જ્યારે સંપ્રદાયમાં ભગવાનની દિવ્ય મહાપૂજાનું પ્રવર્તન કરાવ્યું ત્યારે સૌ પ્રથમ શ્રીગણપતિજી મહારાજની પૂજા વેદોક્તવિધિથી કરી છે અને સૌને કરવાની આજ્ઞા પણ કરી છે આ વાત સર્વ વિદિત છે. એ જ વાત ભગવાન સ્વામિનારાયણે પણ હસ્તલિખિત શિક્ષાપત્રીમાં ગણપતિજી મહારાજને યાદ કરતા કહ્યું છે કે, ગણેશ ચતુર્થીના દિવસે અમારા આશ્રિતોએ ગણેશ ભગવાનની અવશ્ય પૂજા કરવી. બ્રહ્માંડ પુરાણના ઉત્તર ભાગમાં વિઘ્નહર્તાના કુલ ૫૧ નામોનું વર્ણન કરવામાં આવ્યું છે. માત્ર ગણપતિજીના આરાધકો માટે જ નહી પરંતુ શૈવ, વૈષ્ણવ, શાક્ત, રામાનંદી તથા અન્ય તમામ ઈષ્ટદેવને પૂજનારાઓએ પ્રથમ ગણપતિદાદાનું પૂજન કરવું હિતાવહ ગણવામાં આવ્યું છે. ગણપતિપૂજાના મુહૂર્ત વિશે વિચારીએ તો સકામ ભાવથી પૂજા કરવા માટે મુહૂર્ત -નિયમ વગેરેની જરૂર પડે છે. બાકી ગણપતિજી મહારાજ તો સ્વયં મુહૂર્ત જ છે કેમ કે, તે તમામ પ્રકારના વિઘ્નો દૂર કરનારા છે એટલે ગણેશ ઉત્સવમાં ગણપતિ સ્થાપનાના દિવસે આખા દિવસ દરમ્યાન ગમે ત્યારે સ્થાપના કરી શકાય છે. સત્યયુગથી માંડીને આજ સુધી હિન્દુ સંસ્કૃતિના દેવી-દેવતાઓ, ઋષિમુનિઓ અને ભક્તોએ



તેમની ઉપાસના -પૂજન કર્યું હોય તેવા અનેક સ્થાનો છે. ગણેશજીના સ્વતંત્ર મંદિરો ખૂબ ઓછા જોવા મળે છે પરંતુ તમામ મંદિરોથી માંડીને ઘરો, દુકાનો, કંપનીઓ, ધંધાકીય સ્થાનોમાં સુધ્ધા ફોટા, મૂર્તિ વગેરે સ્વરૂપે બિરાજમાન જોવા મળે છે. વિદેશોમાં પણ ભગવાન ગણેશની કોઈને કોઈ રૂપે, નામે આજે પણ ઉપાસના પ્રચલિત છે. 'ગં' ભગવાન ગણેશજીનો બીજ મંત્ર છે અને 'ઓમ ગં ગણપતયે નમઃ' આ મંત્ર ખૂબ જાણીતો છે. અને છેલ્લે પ્રાર્થનાસ્વરુપે ગણપતિજી મહારાજના ચરણોમાં વંદના. વિઘ્નેશ્વરાય વરદાય સુરપ્રિયાય લંબોદરાય સકલાય જગધ્ધિતાય નાગાનનાય શ્રૃતિયજ્ઞ વિભુષિતાય ગૌરીસુતાય ગણનાથ નમો નમસ્તે.

- શાસ્ત્રી જયસ્વરૂપદાસ ગુરૂકુલ, અંકલેશ્વર

# જામ ખંભાળિયા ખાતે શકિતનગર ગ્રામ પંચાયત આયોજિત ચાર દિવસીય લોકમેળાનો શુભારંભ કરાવતા કેબિનેટ મંત્રી મુળુભાઇ






(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૯

ખંભાળીયાના શિરેશ્વર મહાદેવમંદિર શકિતનગર ખાતે ભાદરવા સુદ ત્રીજ રોજ શકિતનગર ગ્રામ પંચાયત આયોજિત લોકમેળાનો પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ કલાઈમેંટ ચેન્જ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા હસ્તે ખુલ્લો મુકાયો હતો.

પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ ઉપસ્થિત લોકોને સંબોધતા જણાવ્યું હતું કે, પ્રાચીન સમયથી મેળાઓ લોકોના મનોરંજનનો ભાગ રહ્યા છે. ખંભાળિયાના શિરેશ્વર મહાદેવ સાનિધ્યમાં યોજાતા મેળામાં આજુબાજુ નાગરિકો ઉમંગથી અહી પધારે છે. જેની સાથે સાથે રોજગારીનું સર્જન થાય છે. આ લોકમેળો નાગરિકો માટે આજીવિકાનું માધ્યમ પણ બને છે.

વધુમાં મંત્રી જણાવ્યું હતુ કે, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં લોકોને મનોરંજન સાથે પ્રાચીન સંસ્કૃતિ વિશે નાગરિકો માહિતગાર થાય તે માટે સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ મેળામાં આવતા લોકો સ્વચ્છતા પર થોડું ધ્યાન રાખી મેળો માણવો જોઈએ. આ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં લોકો વધુ ને વધુ જોડાઈ તેમજ આ લોકડાયરાનો લાભ લેવા અપીલ કરી હતી.

આ તકે જિલ્લા કલેકટર અશોક શર્માએ જણાવ્યું હતું કે, આ લોકમેળો ખંભાળિયા શહેર તથા આજુબાજુના ગ્રામજનો માટે આકર્ષણનો મેળો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના સૌથી મોટા મેળામાં લોકો મનોરંજનની સાથે સાથે સ્વચ્છતા પર પણ ધ્યાન રાખવું જોઈએ તેવી નાગરિકોને અપીલ પણ કરી હતી.

આ મેળામાં દરરોજ અલગ અલગ કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રાખવામાં આવ્યા છે અને ૪ દિવસ આ કાર્યક્રમો યોજાશે.

આ તકે કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી. ધાનાણી, જિલ્લાના ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી, જિલ્લા પંચાયતના સદસ્યો જીતેન્દ્રભાઈ કણઝારિયા, સંજયભાઈ નકુમ અને જગાભાઈ ચાવડા સંગઠનના અગ્રણીઓ પી. એસ. જાડેજા, રસિકભાઈ નકુમ, હરિભાઈ નકુમ, ભરતભાઈ ચાવડા શકિતનગર ગામના સરપંચશ્રી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## પાકિસ્તાન જેલમાં મોતને ભેટેલા

# કોડીનારના નાનાવાડા ગામના માછીમારનો મૃતદેહ ૪૫ દિવસે માદરે વતન પહોંચ્યો

**મૃતદેહ ગામ આવતા પરિવારમાં કાળો કલ્પાંત, ગામમાં શોકનું મોજું ફરી વળ્યું**

**૧૮ માસ પાક જેલમાં બંધ રહ્યા બાદ આખરે મૃતદેહ જ આવ્યો વતન**

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧૯


પાકિસ્તાન જેલમાં વધુ એક ભારતીય માછીમારે દમ તોડયો છે. ગીર સોમનાથ જીલ્લા ના કોડીનાર તાલુકાના નાનાવાડા ગામના જગદીશ ભાઈ મંગળભાઈ બાંભણિયા (ઉ.વ.૩૫) નામના યુવાન માછીમારનું પાકિસ્તાન કરાચીની લાડી જેલમા મોત થતા મૃતદેહ ગઈકાલ માદરે વતન નાનાવાડા લાવવામાં આવ્યો હતો. ૪૫ દિવસ પહેલા આ માછીમારને હાર્ટએટેક આવવાના કારણે મોત થયા હોવાનું જાણવા મળ્યું છે. ફિશરીઝ વિભાગના ડો.પરવેઝ મહીડા (આસિસ્ટન્ટ સુપ્રિટેન્ડન્ટ ઓફ ફિસરીઝ.સી.પોરબંદર) દ્વારા મૃતદેહ નાનાવાડા ગામે તેમના પરિવારને સોંપવામાં આવ્યો છે. જગદીશભાઈ આજથી ૧૮ માસ પહેલા પોરબંદરની મહા કેદારનાથ GJ ૨૫ MM ૫૫૨૪ બોટ સાથે ફિશિંગ કરતા હતા ત્યારે પાક મરીન બોટ સાથે અન્ય ખલાસીઓ પણ ઉઠાવી ગઈ હતી. પરંતુ જગદીશભાઈનું ગત ૬/૮/૨૦૨૩ના રોજ હાર્ટએટેકથી મોત થયું હતું. જગદીશભાઈ ત્રીજી વખત પાક મરીનના હાથે ઝડપાયા છે બે વખત તે મુક્ત થઈ માદરે વતન આવ્યા હતા પરંતુ ત્રીજી વખત તે ફરી પકડાયા હતા અને તે હાલમાંજ ૧૦૦ ભારતીય માછીમારો મુક્ત થવાના છે જેમાં તે પણ મુક્ત થવાના હતા પરંતુ તેનું મોત નિપજ્યું અને ૪૫ દિવસ વીત્યા બાદ તેનો મૃતદેહ માદરે વતન આવતા ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.



અત્રે ઉલ્લેખનીય છે કે મૃતક માછીમાર પરિવાર અને ગામના આગેવાનોએ મૃતદેહ માદરે વતન પહોંચતા સરકારનો આભાર માન્યો. જયારે પરિવારજનોએ સરકારને અપીલ કરી હતી કે હજુ પાકિસ્તાનમાં અનેક માછીમારો જેલમાં બંધ છે જેમાંથી મોટાભાગના ગંભીર બીમારીથી પીડાય રહ્યા છે, જીવન મરણ વચ્ચે જજૂમી રહ્યા છે. ત્યારે આ તમામ માછીમારો વહેલી તકે માદરે વતન સદેહે પહોંચે તે માટે સરકાર યોગ્ય કરે તેવી અપીલ કરવામાં આવી છે.

# દ્વારકામાં એલ.આર. પરિવાર દ્વારા યોજાયેલ ઉભીધામમાં ઓખામંડળ-બારાડી વિસ્તારના રઘુવંશી પરિવારો જોડાયા





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૯

સંતશ્રી જલારામબાપાની અમિદ્રષ્ટિ તથા વડીલોના આશિર્વાદથી ગઈકાલે દ્વારકાના એલ.આર.ગૃપ દ્વારા જુની ગૌશાળા પટાંગણમાં સમસ્ત ઓખામંડળબારાડી વિસ્તારના રઘુવંશી સમાજ માટે ગઈકાલે યોજાયેલી ઉભીધામમાં બહોળી સંખ્યામાં રઘુવંશી પરિવારો ઉમટી પડયા હતા અને સમુહ મહાપ્રસાદીનો લાભ લીધેલ. યજમાન બીપીનભાઈ લક્ષ્મીદાસ પાબારી, પ્રાણજીવનભાઈ લક્ષ્મીદાસ પાબારી, દિનેશ બીપીનભાઈ પાબારી (મુન્નાભાઈ), નિલેશ બીપીનભાઈ પાબારી તથા એલ.આર.ગૃપ (લક્ષ્મીદાસ રામજી પાબારી પરિવાર) દ્વારા થયેલા લોહાણા સમાજના ભવ્યાતિભવ્ય આયોજનને ઓખામંડળ-બારાડી વિસ્તારના સમસ્ત લોહાણા મહાજને બિરદાવેલ છે.

**શ્રીનાથજીની ઝાંખીમાં રાજકોટના કલાવૃંદે સુમધુર સંગીત સાથે ભજનની રમઝટ બોલાવી**

એલ.આર.ગૃપ દ્વારા ભોજન સાથે ભજનનો પણ અદભૂત કાર્યક્રમ રાખવામાં આવેલ. આજના પ્રસંગે શ્રીનાથજીની ઝાંખીનો કાર્યક્રમમાં રાજકોટના ખ્યાતિપ્રાપ્ત કલાવૃંદ દ્વારા શ્રી નાથજીના અવનવા ભજનો સાથે સંગીતના સથવારે પ્રસિધ્ધ કલાકારો દ્વારા ભજનની ભારે રમઝટ બોલાવી હતી. ભજન સંધ્યા નિહાળી ઉપસ્થિત લોહાણા સમાજ ભારે મંત્રમુગ્ધ બની ગયેલ.

# ગુજરાત સમસ્ત મુસ્લીમ ઘાંચી સમાજની કારોબારીમાં અશરફભાઈ થઈમની નિમણુંક : વ્યાપક આવકાર



જૂનાગઢ તા.૧૯ : ગુજરાત સમસ્ત મુસ્લીમ ઘાંચી સમાજની કારોબારી સમીતી દ્વારા જૂનાગઢના સેવાભાવી યુવા આગેવાન અશરફભાઈ થઈમની કારોબારી સમીતીમાં કો.ઓપ્ટ. કારોબારી સભ્ય તરીકે નિમણુંક કરતા જૂનાગઢના વિશાળ મિત્ર વર્તુળ, ઘાંચી સમાજમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. અશરફભાઈ થઈમ નાની વયથી જ સેવા ક્ષેત્રે જોડાયેલા છે અને કોઈપણ સમાજના કામ માટે હંમેશા ખડેપગે રહે છે. ચોવીસ કલાક લોકોની સેવા માટે હાજર રહેનાર અશરફભાઈ થઈમની ગુજરાત સમસ્ત મુસ્લીમ ઘાંચી સમાજની કારોબારી સમીતીમાં નિયુકત થવાની બાબત ગર્વની ક્ષણ હોય હોવાનું તેમનો વિશાળ ચાહકવર્ગ અને મિત્રો જણાવી રહયા છે. હાલમાં અશરફભાઈ થઈમ ઝાલાવડીયા ઘાંચી સમાજ જૂનાગઢનાં પ્રમુખ તેમજ ચોરાસી ઝાલાવડીયા ઘાંચી સમાજના ઉપપ્રમુખ તેમજ જૂનાગઢ ગુડઝ ટ્રાન્સપોર્ટનાં પ્રમુખનો હોદો શોભાવી રહયા છે. તેમની નિમણુંકને વ્યાપક આવકાર મળી રહયો છે.

# દ્વારકા : શારદાપીઠાધીશ્વર જગદગુરૂ શંકરાચાર્ય બ્રહ્મલીન સ્વામીશ્રી સ્વરૂપાનંદ સરસ્વતીજી મહારાજનો જન્મ શતાબ્દી મહોત્સવ ઉલ્લાસપૂર્વક ધામધૂમથી ઉજવાયો





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૯

દ્વારકાશારદાપીઠાધીશ્વર જગદ્ગુરૂ શંકરાચાર્ય બ્રહ્મલીન સ્વામીશ્રી સ્વરૂપાનંદ સરસ્વતીજી મહારાજશ્રી નો જન્મ શતાબ્દી મહોત્સવ ગઈકાલે ખૂબ જ ઉલ્લાસપૂર્વક ધામધૂમથી ઉજવવામાં આવ્યો. જેમાં પૂજ્યપાદ અનંત શ્રીવિભૂષિત દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદ્ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજશ્રી પાવન સાનિધ્યમાં જન્મોત્સવ ભવ્યતા પૂર્વક ઉજવણી કરવામાં આવી. આ પાવન જન્મોત્સવમાં ભગવાન ચંદ્રમૌલીશ્વર મહાદેવ નો રુદ્રાભિષેક, પ્રભુશ્રી દ્વારકાધીશજીની ધ્વજાજીનું પૂજન એવં પૂજયપાદશ્રી જગદ્ગુરૂ શંકરાચાર્યજીનું પાદુકા પૂજન, ગુગ્ગળી જ્ઞાતિ ૫૦૫ સમસ્ત દ્વારા બ્રહ્મભોજન, પ્રભુશ્રી દ્વારકાધીશજી અન્નકુટ ઉત્સવ તેમજ શ્રીશારદાપીઠ વિદ્યાસભા સંચાલિત તમામ શૈક્ષણિક સંસ્થા દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા અનેક વિધ ધાર્મિક ઉત્સવો શ્રીશારદાપીઠ ખાતે સમપન્ન થયા. ઉપરોક્ત કાર્યક્રમમાં સમગ્ર સનાતનધર્માનુરાગી ગુરૂભકત ને સહપરિવાર ઈષ્ટમિત્ર સાથે પધારવા શ્રીશારદાપીઠ પરિવાર દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવેલ હતું.

# શ્રી કેશવ કો ઓપરેટીવી ક્રેડીટ સોસાયટી દ્વારા અભ્યાસ વર્ગ યોજાયો






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

શ્રી કેશવ કો ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી જૂનાગઢના સંચાલક મંડળ તથા ૨૨ શાખાઓની શાખા વિકાસ સમિતિના સભ્યોનો અભ્યાસ વર્ગ તા.૧૭-૯-૨૦૨૩ને રવિવારના રોજ સવારે ૯ થી સાંજે ૫ સુધી કડવા પાટીદાર સમાજ, ધોરાજી ખાતે રાખવામાં આવેલ હતું.

જેમાં ઉદઘાટક તરીકે રાજકોટ જીલ્લા આચાર્ય સંઘના પૂર્વ પ્રમુ જે.જે.વિરાણી તથા અતીથી વિશેષ તરીકે સહકાર ભારતીના રાટ્રીય સહ મહીલા પ્રમુખ સંગીતાબેન ટેડુલકરે ખાસ હાજરી આપેલ હતી. સોસાયટીના સંચાલક મંડળ તથા શાખા વિકાસ સમીતીના સભ્યોને કામગીરીમાં વેગ મળે તે હેતુથી અલગ-અલગ સત્રો દ્વારા વિનોદભાઈ બરોચીયા તથા ડિરેકટરઓએ માર્ગદર્શન આપેલ તેમજ આગામી વર્ષ ૨૩-૨૪ માટે આયોજન કરવામાં આવેલ. અભ્યાસ વર્ગમાં સોસાયટીનાં ચેરમેન રમેશભાઈ સાવલીયા, વાઈસ ચેરમેન હરજીવનભાઈ ઢોલરીયા, એમ.ડી. નરેન્દ્રભાઈ ભુત, જો.એમ.ડી. ચીમનભાઈ ડોબરિયા તથા સ્થાપક ચેરમેન વિનોદભાઈ બરોચીયા સહિત કુલ ૧૫૦થી વધારે સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ અભ્યાસ વર્ગનુ સંચાલન ડીરેકટર ભીખુભાઈ પાંભરે કર્યુ હતું. અભ્યાસ વર્ગને સફળ બનાવવા ધોરાજી શાખા વિકાસ સમિતિના સભ્યો તથા કર્મચારીગણ ભારે જહેમત ઉઠાવી હતી.

# કેશોદ, બાંટવા અને ચોરવાડ પંથકમાં જુગાર દરોડા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ જીલ્લાના કેશોદ, બાંટવા અને ચોરવાડ પંથકમાં પોલીસે જુગાર અંગે દરોડા પાડી અને કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર કેશોદ પોલીસે ગઈકાલે શેરગઢ કૃષ્ણનગર સીમ વિસ્તારમાં રાવતભાઈ બાલુભાઈ સીસોદીયાના કબ્જા ભોગવટાના ખેતરમાં રહેણાંક મકાનમાં જુગાર અંગે દરોડો પાડતા ૧૦ શખ્સોને કુલ રૂા.૬૩ હજારના મુદ્દામાલ સાથે જુગાર રમતા ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત બાંટવા પોલીસે પાજોદ ગામે જુગાર અંગે દરોડા પાડતા જાહેરમાં જુગાર રમતા સાત શખ્સોને રૂા.૨૮૮૦ના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે. આ ઉપરાંત ચોરવાડ પોલીસે ચોરવાડ ગામે ખડાવાડી વિસ્તારમાંથી જાહેરમાં જુગાર રમતા નવ શખ્સોને રૂા.૫૫,૧૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે. જયારે અન્ય એક દરોડામાં ચોરવાડ પોલીસે ખેરા ગામે જુગાર અંગે દરોડો પાડતા છ શખ્સોને જાહેરમાં જુગાર રમતા રૂા.૧૩,૭૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે.

## :: અવસાન નોંધ ::

જૂનાગઢ સોરઠીયા વાણંદ દિનેશભાઈ ગોકળભાઈ રાઠોડ (ઉ. વ.૪૮)તે જેન્તીભાઈ તેમજ કિશોરભાઈના ભાઈ, રાજભાઈના પિતાજી, જયદીપ, ભાર્ગવના કાકાનું તા.૧૮/૯/૨૦૨૩ના રોજ અવસાન થયેલ છે. તેનું ઉઠમણું તા.૨૧/૯/૨૦૨૩ને ગુરૂવારે વાણંદ સોસાયટી ખાતે આવેલ અમરનાથ મંદિર ખાતે સાંજે ૪ થી ૬ રાખેલ છે.

# Aditya-L1 પૃથ્વીને અલવિદા કહીને ૧૫ લાખ કિમીની યાત્રાએ રવાના

નવી દિલ્હી, તા.૧૯

ભારતીય અંતરિક્ષ એજન્સી ઈસરો દ્વારા સૂર્ય પર રિસર્ચ કરવા માટે મોકલવામાં આવેલું આદિત્ય એલ૧ હવે પૃથ્વીની કક્ષામાંથી બહાર નીકળી ગયું છે. આદિત્ય એલ૧ હવે પોતાની યાત્રાના અંતિમ પડાવ માટે નીકળી ચૂક્યું છે. જે પૃથ્વીથી લગભગ ૧૫ લાખ કિલોમીટરના અંતરે છે. એટલે કે આદિત્ય એલ૧ સોમવાર-મંગળવારની મધરાતે લગભગ ૨ વાગે નિર્ધારિત પ્રક્રિયા હેઠળ ધરતીના ગુરુત્વાકર્ષણના પ્રભાવથી આગળ નીકળી ગયું અને પછી પૃથ્વી સૂર્ય પ્રણાલીમાં લેગ્રેન્જ પોઈન્ટ ૧ પર પહોંચવા માટે પોતાની ચાર મહિનાની યાત્રા શરૂ કરી દીધી છે. આ જાણકારી ઈસરોએ ટ્વીટ કરીને આપી છે.

અત્રે જણાવવાનું કે આ લેગ્રેન્જ પોઈન્ટ પૃથ્વીથી લગભગ ૧૫ લાખ કિલોમીટર દૂર છે. અંતરિક્ષ યાન આદિત્ય એલ૧એ પૃથ્વી તરફની ચાર ગતિવિધિઓને સફળતાપૂર્વક પૂરી કરી છે. એકવાર જ્યારે આદિત્ય એલ૧ લેગ્રેન્જ પોઈન્ટ પર પહોંચી જશે ત્યારે તે એક પ્રભામંડળ કક્ષામાં પ્રવેશ કરશે અને પોતાના મિશનના સમયગાળા દરમિયાન તે ત્યાં રહેશે. લેગ્રેન્જ પોઈન્ટ જેનું નામ પ્રસિદ્ધ ઈટાલિયન-ફ્રાન્સિસ ગણિતશાસ્ત્રી જોસેફ લઈ લેગ્રેન્જના નામ પર રખાયું છે.

આદિત્ય એલ૧એ હાલ સાયન્ટિફિક ડેટા ભેગા કરવાનું શરૂ કરી દીધુ છે. ગત ૨ સપ્ટેમ્બરે ઈસરોએ પીએસએલવી-સીપ૭ રોકેટથી આદિત્ય એલ૧નું લોન્ચિંગ કર્યું હતું.

# જૂનાગઢમાં શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ યુવા સંગઠનની બેઠક મળી







(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ જૂનાગઢ પ્રમુખ ધીરૂભાઈ ગોહેલના અધ્યક્ષ સ્થાને શ્યામવાડી જૂનાગઢ ખાતે તા.૧૬-૯-૨૦૨૩ શનિવારના રોજ યુવા સંગઠનની પ્રથમ બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં સમાજના ટ્રસ્ટ્રી, વિભાગીય પ્રમુખ, ઉપપ્રમુખ, સેવા સંસ્થાના ભાઈઓ, શ્યામ મહિલા મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી તેમજ કારોબારી સભ્યો અને બહેનો તેમજ જ્ઞાતિના ભાઈઓ-બહેનો તેમજ કાર્યકર્તાએ ઉસ્તાહ સાથે હાજરી આપેલ હતી. યુવા સંગઠનની પ્રથમ બેઠકમાં યુવા સંગઠન જૂનાગઢના આશિષભાઈ કાચા દ્વારા માઈકનું સંચાલન કરવામાં આવેલ અને યુવા સંગઠનના સહસંસ્થાપક વરૂણભાઈ ચાવડા દ્વારા દરેક આગેવાનો તેમજ મંચસ્થ મેહમાનો તેમજ જ્ઞાતિજનોનું શબ્દો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું અને ત્યારબાદ શ્યામ સંગઠન જૂનાગઢના સંસ્થાપક વિવેકભાઈ ધીરૂભાઈ ગોહેલ દ્વારા યુવા સંગઠન દ્વારા વર્ષોથી થતા કાર્યોની જાણ સમાજને આપવામાં આવેલ હતી. ત્યારબાદ મંત્રી દિનેશભાઈ કાચા, જે.કે ચાવડા, કિશોરભાઈ ચોટલીયા તેમજ જ્ઞાતિના વક્તાઓ દ્વારા યુવા સંગઠનને માર્ગદર્શન આપવામાં આવેલ હતું. તેમજ શ્યામ મહિલા મંડળના કંચનબેન ચૌહાણ તેમજ જીગ્નાબેન ચોટલીયા દ્વારા પોતાનું વકતવ્ય આપવામાં આવેલ હતું. યુવા સંગઠનના સંસ્થાપક વિવેકભાઈ ગોહેલ તેમજ સહસંસ્થાપક વરૂણભાઈ ચાવડા દ્વારા જૂનાગઢ શ્યામ યુવા સંગઠનના પ્રથમ પ્રમુખ તરીકે મોહિતભાઈ પ્રવીણભાઈ ટાંકની વરણી સર્વાનુમતે કરવામાં આવેલ અને મોહિતભાઈ ટાંકને યુવા સંગઠનના પ્રમુખ તરીકે દરેક લોકોએ સન્માન કરીને વધાવ્યા હતા. શ્યામ યુવા સંગઠનની ટીમ દ્વારા નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. જેમાં આ વર્ષ પણ નવરાત્રી મહોત્સવ-૨૦૨૩નું ગ્રીન સિટી જૂનાગઢ ખાતે કરવામાં આવશે જેની માહિતી યુવા સંગઠનના સંસ્થાપક વિવેકભાઈ ગોહેલ દ્વારા આપવામાં આવેલ હતી. સમગ્ર કાર્યક્રમ ખુબ જ સરસ રીતે પૂર્ણ થયેલ યુવા સંગઠનના અને જૂનાગઢ સમાજના દાતા





હરદેવભાઈ પરમાર દ્વારા આભારવિધિ કરીને કાર્યક્રમને પૂર્ણ જાહેર કરેલ અને હવે શ્યામ યુવા સંગઠનને પ્રમુખ મોહિતભાઈ ટાંકના નેજા હેઠળ સમગ્ર સંગઠનના સભ્યોની વરણી કરવામાં આવશે તેમ એક યાદીમાં જણાવેલ હતું.

માનદ જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ,જૂનાગઢ જિલ્લાની જગ્યા ભરવાની થતી હોય આ અંગે રસ ધરાવતા નાગરીકોને જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ કચેરી,એમ.જી.રોડ,જુના બસ સ્ટેશન સામે જુનાગઢ ના સરનામે તા.૨૫/૦૯/૨૦૨૩ સુધીમા સંપૂર્ણ બાયોડેટા સાથે સ્વયં સ્પષ્ટ અરજી આધાર પુરાવા સાથે મોકલી આપવાની રહેશે.આ અંગેની વધુ માહિતી હોમગાર્ડઝની વેબસાઇટ homeguards.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે.

માહિતી/જૂના/૬૧૯/૨૦૨૩

# જૂનાગઢની જનતા રામભરોસે..?

## છેલ્લા કેટલાય સમયથી સંબંધીત તંત્ર દ્વારા સુરક્ષા જનક પગલા ભરવામાં કરવામાં આવતી બેદરકારી સામે ભારે લોકરોષ

જૂનાગઢતા. ૧૯

ગુજરાત રાજયનું અતિ મહત્વનું શહેર આજે જૂનાગઢ ગણાય છે. આ શહેર અને આસપાસના વિસ્તારો તેમજ ધાર્મિક સ્થળોને લઈને પ્રવાસાન જનતાને પણ અહીં આવવાનું વારંવાર મન થાય તેવું લાગી રહયું છે. જો કે, શિવરાત્રીનો મેળો, પરીક્રમાનો મેળો, દાતાર બાપુનો ઉર્ષ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો દરમ્યાન તો દુર દુરથી ભાવિકો અને સેવકો જૂનાગઢ આવતા હોય છે. અને પ્રવાસી જનતાના આગમનને કારણે જૂનાગઢ શહેર અને જીલ્લામાં પણ મોંઘેરા મહેમાનોના આગતા સ્વાગત્તાના કારણે ધંધા-રોજગાર પણ ચાલતા હોય છે અને શક્તિ પ્રમાણે સૌને રોજગારી મળી રહી છે. આ થઈ જૂનાગઢ શહેર અને જીલ્લાની વાત. આ ઉપરાંત જૂનાગઢ શહેરના ફરવા લાયક સ્થળોએ પણ પ્રવાસન જનાતા તહેવારો દરમ્યાન તેમજ વેકેશન દરમ્યાન ઉમટી પડતી હોય છે. અને આગામી દિપાવલી અને નૂતન વર્ષના તહેવારોમાં પણ આ શહેરમાં અને આસપાસના ફરવા લાયક સ્થળોએ પ્રવાસન જનતા ઉમટી પડનાર છે. પરંતુ સૌથી વિચિત્ર પ્રશ્ન જોઈએ તો ખાટલે મોટી ખોટ એ છે કે અહીંના નણાણીયા નેતાઓ, કહેવાતા નગર સેવકો કે પ્રજાના લોકસેવકો કોઈપણ જાતની અસરકારક ભૂમિકા નિભાવી શકતા નથી અને જેને કારણે જૂનાગઢવાસીઓનું જીવન રામભરોસે હોય તેમ કહેવું જરાપણ અતિશયોક્તિ નથી. સંતો, દેવ-દેવીઓ તેમજ પીર પૈયગમ્બર અને વિવિધ સંપ્રદાયના ધર્મગુરૂઓના આશીર્વાદ તેમજ ગિરનારજી મહારાજ, અંબાજી માતાજી અને ગુરૂ દત્તાત્રેય ભગવાનના આશીર્વાદ થકી આ શહેર આબાદ રહયું છે. પાછલા બે દાયકાના ઈતિહાસમાં જોઈએ તો જૂનાગઢ મહાનગરપાલિકા બન્યા બાદ જૂનાગઢવાસીઓને પ્રાથમિક જરૂરીયાતની સુવિધા પુરી પાડી શકતા નથી. તો બીજીતરફ મનપાના કે જીલ્લા વહીવટી તંત્રના નેતાઓ, પદાધિકારીઓની કદમપોશી કરવામાંથી કે તેમની વાહ-વાહ કરવામાંથી કેટલાક લોકો વધારે પડતી સલામો ઠોકયે જાય છે અને જેને લઈને પણ અસરકારક કામગીરી થતી ન હોવાની વ્યાપક ફરીયાદો સર્વત્ર ઉઠવા પામેલ છે. બિપોરજોય વાવાઝોડાનો ખતરો જૂનાગઢ શહેર અને જીલ્લામાંથી કોઈ ઓલીયાના કે સંતોના આશીર્વાદ સાથે દુર થયો હતો અને ત્યાંજ ૨૦મી જુને જૂનાગઢ શહેરમાં જળહોનારત સર્જાઈ હતી. અને આ જળ હોનારતમાં મોટી નુકશાની પહોંચી છે અને એક જર્જરીત બિલ્ડીંગ ધરાશયી થતા એક પરિવારનો આખો માળો વિંખાઈ ગયો હતો. અનો જૂનાગઢવાસીઓએ જળ હોનારતમાં અનેક ગણું ગુમાવ્યું છે. આ વાતને ઘણો સમય થયો છે. એટલું જ નહીં જળ હોનારત કોના કારણે થઈ અને કોની ભૂલને કારણે જૂનાગઢની જનતાને ભોગવવાનું આવ્યું તે અંગેના લેખાજોખા માટે તપાસ તેમજ સર્વે કરવા જેવી કામગીરી હાથ ધરાઈ. પરંતુ આ જળહોનારતની ઘટના બાદ કોઈપણ જાતનો બોધપાઠ લેવાને બદલે નેતાઓ ફોટો સેશન અને હારતોરામાંથી ઉંચા આવતા નથી. અને ત્યાં જ ગઈકાલે ફરી એકવાર જૂનાગઢ અને આસપાસના વિસ્તારોમાં મેઘરાજા અનરાધારા વરસ્યા અને છેક ત્યાં સુધી કે જૂનાગઢ માટે ભયરૂપ બની ગયેલા કાળવાનો વોંકળો અને આલ્ફા સ્કુલ પાસેનો વોંકળો છલકાઈ ઉઠયો. જો વધારે સમય વરસાદ યથાવત રહયો હોત તો ફરી એકવાર જૂનાગઢ વાસીઓને નુકશાન થવાની સંભાવના વ્યકત થઈ રહી છે. અનેક સોસાયટી અને વિસ્તારોમાં ફરી એકવાર પુરનું પાણી ફરી વળે તેવો સિનરીયો ઉઠયો હતો. અને લોકોના જીવન પડીકે બંધાઈ ગયા હતા. પરંતુ 'રામ રાખે તેને કોણ ચાખે' તેવી કહેવત ચરીતાર્થ થઈ છે. અને વરસાદનું જોર ધીમું પડતા લોકોએ નિરાંતનો દમ લીધો હતો. હાલ પુરતી તો પુર અને વરસાદની આફત ટળી ગઈ છે પરંતુ ભવિષ્યમાં કોઈપણ જાતની દુર્ઘટના સર્જાય તે પહેલા જ પાણી પહેલા પાળ બાંધવા સંબંધીત તંત્રએ નકકર કાર્યવાહી કરવી પડશે તેવી માંગણી ઉઠવા પામી છે.

## જૂનાગઢ શહેરના ખરાબ રસ્તાનું એક દ્રશ્ય : સમસ્યામાંથી છુટકારો થતો નથી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ શહેરનો જાણે કોઈના પાપે અને સત્તાધિશોની અપઆવડતના પરિણામે જાણે કોઈએ શ્રાપ આપ્યો હોય તેમ આ શહેરના વિવિધ રસ્તાઓ, સોસાયટી, મોહલાઓની હાલત કયારે પણ સુધરી નથી. આજે સૌરાષ્ટ્ર ભૂમિ અખબારનો શહેરના રસ્તાઓની કેવી હાલત છે તે અંગેની કેટલીક તસ્વીરો પ્રાપ્ત થઈ છે જે અત્રે પ્રસ્તુત





કરવામાં આવી છે.

જૂનાગઢ શહેરના ટ્રાફિકથી ધમધમતા વણઝારી વિસ્તાર, નવા નાગરવાડા વિસ્તારના કેમેરામાં કેદ થયેલા આ દ્રશ્યો છે.

જેમાં ચોખ્ખું જણાઈ આવે છે કે આ વિસ્તારની શેરીઓ, ગલીઓની રસ્તાની હાલત કેવી ખરાબ છે. વાહન પસાર કરવું કે પગપાળા જવું કેટલું દુષ્કર બની ગયું છે તે આ દ્રશ્યો ઉપરથી સમજાય જાય તેમ છે. સત્તાધિશોએ આ વિસ્તારની મુલાકાત લઈ રસ્તાની કાયાપલટ માટે નક્કર કામગીરી કરવાની માંગણી ઉઠી છે.

## જૂનાગઢ જીલ્લામાં સવારથી જ મેઘાવી માહોલ વચ્ચે વરસાદના ઝાપટા

**સવારથી જ વાદળછાયા વાતાવરણ વચ્ચે વરાપ પરંતુ વરસાદ ગમે ત્યારે તુટી પડવાની આગાહી**





(પ્રતિનિધિદ્વારા)

જૂનાગઢતા.૧૯

જૂનાગઢ સહિત જીલ્લાના વિવિધ તાલુકામાં રવિવારની રાત્રીના એક વાગ્યાથી અને સોમવારે એટલે ગઈકાલે બપોર સુધી વરસાદ અનરાધાર વરસ્યો છે અને ફરી એકવાર સર્વત્ર પાણીપાણી કરી દેવામાં આવેલ હતું. ગઈકાલે બપોર સુધી ભારે અનરાધાર વર્ષા વરસતા જૂનાગઢ જીલ્લાના વિવિધ તાલુકામાં સારો એવો વરસાદ પડયો હતો. આજે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાક દરમ્યાન સત્તાવાર રીતે પ્રાપ્ત થયેલા આંકડા અનુસાર માણાવદર દોઢ ઈંચ, વંથલી ૬ ઈંચ, જૂનાગઢ ગ્રામ્ય અને સિટી વિસ્તારમાં ૪ ઈંચ, ભેંસાણ પોણા ત્રણ ઈંચ, વિસાવદર ૧૨ ઈંચ, મેંદરડા ૮ ઈંચ, કેશોદ ૧ ઈંચ, માંગરોળ ૨ ઈંચ, માળીયા હાટીના સાડા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે. આજે મેઘાવી માહોલ વચ્ચે વરસાદી ઝાપટા પડી રહયા છે.

જોકે, આજના દિવસ માટે કેટલાક વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદ પડવાની શકયતા જોવા મળી રહી છે. દરમ્યાન ગઈકાલે પડેલા અનરાધાર વરસાદના કારણે જૂનાગઢ શહેરમાં અનેક વિસ્તારોમાં જળહોનારતની શકયતા જોવા મળી હતી અને એકતકે તો લોકોના જીવ પણ પડીકે બંધાયા હતા. જૂનાગઢના કાળવાનો વોકળો, રાયજીબાગ નજીકનો વોકળો તેમજ ઝાંઝરડા રોડ ઉપર આવેલો અંડરબ્રિજ બે કાંઠે થયો હતો. જલારામ સોસાયટી, રાયજીબાગ, દુર્વેશનગર સહિતના વિસ્તારોમાં પાણીનું પુર પ્રસરી જાય તેવી નોબત આવી હતી.

દરમ્યાન લાંબી મથામણ બાદ નરસિંહ મહેતા સરોવરમાં પાણી છોડવાનો નિર્ણય લીધો હતો અને ત્યારબાદ આ પાણી તળાવમાં રહ્યું ન હતું અને બધુ પાણી દ્વારકાધીશ માર્કેટ નીચેથી સાવ સાંકડા વોકળામાંથી પસાર થઈ અને અલ્કાપુર અને ત્યાંથી ઝાંઝરડા રોડ અંડરબ્રિજમાં પાણી ભરાયું હતું અને થોડીવારમાં જ તળાવનું પાણી અલ્કાપુરી માર્ગ ઉપર નદીના ભારે પ્રવાહની વહેવા લાગ્યું હતું. જેના પરિણામે અંડરબ્રિજ અને અલ્કાપુરી માર્ગ બંધ થયો હતો. વાહનો ગિરિરાજ સોસાયટી તરફ ફંટાતા ટ્રાફીક જામ થયો હતો. આ દરમ્યાન ઝાંઝરડા રોડ ગરનાળા પાસે એક ખાનગી કોલેજની બસ ચાર કલાક સુધી ફસાઈ ગઈ હતી. અતિસય વરસાદને કારણે દર વખતે નદીઓના અને વોકળાના પુર જૂનાગઢ શહેરમાં ફરી વળતા ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થાય છે ત્યારે સત્તાધીશોની બેજવાબદારભરી અણઆવડત જવાબદાર હોવાનું બહાર આવેલ છે ત્યારે લોકોનો રોષ પણ ફાટી નીકળ્યો છે.

### વિઘ્નહર્તા દેવ અને રિધ્ધીસિધ્ધીના દાતા

## ભગવાન ગણેશજીની સવારી આવી પહોંચી ગણેશજીના મંદિરોમાં ભાવિકોની દર્શનાર્થે ભીડ

### જૂનાગઢમાં ઠેર-ઠેર ગણપતિ ઉત્સવની ઉજવણીનો માહોલ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૧૯

આજે અંગારકી ચોથ અને સાથે ગણેશ ચતુર્થીનો પાવનકારી પર્વ હોય અને શુભ સહયોગ સર્જાયો છે. ત્યારે આજથી જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં ગણપતિ ઉત્સવનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. આજે જયોતિષની દ્રષ્ટીએ ઉત્તમયોગ સર્જાયો છે. જેમાં રવિ યોગની સાથે સર્વાથે સિધ્ધી યોગ રચાયો છે અને બપોરે ૧:૪૩ વાગ્યા સુધી જ ચોથ હોવાથી આજે ભગવાન ગણેશજીનું ત્યાર પહેલા જ સ્થાપન કરી અને વિધીવત રીતે





ગણપતિ ઉત્સવનો પ્રારંભ થયો છે. ભગવાન ગણેશજીનું સ્થાન સર્વે દેવોમાં આગવું અને અનેરૂ છે. રિધ્ધીસિધ્ધીના દાતા અનો વિઘ્નહર્તા દેવ તરીકે ભગવાન ગણેશજીની પૂજા-અર્ચના કરવામાં આવે છે. કોઈપણ શુભ કાર્ય હોય તો શરૂઆતમાં પ્રથમ ભગવાન ગણેશજીની પૂજા કરવામાં આવે છે અને શુભ કાર્ય થતા હોય છે. આજે ગણેશચતુર્થી નિમિતે ભગવાન ગણેશજીના મંદિરોમાં ભાવિકો ઉમટી પડયા છે અને ઘરે-ઘરે પણ ભગવાન ગણેશજીને ચુરમાના લાડુનો પ્રસાદ ધરાવી ગણેશજીની પૂજા-અર્ચના કરવામાં આવી રહી છે. (તસ્વીર : જયેશ મહેતા)

## જૂનાગઢના જેનેલી શોપીંગ સેન્ટરમાં આવેલ રવેશ ઉપરથી પડી જતા સારવાર દરમ્યાન મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢતા.૧૯

જૂનાગઢ શહેરમાં આવેલ જેનેલી શોપીંગ સેન્ટરમાં આવેલ રવેશ ઉપરથી પહેલા માળેથી ચક્કર આવતા પડી જતા જોરૂભા માનસિંહ ચૌહાણ (ઉ.વ.૬૦)ને સારવાર માટે સરકારી હોસ્પિટલ જૂનાગઢ ખાતે દાખલ કરવામાં આવેલ. જયાં સારવાર દરમ્યાન ફરજ ઉપરના ડોકટરે તેમને મૃતપાય જાહેર કરતા એ ડીવીઝન પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

વિસાવદર: દુઃખાવાથી કંટાળી એસિડ પી જતા મૃત્યું

વિસાવદરના જીવાપરા વિસ્તારમાં રહેતા રેખાબેન મગનભાઈ ભેંસાણીયા (ઉ.વ.૪૦)ને હાથ-પગના સાંધા તથા કમર તથા માથાનો દુઃખાવો હોય અને શરીરે દુઃખથતું હોય જેથી કંટાળી પોતાની મેળે રહેણાંક મકાને એસિડ પી જતા તેમનું મૃત્યું થયું છે.

## જૂનાગઢ : આનંદ ડાયઝ ઈન્ડસ્ટ્રીજ પ્રા.લી. નામના બંધ કારખાનામાંથી રૂા. ૨૭,૫૦૦ની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢતા.૧૯

જૂનાગઢ દોલતપરા ઈવીએમ વેર હાઉસની બાજુમાં દક્ષીણે આવેલ આનંદ ડાયઝ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લીમીટેડ નામના બંધ કારખાનામાંથી ચોરી થયાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે કનકસિંહ નાવલસિંહ જેઠવા દરબાર (ઉ.વ.૫૬) રહે.સી-૬, વિવેકાનંદસોસાયટી, માહીડેરી પાસેવાળાએ અજાણ્યા ચોર શખ્સ સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના કોઈ અજાણ્યા ચોર ઈસમ સરકાર હસ્તની જૂનાગઢ શહેરના સર્વે નંબર ૪૨ પૈકી એ.૧-૦૯ ગુઠા વાળી જમીનમાં આવેલ આનંદ ડાયઝ ઈન્ડસ્ટ્રીજ પ્રા.લી. નામના બંધ કારખાનાનો મુખ્ય દરવાજો મીજાગરા સાથે આશરે કિ.રૂા.૫૦૦૦ તથા કારખાનાના બિલ્ડીંગમાં રહેલ બારીઓમાંથી આશરે ૩૫ જુનવાણી ફ્રેમ સાથેની બારીઓ જેની આશરે કિ.રૂા.૧૭,૫૦૦ તથા બિલ્ડીંગમાં રહેલ દરવાજાઓમાંથી કુલ-૧૦ જુવાણી બારસાંખ સાથેના દરવાજા જેની આશરે કિ.રૂા.૫૦૦૦ મળી કુલ કિ.રૂા.૨૭,૫૦૦ની ચોરી કરી લઈ જઈ તેમજ કારખાનાની પુર્વ દિશાએ આવેલ દિવાલમાં આશરે ૨૫ થી ૩૦ ફુટ જેટલી કંપાઉન્ડ દિવાલ તોડી નુકશાની કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા એ ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢ તાલુકાના વાલાસીમડી જુના ગામમાંથી રહેણાંક મકાનમાં ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ તાલુકાના વાલાસીમડી જુના ગામમાં ચોરીનો બનાવ બનવા પામેલ છે. આ અંગે ભુપતભાઈ ઉર્ફે બોઘો મગનભાઈ સુરેલા (ઉ.વ ૩૫)એ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદીના મકાનમાંથી રોકડ રૂપીયા ૩૭ હજાર તથા સોનાના દાગીના, કાનમાં પહેરવાની બુંટી બે, સળઈ બે મળી કુલ રૂા.૮૭ હજારની મત્તાની કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી ગયો છે. મકાનનું જાળીયું કાઢી અને ઘરની અંદર પ્રવેશ કરી ચોરે ચોરી કરી હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા તાલુકા પોલીસે તપાસની કામગીરી હાથ ધરી છે.

## માણવદરમાં મહિલા તણાઈ !

માણાવદર તા. ૧૯ : માણાવદર પંથકમાં ૨ થી ૩ ઈંચ વરસાદ પડતાં મુરઝાતી મૌલાત માટે ફાયદો થશે. જયારે બીજી બાજુ ઉપવાસનાં ભારે વરસાદનાં કારણે કોયાલાણા તરફ આવેલ ઓઝત નદીમાં પુર આવતાં કોયલાણા ગામના રાણીબેન કારાભાઈ ઘોડાદરા વાડીએથી ગામ તરફ આવતા હતા ત્યારે અચાનક પુરનું પાણી આવતા તણાઈ જતાં માણાવદરનાં ટીડીઓ, પીએસઆઈ બારોટ, અરવિંદભાઈ સહિતના ઘટના સ્થળે પહોંચી જઈ બચાવની કામગીરી હાથ ધરી છે.



ઓપરેશનો મફત... ઓપરેશનો મફત.. ઓપરેશનો મફત

● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

હરિ-કલા+ યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :

● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરંટીથી નાબૂદ થશે

● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,

મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ: હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ

મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪





નવરાત્રી મહોત્સવ મનાવો ટાઉનહોલનાં ગ્રાઉન્ડમાં

● શુંઆપ નવરાત્રી મહોત્સવ માટે પાર્ટીપ્લોટ કે મેદાન રાખવાનું વિચારી રહયા છો?

● શું આપ સર્વજ્ઞાતિય નવરાત્રી મહોત્સવનાં આયોજન માટે વિચારી રહયા છો?

● શું આપ એક દિવી - બે દિવસ અથવા ૧૦ દિવસ માટે ગ્રુપમાં દાંડીયા રાસનાં આયોજનનું વિચારી રહયા છો?

તો મુંઝાશો નહી... કારણ કે....

જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલ કાળવા ચોક ખાતે આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલનું ગ્રાઉન્ડ છે જ...

આ ગ્રાઉન્ડ આધુનીક સુવિધાઓથી સજજ છે જેમાં લાઈટ ડેકોરેશન, નામી ઓસ્કેસ્ટ્રા મ્યુઝીકલ પાર્ટી, નામી કલાકારો સાથેની પણ વ્યવસ્થા છે આપને તો માત્ર નવરાત્રી મહોત્સવનું આયોજન જ કરવાનું છે બાકી સંપૂર્ણ સુવિધાથી સજજ છે

વહેલા તે પહેલાનાં ધોરણે

તો આપ રાહ શેની જોઈ રહયા છો ...?

બુકીંગ ચાલુ છે

સંપર્ક : મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧

જૂનાગઢ



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



ૐ નેચર કયોર સેન્ટર

ડો. સી.ડી. ઓઝા

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે

● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા

● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું

● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા

● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી

● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બાસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮

નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨